


# વાર્તામેળો-૮





વાર્તામેળો-૮

## પ્રસ્તાવના

વાર્તાષ્ટમીના મધુરા નામે ઓળખાએલ આપણી આઠમા વર્ષની વાર્તા-મેળો વાર્તા-સ્પર્ધામાં સહર્ષ ભાગ લઈ અમને માતૃભાષાના વિકાસ-કાર્યમાં સહયોગ આપવા બદલ, ભાગ લેનાર શાળાઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓનો આભાર! વાર્તા-સ્પર્ધાનો પ્રચાર અને પ્રસાર આપણે ઈ-માધ્યમથી જ કરીએ છીએ. વાર્તાઓ આપણી વેબસાઈટ www.vartamelo.org પર ઓનલાઈન સ્વીકારીએ છીએ. નવી ટેકનોલોજી અને વેબસાઈટના ઉપયોગથી આપણે ગત વર્ષની જેમ આ વર્ષે પણ સ્પર્ધાના વિજેતાઓ ઉપરાંત દરેક પ્રતિસ્પર્ધીને પણ સ્પર્ધામાં ભાગ લેવા બદલ E-સર્ટીફીકેટ આપ્યું.

આ વર્ષે આપણે વિશ્વકોષ-ભવનના પ્રાંગણમાં ઇનામ વિતરણ સમારંભમાં વાર્તા-મેળો વાર્તા-સ્પર્ધાનાં પ્રતિસ્પર્ધીઓ અને વિજેતાઓનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. માનનીય પદ્મશ્રી કુમારપાળભાઈ, ચંદ્રવદનભાઈ શાહ(CA) અને ડૉ. હસમુખભાઈ શાહ (બાળરોગ નિષ્ણાત)ની હાજરીમાં સભાગૃહમાં જાણે સિતારાઓની આખી આકાશગંગા ઊતરી આવી હતી! વિજેતાઓ ખરેખર નસીબવંત કે આવા સુજ્ઞ સભાવૃન્દની હાજરીમાં તેઓએ ઇનામ મેળવ્યાં.

વાર્તાઓમાં કોપી થોડી ઓછી થાય એટલે આપણે દર વર્ષે એક શબ્દ આપીએ છીએ. આ વર્ષે યુદ્ધનું વાતાવરણ હતું એટલે આપણે ' યુદ્ધ' શબ્દ આપ્યો જે તેમણે વાર્તાના પહેલા ફકરામાં વાપરવાનો હતો. પ્રતિસ્પર્ધીઓએ શબ્દનું અને ભાવનું સરસ રચનાત્મક અર્થ-ઘટન કર્યું છે તેનો આનંદ છે! 'વાર્તાષ્ટમી'માં શિક્ષકો પાસેથી 112 વાર્તાઓ મળી. વાર્તાઓ ગુજરાતના ઘણા જીલ્લાઓ અને શહેરો-ગામોમાંથી મળી. પ્રતિસ્પર્ધીઓનું Normal Distribution અને એટલે વિજેતાઓનું પણ Normal Distribution રહ્યું! વિદ્યાર્થીઓ પાસેથી 516 વાર્તાઓ મળી. વડોદરા, અમદાવાદ, ગાંધીનગર જેવાં શહેરોમાંથી અને અમુક શાળાઓમાંથી વિશેષ contribution રહ્યું અને એટલે વિજેતાઓનું પણ Concentration તે શાળાઓમાં વધું રહ્યું. ઘણી શાળાઓમાં વાર્તા-સ્પર્ધા એક પ્રોજેક્ટ તરીકે વિદ્યાર્થીઓને આપવામાં આવે છે જેથી સ્પર્ધામાં વાર્તાઓની સંખ્યા અને ગુણવત્તા જળવાઈ રહે છે.

આ વર્ષે વિદ્યાર્થીઓ પાસેથી રચનાત્મક શીર્ષકો વાળી વાર્તાઓ મળી. થોડાં શીર્ષકો જોઈએ :

મનુષ્યથી મચ્છરની મુસાફરી, પિઝ્ઝાની મથામણ, બોક્સનું રહસ્ય, કાગવાસ,

AC માસી અને પંખો ભાણો, ચમત્કારી જીવડું, પિંકુની ડબ્બી ડિઝાઈનર પતંગ,

દર વર્ષની જેમ આ વર્ષે પણ મેદાન તો દીકરીઓ જ મારી ગઈ છે. દર વર્ષે આપણે ૩+૫ ઇનામો આપીએ છીએ, આ વખતે આપણે ૩+9 ઇનામો આપ્યાં, 12માંથી માત્ર એક દીકરો! શિક્ષકોમાં રેશીઓ થોડો સુધર્યો છે... ૮ બહેનો સામે ૪ ભાઈઓ છે, પણ પહેલાં ત્રણે ઇનામો તો બહેનો જ મેળવે છે!

છેલ્લું અને આશ્ચર્યજનક છતાં સુખદ તારણ ...... અંગ્રેજી માધ્યમનાં વિદ્યાર્થીઓનું પ્રદર્શન બહુ સરસ રહે છે. આમાં વિદ્યાર્થીઓનું પોતાનું પ્રદાન તો ખરું જ. બે ભાષાઓ જાણવાને લીધે તેમનું વાંચન વધુ હોય તેવું પણ બની શકે. પણ શાળાનાં શિક્ષકોની અને ઘરમાં વાલીઓની જો ગુજરાતી ભાષા માટેની જાગૃતિ ન હોય તો આ શક્ય જ નથી. અંગ્રેજીની સાથે ગુજરાતીના લેખન પર પણ હથોટી જમાવી રાખવા માટે માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, તેમનાં વાલીઓ અને શાળાનાં શિક્ષકો ખૂબખૂબ અભિનંદનને પાત્ર છે!

આખું વર્ષ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાને ગમતી વાર્તાઓ, કવિતાઓ, પ્રસંગો, ચિત્રો, માહિતી વગેરે એક બીજાને શેર કરી શકે, ગમતાનું ગુલાલ કરી શકે, તે માટે આ www.vartamelo.org વેબસાઈટનો ઉપયોગ કરવા આપ સૌને અમારું આમંત્રણ છે. તમારી શાળાની, તમારા ગામ કે શહેરની, નાની-નાની ત્રણ-ચાર મિનિટની વીડિયો બનાવી અમને મોકલશો તો બધી સ્કૂલો તેને જોઈ શકશે. એકબીજાનો પરિચય થશે અને વધશે. વળી આપણો વાર્તા-મેળોનો સંઘ પણ ઘણો આગળ વધશે, એવી અમારી ઈચ્છા છે!

આપણી વેબસાઈટ www.vartamelo.org માટે આપણને સંપૂર્ણ સાથ અને સહકાર આપવા બદલ દ્રષ્ટિ પંડ્યાનો આભાર માનીએ તેટલો ઓછો છે! વાર્તાઓના આકલનના કામમાં મને મદદ કરનાર સ્વેતલ ગજ્જર અને નંદીની ભાવસાર તથા રચનાત્મક ડીઝાઇનના કામ માટે શ્રી દેવપાલ શાહનો આભાર! ઇનામી કૃતિઓની તારવણીના કામમાં સેવા આપવા બદલ ભાષા-તજજ્ઞો શ્રી યશવંતભાઈ મહેતા, શ્રીમતી લતાબહેન હિરાણી તથા શ્રીમતી શ્રદ્ધાબહેન ત્રિવેદીનો આભાર. મારા પતિદેવ શ્રી રાજેશ કિકાણીના સહકારથી જ દર વર્ષે વાર્તામેળો શક્ય બને છે, તેમનો આભાર કેવી રીતે માનું?

દર્શા રાજેશ કિકાણી

# અનુક્રમણિકા

## વિદ્યાર્થીઓની વાર્તાઓ


| નં. | વાર્તાનું નામ | વિદ્યાર્થીનું નામ |
|---|---|---|
| ૧ | વડીલ વંદના | આચાર્ય પ્રાંશી |
| ૨ | મનુષ્યથી મચ્છર | કરીશ રાજપૂત |
| ૩ | પિઝ્ઝાની મથામણ | આયુષી પરમાર |
| ૪ | છેલ્લી શિખામણ | સરલાબહેન પટેલ |
| ૫ | કીડીઓની મહેનત | નિષ્ઠા પટેલ |
| ૬ | બોક્સનું રહસ્ય | શ્રેયા ગોરૈયા |
| ૭ | ઈલોરાની અજબ દુનિયા | હીર પટેલ |
| ૮ | એ.સી.માસી | સુહાના મહેતર |
| ૯ | ચમત્કારિક જીવડું | વિહાના ભટ્ટ |
| ૧૦ | ભોજનનો કાયદો | ઓમશ્રીબા જાડેજા |
| ૧૧ | દુનિયાનું હૃદય | જુઈ ઠકરાર |
| ૧૨ | પિંકુની ડબ્બી | સ્વરાજ રાજ |


## શિક્ષકોની વાર્તાઓ


| નં. | વાર્તાનું નામ | શિક્ષકનું નામ |
|---|---|---|
| ૧ | રાહ | છાયા દવે |
| ૨ | જીવન-એક યુદ્ધ | તૃપ્તિ વાઘેલા |
| ૩ | નીતિ | વંદનાબહેન વાઘેલા |
| ૪ | કલાનું કુરુક્ષેત્ર | હિરેન નથવાણી |
| ૫ | યુદ્ધ | વૈશાલી કાબરિયા |
| ૬ | હૃદયની કરુણતા | પીયુષકુમાર પ્રજાપતિ |
| ૭ | યુદ્ધની ભયાનકતા | જીજ્ઞાસા મિસ્ત્રી |
| ૮ | સ્ત્રી | દીપિકા જાખડ |
| ૯ | ખરતા તારા | જીગ્નેશકુમાર ટંડેલ |
| ૧૦ | માતૃભક્ત | દીપા શાહ |
| ૧૧ | 'પ' પરીનો 'પ' | મહેશકુમાર પરમાર |
| ૧૨ | શ્રદ્ધા એક અતૂટ બંધન | ભૂમિકા તન્ના પોપટ |

# વડીલ વંદના

સુરભિ એ દિવસે પણ કોલેજથી મોડી આવી. છેલ્લાં કેટલાંક દિવસથી એવું થતું હતું કે કોલેજ છૂટ્યા પછી સખીઓ સાથે ગપ્પાં મારવા કે શોપિંગમાં સંગાથ કરવા જતી હશે એમ માનીને મમ્મી કાંઈ પૂછતી નહોતી. દિકરી પર એને પૂરો વિશ્વાસ હતો. એટલે શંકા કરવાનું કારણ નહોતું, છતાં તે ઘરમાં ન આવે ત્યાં સુધી મનમાં વિચારોનું યુદ્ધ ચાલતું રહેતું. એટલે એ દિવસે તો તેણે પૂછી જ નાખ્યું, "બેટા, હમણાં થોડા દિવસથી તું રોજ મોડી આવે છે. કોઈ સખી બિમાર તો નથી ને?"

"ના, મમ્મી. એવું કાંઈ નથી. હમણાં અમે ચાર સખીઓનું એક ગ્રુપ બનાવ્યું છે અને એક સામાજિક પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. હજુ શરૂઆત છે એટલે તને સમજાવવું મુશ્કેલ છે પણ અત્યારે તો ખૂબ જ ખુશ લાગે છે."

"સારું બેટા! મને તારા પર વિશ્વાસ છે." કહી મમ્મી એની સાથે જમવા બેઠી. ત્યાં જ થોડી વારમાં તેની મિત્ર શિલ્પાનો ફોન આવ્યો. "હું જમવા બેઠી છું. જમીને તરત જ નીકળું છું. મને વોટ્સએપ પર સરનામું મોકલી દે." ~~સુ~~ સુરભિએ ઉત્તર આપ્યો અને જમવાનું પતાવીને તરત જ નીકળી ગઈ.

એ ચાર સખીઓ સુરભિ, શિલ્પા, મેઘા અને પ્રિયા કોલેજમાં પહેલા વર્ષથી સાથે હતી અને ખૂબ જ સારી તેમની મિત્રતા હતી. અત્યારે એ લોકો M.A. Sociology ના બીજા વર્ષમાં હતી. પ્રિયાના જન્મદિને કેટલાંક નજીકના સગા સંબંધીઓ અને મિત્રો ભેગા થયા હતા. કેક કાપવાનું પતાવીને જમવાની તૈયારી થઈ. પ્રિયાએ તેની મમ્મીને કહ્યું, "મમ્મી! પહેલાં ખાણું તૈયાર કરી દે. હું દાદાને તેમના રૂમમાં આપી આવું. પછી આપણે જમવાનું શરૂ કરીએ."

ત્યાં સુધી પ્રિયાના મિત્રોને ખબર નહોતી કે તેના દાદા રૂમમાં જમે છે. સામાન્ય રીતે આવા પ્રસંગે જ ઘરના વડીલને ઘરના લોકો સાથે સંવાદનો મોકો મળે છે અને તેનાથી પણ તેમને વંચિત રાખવાનું તેને યોગ્ય ન લાગ્યું. ~~તે~~ સુરભિના

ઘરમાં કોઈ વડીલ નહોતું પણ તેના નાની જ્યારે પણ આવતાં ત્યારે તે લોકો બધા સાથે જમવા બેસતા. તેમના અનુભવોમાંથી ઘણું જાણવા મળતું. સુરભિએ કહ્યું, "ભાભી, આન્ટી! હું દાદાને જમાડી આવું. પ્રિયાને તેનું કામ કરવા દો."

સુરભિ થાળી લઈને દાદાના રૂમમાં ગઈ ત્યારે તે ખુરશી પર બેસીને કંઈક વાંચતાં હતાં. સુરભિને થાળી લઈને આવેલી જોઈને દાદાએ પૂછ્યું, "તું તો પ્રિયાની સખી છે ને? તારે કેમ આવવું પડ્યું?"

"દાદાજી, પ્રિયા રસોડામાં કામમાં હતી અને હું નવરી હતી એટલે મને થયું કે તમને હું જમાડું. એ બહાને તમારી સાથે વાતો અને દોસ્તી કરવાની પણ તક મળશે."

"બહુ આનંદ થયો, બેટા! મને જમાડવાનો અર્થ એ જ ને કે હું જમી લઉં ત્યાં સુધી તું મારી સાથે વાતો કરીશ? આજકાલ સમય જ ક્યાં છે કોઈની પાસે વડીલ સાથે બેસીને વાતો કરવાનો."

દાદાના ચહેરા પરનો આનંદ જોઈને ખૂબ જ સારું લાગ્યું. તેમની તબિયત અને દાંત વગેરેની મર્યાદાને કારણે તેમની થાળીમાં મર્યાદિત વસ્તુઓ હતી. દાદાને તેમની ઉંમર ભૂતકાળ વગેરે પૂછવાની શરૂ કરતા વાતોમાં ક્યાં સમય પસાર થઈ ગયો તે ખબર જ ન રહી.

પછી સુરભિ બહાર ગઈ ત્યારે બધાએ પૂછ્યું કે "આટલી વાર કેમ લાગી? બધા તારી રાહ જોતા હતા. અડધા લોકોએ તો જમી પણ લીધું."

"દાદા સાથે વાતો કરવાની મજા આવી. એમાં સમય ક્યાં પસાર થઈ ગયો તે સમજ જ ના પડી" જવાબ આપતાં આપતાં સુરભિએ જમવાનું પણ શરૂ કરી દીધું. તે ઘરે પહોંચી ત્યાં સુધી તે દાદાનો ખુશખુશાલ ચહેરો ભૂલી ન શકી. બીજા દિવસે તેઓ કૉલેજમાં ભેગા થયા ત્યારે પ્રિયાએ કહ્યું, "દાદા તારી ખબર પૂછતા હતા. કહેતા હતા કે તારી સખી ખૂબ મળતાવડી છે." ત્યારે સુરભિએ

કહ્યું, "એક વાત કહું, મોઢું ના બગાડતી. પણ ઘરના બધાં સાથે જમતા હોય ત્યારે વડીલને પણ સાથે રાખીને જમવાનો આનંદ લેવાને બદલે તમે તેમને અલગ રાખો એ મને સારું ન લાગ્યું તેમના પેટની ભૂખની સાથે સ્વજનોની હૂંફની ભૂખ તો અધૂરી જ રહી જાય છે."

"વાત તો તારી સાચી છે. હું કોલેજ આવું. મમ્મી-પપ્પા એમના કામ પર જાય એટલે આખો દિવસ દાદા ઘરમાં એકલા જ હોય છે. એટલે એમણે પોતે જ એ સગવડ અપનાવી. સાંજે અમે જમવા બેસીએ ત્યારે દાદા અમારી સાથે જ બેસતા હતા પણ એકવાર પગમાં કાંઈ વાગ્યું હતું તેના બહાને તેમણે રૂમમાં જમવાનું શરૂ કર્યું. ત્યારથી એ ટેવ પડી ગઈ. કાલે હું દાદાને કહી દઈશ કે રોજ હું કોલેજથી આવું પછી આપણે સાથે જ જમીશું."

પછી શિલ્પા અને મેઘાએ પણ તેમાં સૂર પૂર્યો. મેઘાએ પણ એના પથારી વશ દાદી સાથે બેસીને જમવાનું નક્કી કર્યું અને આમ શરૂ થયેલી વાતથી ધીરે-ધીરે એક પ્રોજેક્ટનું બી વવાયું.

શિલ્પાએ કહ્યું કે તેના ઘરમાં કોઈ વડીલ નથી પણ તેના પડોશમાં એક વડીલ છે. જે આખો દિવસ એકલા હોય છે અને ક્યારેક એ કામ હોય ત્યારે ફોન કરીને બોલાવે છે. હવેથી હું પણ તેમને રોજ જમતી વખતે કંપની આપીશ.


સુરભિ જ્યારે થોડા દિવસ પછી પ્રિયાના દાદાને મળવા ગઈ ત્યારે તેને જોઈને દાદાને ખૂબ આનંદ થયો. તેણે પ્રિયા અને તેના દાદા સાથે બેસીને ઘણી વાતો કરી. વડીલની વાતોથી એ લોકોને લાગ્યું કે ખરેખર અહીં તો જ્ઞાન અને અનુભવનો અદ્‌ભુત સંગમ હોય છે.

પછી તો જ્યારે આ અંગે વાત નીકળે ત્યારે બધાના અનુભવોનો ખજાનો ખૂલી જાય ને દોઢ-બે કલાક આમ જ નીકળી જાય. બીજા બધાંને જેમ-જેમ જાણ થઈ તેમ-તેમ તે અભિયાનમાં જોડાવવા લાગ્યા. તેમને મજબૂત ટેકો મળી ગયો.

ઘરમાં એકલા વડીલોની સાથે વાતો કરીને તેમના અનુભવોમાંથી શીખવા મળે તે હેતુથી એક સંસ્થા બનાવી.

અભીજ્ઞાણા આદ્રી-પાતળી હોય કે ન હોય, તેવા વડીલોને પણ મળવાનું એક મિશન બનાવ્યું. અને આ પ્રોજેક્ટમાં તેઓ અનેક વૃદ્ધાશ્રમમાં જઈને વડીલોને મળતાં અને તેમની સાથે સમય પસાર કરીને તેમને સમજવાનો પ્રયત્ન કરતાં. આ પ્રોજેક્ટને તેમણે "વડીલ વંદના" નામ આપ્યું.

2



Date
મનુષ્યથી
મચ્છરથી
મહાકાયથી
- 9th
- Vrisha Rajput
- Zebar School for Children

સંતોષ નામનો એક છોકરો તેના માતા-પિતા સાથે અમદાવાદ નામના શહેરમાં રહેતો હતો. તેને હંમેશા પોતાની જાતથી નફરત હતી. તેને એવુ લાગતુ કે મારી પાસે અગર બહુ બધા પૈસા હોત તો કેટલુ સારુ હોત, મોટુ ઘર, બંગલો, ગાડી હોત, તો હું આખો દિવસ મોજ-મસ્તીથી ઐશ-જલસા કરત. "અરે યાર! ભગવાન કમ સે કમ મને એક મચ્છર, માંખી, કે કોઈ જંતુ જ બનાવ્યો હોત તો પણ ચાલત, ના ભણવાની ચિંતા, ના કશુ કરવાની ચિંતા... બસ પૂરે પૂરી સ્વતંત્રતાથી ફરવાનુ... મજાનુ જીવન હોત. આમ એના મનમાં આવા વિચારોનુ યુધ્ધ ચાલતુ જ રહેતુ.

એક સમય ઉનાળાની ઋતુ હતી, દિવસભર ગરમીથી કંટાળીને તે રાત્રે ધાબા પર સૂવા માટે જાય છે. ત્યાં તે આકાશને જોતો હતો અને તારા જોઈને કહેવા લાગ્યો, "આ તારાઓનુ જીવન પણ કેટલુ સારુ છે; એ હંમેશા ચમકતા-ચમકતા જોવા મળે છે. એમણે તો આખો દિવસ કંઈ નહી કરવાનુ." તે એવુ પણ વિચારે છે કે, "બીજા લોકોને પણ ખુબ શાંતિ છે, ખાલી મારુ જીવન જ સારુ નથી. મારા જોડે ના પૈસા છે, ના ખુશી, ના કામ, ના હુ ભણતરમા સારો છું, કે કોઈ કાર્યમાં સારો છું. તો મારુ જીવન શું કામનું?" આમ વિચારતા-વિચારતા એને યાદ આવે છે કે ગઈકાલે તો PTM હતી. એમા પણ બધાજ મને લડતા હતા, તે બધુ યાદ કરતા કરતા તેના ગળે ડૂમો બાઝયો. તેના બધાજ શિક્ષકો એ તેની ફરિયાદ કરી હતી. પરીક્ષામાં તેના માર્ક્સ ઓછાં આવ્યા હતા, તે માટે બધા ગુસ્સો કરતા હતા. "હે ભગવાન! આવુ જીવન તો મારે જીવવુ જ નથી! આના કરતા મરી જવુ વધારે સારું.... આમ વિચારોના યુધ્ધ વચ્ચે સંતોષની આંખ લાગી ગઈ.

Date

હવે સવાર પડી. સૂરજનો તડકો એના ચેહરા પર પડ્યો. અને આંખો તો ખુલતીજ નહોતી. ઉઠાતુજ નહોતુ. એને નિશાળ જવુ તો તદ્દન ગમતુ જ નહોતુ. બહુ પ્રયાસ કરવા છતા પણ તે ઉઠી શક્યો નહી.

હવે તે આજુ-બાજુ જોવે છે તો તે આશ્ચર્યચકિત થઈ ગયો હતો. તેનુ શરીર તો ગાયબ થઈ ગયુ હતુ. તે હેબતાઈ ગયો. એકદમ ચીસો પાડવા લાગ્યો. "અરે આ શું?" તે કહે છે તે મચ્છર બની રહ્યો હતો. તે મચ્છર બની ગયો હતો. તે બહુ ખુશ થઈ ગયો, ખુશીથી નાચી ઉઠ્યો. તેને ખબર પડી કે હવે તેને ન ભણવાનું, ન હોમવર્ક કરવાનું. ખાશ તો નિશાળ નહી જવાનુ, ના શિક્ષકોની કચ-કચ, રોક ટોક, કે ના માતા-પિતાની કોઈ જ મગજમારી; કે ના કોઈ PTM. બસ હવે તો આઝાદી જ આઝાદી.... જ્યા ફરવુ હોય ત્યાં ફરવાનુ, બસ આકાશમાં મસ્ત બની ને ઉડયાજ કરવાનુ.

"હવે તો હુ ખૂબજ ખુશ છુ. હવે મનેતો મધ્યમવર્ગી જીવનથી આઝાદી મળી ગઈ." તે ભગવાનનો ખૂબ આભાર માને છે. એ ફટાફટ આમ-તેમ ચક્કર લગાવવા લાગ્યો.

એ ગુણ.... ગુણ... કરતો ઘરની અંદર ગયો, ખુશીથી નાચતો, ઝૂમતો, ગાતો ફરવા લાગ્યો. તેને તેની ચોપડીઓ જોઈ અને થયુ કે, "હવે તો કંઈજ ભણવાનુ નહિં, બસ આનંદમય જીવન જ મારે તો જીવવાનુ છે." તેને તો બસ હરવાનુ, ફરવાનુ અને મોજથી લોકોનુ લોહી પીવાનુ. "પહેલા તો મારે મારી માઁ નુ જ લોહી પીવું છે." તે આવુ વિચારતો હતો કેમકે તેની માતાએ તેને PTM વખતે ખૂબજ ધીબેટ્યો હતો. આજે મોકો મળ્યો હતો તેનો બદલો લેવાનો. આ તકને તે છોડવા માંગતો ન હતો. આવું વિચારતા તે વિજળીની ગતિએ રસોડામાં પહોંચી ગયો. જેવો એની મમ્મીના હાથ પર કરડવા જાય છે - ત્યાં તો એની મમ્મી ઓલઆઉટ સ્પ્રે લઈને તેને મારવા પાછળ પડી જાય છે. તે તો ઝેરીલી દવાથી જીવ બચાવી ઉભી પૂંછડીયે ભાગી ગયો.

Date

ભાગતા - ભાગતા તો તે જંગલમાં પહોંચી જાય છે. ત્યાં થોડી વાર આમ-તેમ ફરીને તે જંગલના રાજા, સિંહ, પાસે ગયો. અને તેને કહ્યુ, "વાહ! રાજાજી તમારે તો મોજ ને, તમે તો જંગલના રાજા છો, તમારે તો કંઈજ કામ નહિ કરવાનું." ત્યારબાદ સિંહ કહે છે, "કેમ ભાઈ? મારે પણ ભૂખ લાગે તો ખાવાનુ તો શોધવાનું જ ને! આ જંગલના પ્રાણીઓ મારાથી ડરે છે, તો કોઈ સામે આવીને એમ થોડું કહે કે, લો, મારો શિકાર કરી તમારુ પેટ ભરી લો. મારે પણ દોડવુ પડે, ભાગવુ પડે ખૂબજ તેજ, ત્યારે મને મારો શિકાર મળે." આ સાંભળી સંતોષને થયુ કે રાજાને પણ જીવવા માટે મહેનત કરવીજ પડે છે. અને વળી જીવ બચાવવા પણ બચીને રહેવાનું.

તે જંગલમાં આજુ-બાજુ ફરે છે, ગુણ.... ગુણ... કરીને. તે ગરૂડ; જે પક્ષીઓનો રાજા છે; તેની પાસે ગયો. અને પૂછ્યું, "ગરૂડ રાજા મજામા છો? તમારે તો ખુબજ સારુ, આખો દિવસ આકાશમાં ઉડ્યા કરવાનું." તો ગરૂડ કહે છે, "કેમ મારે પણ શિકાર કરવા માટે મારી નજરથી આકાશમાંથી શિકાર શોધીને એને પકડવા ખૂબજ અભ્યાસ કરી, અથાગ મહેનત કરીને પૃથ્વી પર જવુ પડે છે." આ માટે મચ્છર કહે છે, "ઓ બાપરે!" તે કહે છે, "આમને પણ મહેનત તો કરવીજ પડે છે. તેમને પણ શાંતિ નથી જ."

ત્યા તો તેને જોયુ જંગલમા બધા શિકારીઓ બંદુક લઈને પ્રાણીઓ અને પક્ષીઓને મારવા આવ્યા હતા. બધા પ્રાણીઓ અને પક્ષીઓ જીવ બચાવવા આમ-તેમ ભાગતા જોવે છે. તે પણ જોર-જોરથી પાંખો ફડફડાઈને ઉડવા લાગ્યો. ત્યાં તો એને જોયુ કે એક સસ્લાને તો તેને પકડી લીધુ, ત્યાંથી આગળ જોયુ કે એક શિકારીએ હરણને ગોળી મારી દીધી હતી. "ઓ ભાઈ!!! શું ગોળીનો ભયાનક અવાજ હતો. મારા તો કાનના પરદા ફાટી ગયા!" તેને જોયુ કે પ્રાણીઓ જીવ બચાવવા ચીસાચીસ કરી રહ્યા હતા. અને ભાગભાગ કરી

Date

રહ્યા હતા.

ગુણ......ગુણ... કરતા હવે; ઉડતા- ઉડતા તે ખૂબજ થાકી ગયો હતો. અને ખૂબ ભૂખ લાગી એ કારણસર તે ઝૂંપડા જેવા ઘર આગળ ઉભો રહ્યો. જ્યા ખૂબજ ગંદકી હતી, નાળામાંથી ગટરનું પાણી ઉભરાતુ હતુ, દુંગધ આપતી હતી, જ્યા જોવે ત્યા કચરો જ કચરો. મચ્છરને લાગ્યુ કે, "વાહ! અંહી તો મને ખૂબજ ખાવાનુ મળશે." ત્યારબાદ તે ઝૂંપડાની અંદર ગયો.

ત્યાંનું દ્રશ્ય જોઈને તે અવાક રહી ગયો હતો, તેના પગ નીચેથી જમીન ખસી ગઈ હોય એવુ દ્રશ્ય જોયુ. ત્યા ગરીબ બાળક ભૂખથી ટળવળતુ હતુ. ઘરમાં કશું જ ખાવા-પીવાનુ નહોતુ; કે આવી કળ-કળતી ઠંડીમાં નહોતુ ઓઢવા માટે કંઇ, કે પાથરવા માટે રજાઈ.

સંતોષ ત્યાં બેઠેલી લક્ષ્મી નામની છોકરીને જોઈ અને પૂછ્યું, "તમે કેમ અંહી રહો છો? શું તમારી પાસે ઘરમાં કંશુજ જમવાનુ નથી?" તો લક્ષ્મી એ જવાબ આપતા કહ્યું કે, "મારા માતા-પિતા નથી. હું તો અહી જે કચરા પેટી છે એમાથી મળી આવી છુ. હું બસ ભીખ માંગીને મારું પેટ ભરુ છુ. બે દિવસથી તાવ આવતો હોવાથી નથી ભીખ માંગી શકી કે કાંઈ નથી કોઈ મજુરી કરી શકી. તો ખાવાના પૈસા તો ક્યાંથી હોય? નથી મારી પાસે ચાર પાકી દિવાલ વાળુ ઘર. અહી તો ઠંડી, ગરમી, ખાસતો વરસાદમાં ખુબ હાલત ખરાબ થઈ જાય છે. ઉપર છત કાંણી છે. તેમાંથી પાણી ટપક્યાં કરે છે. જીવનની આવી ખરી હાલત અને ગંદકી ભર્યુ જીવન છે; શરીરમાં તાવની પીડા ઓછી કરવા દવા પણ નથી." મચ્છરે લક્ષ્મીને કહ્યું, "તારૂ જીવન ખૂબજ તકલીફ ભર્યું છે." લક્ષ્મીએ સંતોષને કહ્યું; "કાંશ..... મારી પાસે માતા-પિતા, ભાઈ-બહેન હોત...હું અનાથ ના હોત....

Shipra

Date

માતા-પિતા હોત તો મને ભણવા નિશાળમા મોકલી હોત, ત્યા શિક્ષકો મને સારૂ ભણાવત અને હું ભણી-ગણીને બહુ પ્રસિદ્ધ માણસ બનત." આટલુ બોલતા-બોલતા તેના ગળે ડૂમો બાઝયો.

આ બધુ જોયા પછી સંતોષને સમજાયું કે મારી પાસે તો માતા-પિતા છે. જે મને ખૂબજ પ્રેમ કરે છે. મને ભણાવા સારી નિશાળમા મોકલે છે. જ્યા ખુબજ સારા શિક્ષકો છે. જે મને ભણાવા માટે ખૂબજ મહેનત કરે છે. એને નિશ્ચય કરી લીધો હતો કે તે ખૂબજ મહેનત કરશે. અને, ભણી-ગણીને બહુ સફળ ડૉક્ટર, કલેક્ટર કે બનશે. મારૂ જીવન સારૂ બનાવવાનો મારી પાસે તો બધીજ તક છે - મોટુ ઘર છે, સારૂ ખાવા-પીવાનું છે. મારા માતા-પિતા, નિશાળની શિક્ષણની જરૂરિયાત સમજાઈ. અરે! આટલી બધી વસ્તુઓ મને મળી છે. જેનાથી હું મારૂ જીવન સુધારી શકુ છું. લક્ષ્મી પાસે તો આમાથી કશું જ નથી. હવે તે ભગવાનને કરગરવા લાગ્યો. "હે ભગવાન! મને સમજાઈ ગયુ છે કે જીવન મા માતા-પિતા, નિશાળ... શિક્ષણની... કેટલી જરૂર છે. જે તમે મને સહજતાથી જ આપી છે."

હું ખૂબજ મહેનત કરીશ રાત-દિવસ ભણીશ અને હું IAS કે IPS બનીને દેશમાં જે આ ગરીબ લોકો જેમના માટે શાળાઓ... રહેવા માટે આવાસ... તે લોકોને મફતમા શિક્ષણ આપીશ.... તે કારણસર લક્ષ્મીની જેમ કોઈ ગરીબ બાળક શિક્ષણ, અને ભોજન... ઘર આપી શકું.

"સિદ્ધી તેને જઈ વરે, જે પરસેવે ન્હાય"

ત્યાં તો તેના નામની કોઈ બુમો પાડી રહ્યું, તેને હલાવી રહ્યું હતુ. એટલા માજ તેને આંખ ખોલીને જોયુ તો તેની મમ્મી તેને જગાડી રહી હતી; "બેટા ઉઠ! નિશાળ જવાનુ છે."

Date

તે ખુશ થઈ ગયો અને તુરંત જ ઊભો થઈ ગયો. આ રીતે તેને જોઈને તેના મમ્મીને પણ નવાઈ લાગી. તે કહે છે, "અરે! આ તો સપનું હતું." પણ આ સપનાથી તેના જીવનમાં એક નવો વળાંક આવી ગયો હતો. તેને હવે માતા-પિતા અને નિશાળ અને શિક્ષણનું મહત્વ સમજાઈ ગઈ હતી.


હવે સંતોષને તેના જીવનથી સંતોષ થઈ ગયો હતો. હવે પૈસાથી સમૃધ્ધ જીવન જીવવાનો એને રસ્તો મળી ગયો હતો. તેને નિશાળમાં જઈ ખૂબજ મહેનત કરવાનું એના શિક્ષકોને વચન આપ્યુ. આવો બદલાવ જોઈ એના માતા-પિતા આશ્ચર્યચકિત થઈ ગયા. તેને ખૂબજ મહેનત કરવા માંડ્યો અને ૧૨માં ધોરણમા ૧૧.૫% લાવ્યો. અને, એક ખૂબજ પ્રસિધ્ધ ડૉક્ટર બનીયો. ખૂબજ ધનવાન બન્યો, કમાણી કરી પરંતુ તેની સાથે તેને ક્યારેય પૈસાનું અભિમાન ન આવ્યુ અને હંમેશા ગરીબની બેલી બની તેમની સેવાકરતો રહ્યો. એટલે જ તે પૈસાના કારણે ન ભણી શકનાર લક્ષ્મી જેવા ઘણા બાળકોનો શિક્ષણનો ખર્ચો ઉપાડતો. અને દર રવિવારે તે ઝૂપડ-પટીમાં જઈ મફતમાં લોકોની સારવાર કરવા લાગ્યો. સંતોષના લીધે લક્ષ્મી સાચા અર્થમા લક્ષ્મી બની શક્યા.

એટલે કહેવાય છે કે, "મહેનત જ સફળતાની ચાવી છે" માણસ મહેનતથી પોતાનુ નસીબ પણ બદલી શકે છે. જેમ અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો તેમ સંતોષ જેવા મહેનત કરનાર લોકોને સફળતા માટે કોઈ રોકી નથી શકતુ. આમ, સંતોષે પોતાના જીવનમાં અને ઘણા ગરીબ બાળકોના અંધકારમય જીવનમાં મદદરૂપી પ્રકાશના કિરણો ફેલાવ્યા.

બોધ: ભગવાને આપણને જે કાંઈ આપ્યુ છે તે યોગ્ય જ છે તેનો સ્વીકાર કરીને આપણી શક્તિઓને વિકસાવવી જોઈએ. જે આપણી પાસે છે તેમાં ખુશ રહી આકાશને પણ આંબી શકાય છે.

# પીઝાની મથામણ





એક મોટું, વિશાળ અને ઘનઘોર વન હતું. તે વનનું નામ માતાવન હતું. ત્યાં એક નાનકડો બાળક, જેની ઉંમર આશરે અગિયાર વર્ષ હશે, તે બાળક પથ્થર ઉપર બેસીને પીઝાને નિહાળતા નિહાળતા કંઈક વિચારી રહ્યો હતો. આ નાનકડા બાળકને ઘનઘોર વનમાં બીક પણ ન લાગી. આપણે હોઈએ તો ડેપા કરી જઈએ! પણ આ બાળક જંગલમાં શું કરતો હશે? અરે બાળમિત્રો, તેના મનમાં વિચારોનું યુદ્ધ ચાલી રહ્યું હતું. પણ તે કેમ પોતાના મન સાથે યુદ્ધ કરી રહ્યો હતો? અને તે પીઝાની સામે કેમ નિહાળી રહ્યો હતો? ચાલો ત્યારે, હું તમને જણાવું.

આ જે બાળક હતો, તેનું નામ મણી હતું. તે તેના નામ પ્રમાણે પારસમણિ સમાન હતો. મણી એક ગરીબ ઘરનો છોકરો હતો. તે જ્યારે દોઢ વર્ષનો હતો, ત્યારે તેના પિતા માણેકલાલ ગુજરી ગયાં હતાં. તેથી ઘરની બધી જ જવાબદારી તેના માતા પર આવી પડી હતી. તેથી તે નજીકના ઘરોમાં કપડા-વાસણ, વગેરે કામકાજ કરી પોતાનું અને પોતાના દીકરાનું પેટ ભરતી હતી. માતાની

PR-41
VISION
A VISION Product (079) 2686...
Scanned with CamScanner

ઇચ્છા હતી કે મણી ખૂબ ભણે અને ખૂબ આગળ વધે. પરંતુ ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાના કારણે તે શાળાએ જઈ શકતો નહોતો. તેને ભણવાની ધગશ તો ખૂબ હતી, પરંતુ તેના અભ્યાસ માટે તેની માતા પાસે પૈસા ન હતા.

એક દિવસે મણી ઘરમાં એકલો હતો. તેની માતા કામે ગઈ હતી. અચાનક ઘરના દરવાજે ટકોર સંભળાઈ. મણીએ દરવાજો ખોલ્યો અને આ શું? મણી ડરી ગયો. મણી કેમ ડરી ગયો હશે? મણી એટલાં માટે ડરી ગયો કેમકે દરવાજે રાજ્યના સૈનિકો ઊભા હતાં. રાજ્યના સૈનિકો મણીને પોતાની સાથે લઈ ગયાં. મણી હજુ વિચારમાં જ હતો અને થોડો ડરેલો પણ. એનાં મનમાં પ્રશ્ન થયો કે એને સૈનિકો કેમ લઈ જતા હશે? મણીને કોઈ માહિતી મળી નહીં. મણીને મહેલના એક ભવ્ય કક્ષમાં બેસાડવામાં આવ્યો હતો. ત્યાં મણી પાસે રાજ્યના મંત્રી લાડુજી આવ્યાં.

લાડુજીએ પોતાનો પરિચય આપતાં કહ્યું, "હું જમણપુરનો મંત્રી લાડુસેન છું અને આ સૈનિકોને રાજાના હુકમથી જ આપને બોલાવવા માટે મોકલ્યાં હતાં. અમારું રાજ્ય જમવા અને જમાડવા માટે ખૂબ પ્રસિદ્ધ છે. અમારા રાજ્યમાં વિવિધ પ્રકારના ભોજનો અને ખાન-પાનની વસ્તુઓ મળે છે. આજે અમારા રાજ્યના કાજૂરાજ રાજા જ્યારે ભોજન કરતાં હતાં, ત્યારે અમારા રાજ્યના દૂત સંદેશરાજે આવીને કહ્યું, "રાજન, જમણપુરની બાજુના રાજ્ય, આનંદપુરથી એક સંદેશો આવ્યો છે." ત્યારે કાજૂરાજાએ તેમને સંદેશો વાંચી


VISION
A VISION Product (079) 26857428

સમજાવવાનો આદેશ આપ્યો.

સંદેશવાહક સંદેશો વાંચવા લાગ્યાં,

"જમણપુરના રાજા, ડાકુરાજને પ્રણામ. મહારાજ ડાકુરાજ, મેં તમારા રાજ્યના ભોજનો વિશે ખૂબ પ્રશંસા સાંભળી છે. ખાસ તો પીઝા. મારે તે પીઝા મારા રાજ્યના સૈનિકો અને ખાસ મારા મંત્રીને ભેટમાં આપવા છે. કારણ કે, થોડાં સમય પહેલાં અમારા રાજ્ય આનંદપુરને શી ખબર કોની નજર લાગી હતી કે અમારા ખુશહાલ રાજ્ય ઉપર હુમલો થયો. હુમલા દરમિયાન કેટલાંક સૈનિકો શહીદ થયાં. પણ અમારા બાકીના સૈનિકોએ અને ખાસ અમારા મંત્રીએ ખૂબ વીરતાથી અને બુદ્ધિપૂર્વક તેમનો સામનો કર્યો. પરિણામે અમારી જીત થઈ. તેથી હું તે સૌ ઉપર ખૂબ જ પ્રસન્ન છું. મારી ઈચ્છા હતી કે હું તેમને આપના રાજ્યના પીઝા ભેટરૂપે આપું. તો મારી આપને વિનંતી છે કે આપ જલ્દી અમારા રાજ્યમાં પીઝા મોકલાવો. મને ખાતરી છે કે આપ પીઝાની વ્યવસ્થા કરી જરૂરથી મોકલાવશો. પ્રણામ."

આ સંદેશો સાંભળતા જ ડાકુરાજાને થયું કે, "હું પીઝાની વ્યવસ્થા તો કરી દઈશ. પરંતુ મોકલાવું કોની સાથે? કારણ કે મારાં રાજ્યમાં પીઝાનું નામ સાંભળતાં જ બધાંની જીભ લબલબ થાય છે. જો આનંદપુર પહોંચતા પહેલાં રસ્તામાં જ પીઝા સફાચટ થઈ ગયા, તો મારી આબરૂ જતી રહેશે."

PP-43 VISION A VISION Product (079) 25857428
Scanned with CamScanner

Page:

Date :

પછી તેમણે અમારા રાજ્યનાં સૈનિક સંઘના પ્રધાન સુવાસોર્ઈને હુકમ કર્યો કે તે સૈનિકોને લઈ કોઈ એવા વ્યક્તિને શોધે જે લાલચી ન હોય અને બધાં પીઝા સુરક્ષિત આનંદપુર પહોંચાડી દે. આ કાર્ય ફક્ત બે જ દિવસમાં પૂરું કરવાનું હતું. તેથી તેઓએ તેમનાં ઘોડાં દોડાવ્યાં. તેઓએ પૂછપરછ કરી. અંતે તેમને તારું સરનામું પ્રાપ્ત થયું. તારું સરનામું પ્રાપ્ત થતાં જ તેઓ તારા ઘરે આવ્યાં અને તને લઈ અહીં આવ્યાં. તો શું તું અમારી મદદ કરીશ?" મણીએ ડોક હલાવતાં હા પાડી.

ત્યારબાદ લાડુસેન મણીને રાજા પાસે લઈ ગયાં. મણીને જોઈ કાબૂરાજા આશ્ચર્યચકિત થઈ ગયાં. મણીને જોઈ રાજાએ લાડુજીને બોલાવી ધીમેથી કહ્યું, "આ બાળક તો ગરીબ ઘરનો લાગે છે. શું તે આ પીઝા જોઈ લલચાઈ નહીં જાય?" લાડુજીએ કહ્યું, "રાજન, મને લાગે છે કે આપણે આ બાળક ઉપર એકવાર વિશ્વાસ કરવો જોઈએ." લાડુજી રાજાથી ઉંમરમાં મોટા અને અનુભવી હતાં. તેથી રાજાએ તેમનું માન રાખી તેમની વાત માની લીધી.

Scanned with CamScanner

પછી તેઓએ મણીને પીઝા સોંપતા કહ્યું કે, "મણી, હું તારા ભરોસે પીઝા અને મારી અને રમણપુરની આબરૂ મૂકું છું આશા રાખું છું કે તું નિષ્કપટભાવે અને લલચાયા વગર આ પીઝા સુરક્ષિત રીતે આનંદપુર પહોંચાડી દઈશ." ભણકે ઉત્તર આપતાં કહ્યું, "તમે ચિંતા ન કરો રાજાજી. હું આ પીઝા સુરક્ષિત રીતે પહોંચાડી આવીશ." પછી રાજાએ ખુશ થઈ તેને વિદાય આપી.

તે નીકળી પડ્યો પીઝા લઈ આનંદપુરના માર્ગે. થોડે દૂર ચાલતાં માયાવન નામક એક વન આવ્યું. ત્યાં સુધી પહોંચતા તેને થાક લાગ્યો. તેથી તે ત્યાં પડેલા એક પથ્થર ઉપર બેસી ગયો. થોડી વાર પછી તેને ભૂખ લાગી. પણ ખાવું શું? અને તેનું મન લલચાવવા માંડ્યું. તેને થયું કે, "ચાલને હું પીઝા ખાઈ લઉં!" પણ પછી તેને રાજાએ કહેલી વાત યાદ આવી. એનાં મનમાં વિચારોનું યુદ્ધ શરૂ થયું. મણીને એની માતાએ શીખવાડેલી મૂલ્યવાન શિખામણો યાદ આવી અને અંતે મણી પોતાના નબળાં મન સામેના યુદ્ધમાં જીતી ગયો, અને તે ઊભો થઈ આનંદપુર તરફ જવાં લાગ્યો.

થોડે દૂર ચાલતાં આનંદપુર આવ્યું ત્યાં તેણે આજુબાજુ શોધખોળ અને પૂછપરછ કરી. પૂછપરછ કર્યા બાદ તેને આનંદપુરના રાજાનો રાજમહેલ મળી ગયો. ત્યાં તેને હર્ષનો અનુભવ થયો. આસ-પાસ બધાં જ લોકો આનંદમાં નજર આવતાં હતાં. તે રાજાના દરબારમાં ગયો. દરબારમાં જઈ તેણે રાજાને પીઝા સોંપ્યા. રાજા પીઝા-ની સુગંધથી મોહિત થઈ ગયા. પીઝા આપવાં માટે તેમણે તરત તેમના


VISION
A VISION Product -(079) 26557428
Scanned with CamScanner

Page :

Date :

સૈનિકો અને મંત્રીને બોલાવ્યા. સૌ આવ્યા બાદ રાજાએ તેમને ભેટ આપી. જમણપુરના પીઝા જોઈ સૌ ખુશખુશાલ થઈ ગયા. પીઝા મોં માં મૂકતા સૌના મુખમાંથી "વાહ" શબ્દ સરી પડ્યો.

સૌને આનંદમાં જોઈ રાજા પણ આનંદમાં આવી ગયાં. તેમણે મણી પાસે કાજૂરાજાને પ્રશંસાપત્ર મોકલ્યો. મણી પ્રશંસાપત્ર લઈ જમણપુર તરફ પરત ફર્યો.

જમણપુર પહોંચતા જ તે સીધો રાજા પાસે ગયો. રાજાએ તેના હાથમાં પ્રશંસાપત્ર સોંપ્યો. પ્રશંસાપત્ર વાંચતા જ કાજૂરાજા ખુશ થઈ ગયાં અને મણીને શાબાશી આપી. તેમને થયું કે હું પણ મણીને કોઈ ભેટ આપું. તેથી તેઓએ મણીને પૂછ્યું, "મણી, દીકરા, તારે ભેટમાં શું જોઈએ છે?" મણીએ ઉત્તર આપતાં કહ્યું, "શું તમે મારા ઉચ્ચતર શિક્ષણની જવાબદારી લેશો?"

બાળકની ભણવા પ્રત્યેની ધગશ જોઈ રાજાએ તેને હા પાડી. મણી આ સાંભળી તેની માતા પાસે ભાગતો-ભાગતો ગયો. તેણે તેની માતાને અતથી ઈતી સુધીની વાત કહી. આ વાત સાંભળી માતાના હરખનો પાર ન રહ્યો અને તેણે આશીર્વાદ પાઠવતા કહ્યું, "મણી, મને પૂરો વિશ્વાસ છે કે તું ભણી-ગણીને મારું નામ અવશ્ય રોશન કરીશ. ખૂબ પ્રગતિ કરજે."

PR-41

VISION

A VISION Product

Scanned with CamScanner

## —: છેલ્લી શિખામણ :—

ધારાપુરી નામનાં એક નગરમાં એક સુખી વૃદ્ધ દંપતી રહેતું હતું. તેમને બે પુત્રો અને એક પુત્રી એમ ત્રણ સંતાનો હતાં. સૌથી નાનાં પુત્રનું નામ વિરલ, મોટાં પુત્રનું નામ સૌરભ અને પુત્રીનું નામ કીરમ હતું. ત્રણેય સંતાનો ખુબ જ આજ્ઞાકારી હતાં. ત્રણેય સંતાનો પોતાનાં માતા-પિતાનું ખુબ જ સન્માન અને આદર કરતાં હતાં. તો સામે માતા-પિતા પણ પોતાનાં સંતાનોને એટલો જ પ્રેમ અને સ્નેહ આપતાં હતાં. નાનપણથી જ તેઓ પોતાનાં સંતાનોને જીવનમાં આવતી યુદ્ધરૂપી મુશ્કેલીઓનો સામનો કરવાની સલાહ અને શિખામણ આપતાં હતાં. માતા-પિતાએ તેમનાં ત્રણેય સંતાનોમાં સારાં સંસ્કારોનું સિંચન કર્યું હતું.

વિરલ, સૌરભ અને કીરમ ત્રણેય કામ ધંધાર્થે બીજા નગરમાં રહેતાં હતાં. તેઓ રજાનાં દિવસોમાં ધારાપુરી પોતાનાં માતા-પિતાને મળવાં માટે આવતાં હતાં. ઉંમર વીતી જતાં તેમનાં પિતાને પોતાનો અંત નજીક લાગી રહ્યો હતો. તેઓ પોતાનાં સંતાનોને એકવાર મળવા માંગતા હતાં. તેથી, તેમણે પોતાનાં સંતાનોને એકવાર મળી જવાં સંદેશો મોકલાવ્યો.

માતા-પિતાએ આપેલાં સંસ્કારોને કારણે, પિતાની આજ્ઞાનું પાલન કરવા અને તેમની ઈચ્છા પુરી કરવાં તેઓ વિના વિલંબે ત્યાં આવી પહોંચ્યાં. પોતાનાં સંતાનોનો પોતાનાં પ્રત્યેનો આદરભાવ જોઈને માતા-પિતાની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. પોતાનાં સંતાનોને જોઈને વૃદ્ધ માતા-પિતાના આનંદનો તો પાર જ ન રહ્યો! પિતાએ પોતાનાં ત્રણેય સંતાનોને જણાવ્યું કે, "હવે મારો અંત નજીક જ છે અને ગમે ત્યારે મારો આત્મા મારો આ દેહ ત્યાગી દેશે."

Scanned with OKEN Scanner

પિતાની આ કઠોર વાત સાંભળીને ત્રણેય સંતાનો ગભરાઈ ગયા અને શોક પ્રગટ કરવા લાગ્યાં.

'જે જન્મે છે, તેનું મૃત્યુ નક્કી જ છે. આ જ પ્રકૃતિનો નિયમ છે. તેથી આ અટલ સત્યને સ્વીકારવું જ પડશે.' એમ કહીને પિતાએ સૌને શાંત રહેવા જણાવ્યું. થોડી વારમાં સૌ શાંત થઈ ગયાં ત્યારબાદ કૌરમે તેના પિતાજીને પૂછ્યું, "પિતાજી! તમે અમોને જીવનમાં ઉપયોગી બને અને અમે સારી રીતે જીવન જીવી શકીએ એવી ઘણી બધી સલાહ અને શિખામણ આપી છે. તો શું આજે પણ તમે અમોને કોઈ શિખામણ આપવા માંગો છો?" ત્યારે પિતાએ ઉત્તર આપ્યો, "હા, બેટા! અવશ્ય હું આજે તમને બધાંને છેલ્લી શિખામણ આપવા ઈચ્છું છું." આ સાંભળીને ત્રણેય સંતાનો ખુશ થઈ ગયા અને તેમનાં ચહેરા પર સ્મિત છલકાઈ ઊઠ્યું. પિતાને પણ એ જોઈને અપાર આનંદની અનુભૂતિ થઈ. પિતાજીએ તેમનાં ત્રણેય સંતાનોને કહ્યું, "તમે વારાફરતી મારી નજીક આવો અને મારાં મુખમાં જુઓ તમે મારાં મુખમાં શું જોયું તે કહો. જીભ કે દાંત?"

પિતાએ કહ્યું તે મુજબ વિરલ, સૌરભ અને કૌરમ ત્રણેય વારાફરતી પિતાજીની નજીક ગયાં અને તેમના મુખમાં ધ્યાનથી જોયું. ત્યારબાદ તે ત્રણેય સંતાનોએ પિતાજીને જવાબ આપતા કહ્યું, "પિતાજી! અમે તો તમારા મુખમાં ફક્ત જીભ જ જોઈ." ત્યારબાદ પિતાએ બીજો પ્રશ્ન પૂછતાં કહ્યું, "હવે, મને કહો કે પહેલાં કોણ આવ્યું? જીભ કે દાંત?" ત્યારે સૌએ ઉત્તર આપતાં કહ્યું, "પિતાજી! પહેલાં તો જીભ આવી હતી." પિતાજીએ ત્રીજો પ્રશ્ન પૂછતાં કહ્યું, "બંનેમાં કઠોર કોણ છે? અને કોમળ કોણ છે?" ત્યારે ત્રણેયે જવાબ આપતાં કહ્યું, "દાંત કઠોર હોય છે અને જીભ કોમળ હોય છે."

Scanned with OKEN Scanner

ત્યારે પિતાજીએ પોતાનાં સંતાનોને સમજાવતાં કહ્યું, "હું તમને એમ સમજાવવા માંગુ છું કે, દાંત એ જીભ કરતાં આયુષ્યમાં નાનાં અને કઠોર હોવા છતાં પણ પહેલાં ચાલ્યાં જાય છે. અને આપણો સાથ છોડી દે છે. જ્યારે, વિનમ્ર, કોમળ અને સંવેદનશીલ જીભ હજુ પણ છે. તો આ જગતનો નિયમ છે કે, જે કઠોર છે, જેને પોતાની તાકાત અને જ્ઞાનનું અભિમાન હોય છે, તેઓ જલ્દી વિનાશ પામે છે. જ્યારે વિનમ્ર, કોમળ અને સંવેદનશીલ લોકો લાંબું આયુષ્ય પ્રાપ્ત કરે છે તેથી, હે મારા બાળકો! તમે પણ જીભની જેમ સરળ, વિનમ્ર, કોમળ અને સંવેદનશીલ બનીને આ સંસારમાં જીવો તેવી જ મારી તમને શિખામણ છે." ત્રણેય સંતાનો પોતાનાં પિતાની વાત સારી રીતે સમજી ગયાં.

પરંતુ, ત્રણેય સંતાનો પોતાનાં પિતાજી પાસેથી હજુ કોઈ શિખામણ પ્રાપ્ત કરવાં ઈચ્છતાં હતાં તેથી, તેમણે પિતાજીને હજુ કોઈ શિખામણ આપવાં માટે વિનંતી કરી પોતાનાં સંતાનો હજુ શિખામણ પ્રાપ્ત કરવાં માંગે છે, એ જોઈને પિતાજીને અપાર ખુશી થઈ અને પોતે આપેલાં સંસ્કારો પર ગર્વ થયો. પિતાજીએ તેમનાં સંતાનોને શિખામણ આપવાં માટે તેમને એક વાર્તા સંભળાવી જે આ મુજબ હતી :

"એક ડોશીમા હતાં. તેમનો એકનો એક દીકરો બીમાર પડ્યો ડોશીમાએ તેનો ખાટલો ઘરમાં ઢાળ્યો હતો અને પોતે ઘરની બહાર ઓસરીમાં સૂઈ રહેતાં હતાં. એક રાત્રે એક પાડો આવીને ડોશીમાનાં ખાટલે ચાદર ખેંચવા લાગ્યો. ખાટલા સાથે જોરથી માથું ઘસવા લાગ્યો

Scanned with OKEN Scanner

ખાટલો હલતાં ડોશીમા અચાનક જાગી ગયાં. જોયું તો સામે એક વિકરાળ પાડો ! પાડાને જોઈને ડોશીમાનાં તો જાણે હોશકોશ ઊડી ગયાં. તેઓ તો એકદમ ગભરાઈ જ ગયાં. ડોશીમાએ એકવાર કથામાં સાંભળ્યું હતું કે, 'મરવાનો વખત થાય એટલે યમરાજ પાડા પર બેસીને લેવા આવે છે.' આ વાત તેમને તરત યાદ આવી. તેમણે માની લીધું કે યમરાજ જીવ લેવા આવ્યાં છે.

તેથી તેમણે પાડાને કહ્યું, "એ ભાઈ ! તમારી કોઈ ભૂલ થતી લાગે છે બીમાર હું નહીં, પણ મારો દીકરો છે તમે જરૂર તેને જ લેવા આવ્યાં હશો ! તમારી ભૂલ સુધારો મારા ખાટલાએ માથું ઘસીને તમે મને બોલાવી રહ્યા છો, પણ હું તો હજુ બિલકુલ તંદુરસ્ત છું. માંદાનો ખાટલો તો અંદર છે ! " આ સાથે વાર્તા પૂરી થઈ.

પિતાજીએ બોધ આપતાં કહ્યું, "બાળકો ! મરવાંની વાત આવે ત્યારે કોઈ કોઈનું રહેતું નથી કારણ કે સૌને પોતાના દેહમાં જ સૌથી વધુ પ્રીતિ હોય છે પણ, આપણો દેહ કાચ જેવો છે અને આપણો આત્મા મૂલ્યવાન હીરા જેવો છે તેથી આપણે દેહ જેટલી પ્રીતિ ભગવાનમાં રાખવી તેથી મૃત્યુનો ડર ભાગી જાય છે મને ખબર છે કે, આજ સુધી મેં તમને આપેલી બધી શિખામણ તમે યાદ રાખશો જ અને જીવનમાં ઉતારશો જ." આ શબ્દો સાથે જ પિતાજીએ તેમનાં પ્રાણ ત્યાગી દીધાં અને સ્વર્ગવાસ થઈ ગયાં.

બોધ :- વિનમ્ર, કોમળ અને સંવેદનશીલ વ્યક્તિત્વ રાખવું. આપણા દેહ જેટલી પ્રીતિ ભગવાનમાં રાખવી.
ભગવાન પર શ્રદ્ધા રાખવાથી બધાં ડર દૂર થઈ જાય છે.

Scanned with OKEN Scanner


# :દાદાજીની મહેનતના:

NAME : NISHTHA RUPESHKUMAR PATEL (9th)


SCHOOL NAME : SWAMINARAYAN VIDYA-MANDIR, RANDESAN

એક મોટો મકોડાઓનો પરિવાર હતો. એનો એક મોટો કાળા કોડોનો પરિવાર હતો. કાળા કોડો એક બૂમ પાડે એટલે બધા પરિવારજનો પોતાના મેદાનમાં જતા. એનો ત્યારથી મનુષ્યોના ઘરે જતા. ત્યાં જઈ એનો મનુષ્યો કાળાના પરિવારને બહાર કાઢતા પણ તેઓ ન નીકળે એનો આવી રીતે બંનો પરિવાર વચ્ચે યુદ્ધ થાય છે.

કાળા કોડોનો પરિવાર મોટો હતો. એમાં પણ આખા પરિવારનું પેટ ભરાય જ નહીં. તેઓ આખો દિવસ મનુષ્યોના ઘરમાં જઈ ખાવા માટે ચોરી કરે. એનો જેવો ખુરાક આવે એટલે બધા તૂટી પડે. પોતાનો જેટલું જોઈએ એટલું લઈ ભાગી જતાં. પરંતુ હંમેશા એક કુણો નામનો કોડો તેઓના પરિવારનો જ હતો. પણ તેના માટે ક્યારેય કાંઈ બચતું જ ન હતું. તે હંમેશા એક ટુકડો લઈ તે પણ તેનાથી ઉપાડતું જ નથી. એટલે એનો પરિવાર બીજો કોડો લઈને જતો રહે છે. એનો કુણો એમનો પાછળ-પાછળ ચાલતો હાથી ચાલતો હોય છે. એનો એક ખૂણામાં જઈ બેસી રહેતો. એનો કોઈનો પણ સાથે મળી મજા નહોતો કરતો.



શાંતા કીડી રોજ પોતાના પરિવારને લઈ નીકળી પડે. સવારની ઠંડી હોય કે બપોરની ગરમી હોય. શાંતા આગળ છે. આ જોઈ સૌ મજૂરો પોતાના ઘરમાં ખાવાનું ભરીભર ભાગમાં આવી રીતે બહુ જ કામ કરીને મૂકી દે છે. ચોમાસુ શાંતા ભરકર લઈ ચૂકે પણ પતાવ્યા વગર બહાર નીકળતી નહીં. આ જ રીતે દરરોજ ચાલ્યું. ક્યારેક તેઓને મળતું ક્યારેક તેઓને ન મળતું. કુણોએ થોડા દિવસ પછી ખાવાનું બંધ કરી દીધું. અને આ વાત શાંતા કીડીને ખબર પડી તો શાંતાએ બધાને સમજાવ્યા અને કુણોએ બોલાવવાનો આદેશ કર્યો. પછી શાંતા અને કુણો વચ્ચે વાત થઈ. અને પછી શાંતાએ નક્કી કર્યું કે બધાએ સવારમાં યોગા કરવા આવવું જરૂરી છે. આવો સૌને આદેશ કર્યો.



શાંતાનો આદેશ હોવાથી સૌ કોઈ બીજા દિવસે હાજરસર આવી ગયા. કુણો ઓછુંબ પાતળો હતો. તે ખૂબ નબળો અને સુકલકડી હતો. એટલે શાંતાએ એને આગળ બોલાવ્યો. બાદ પછી યોગા કરી સૌ તંદુરસ્ત બની ગયા. અને કુણો પણ દરરોજ કરતા ઉત્સાહિત દેખાવા લાગ્યો. પછી શાંતાએ બધાને આરામનો સમય આપ્યો. અને સૌ આરામ

કરતા ગયા. સૌને મસ્ત ઊંઘ આવી ગઈ. બધા ઊંઘતા હતા. શાંતાબેને બધાને ઢોંઢ-ઢોંઢ કરીને ઉઠાડ્યા. અને કહ્યું, "આપણે હવે આપણા દરરોજના કાર્યક્રમમાં જોડાઈએ અને ફુગ્ગા પણ આપણી સાથે આવશે." બધા હસવા લાગ્યા અને બોલ્યા, "અમે જ્યારે આવ્યા ત્યારે સાંભળ્યું કાંઈ ઉપાડવું નથી." ત્યારે શાંતાબેને સૌને સમજાવ્યા અને પછી બધાએ ફુગ્ગાની જાતે ગાંઠી અને સૌ આગળ ચાલવા લાગ્યા.

જ્યાં રોજે દરરોજ જતા ત્યાં પહોંચ્યા તો ગઈ રાતે આજે ત્યાં એ બોર્ડમાં કાંઈ હતા બધાં ટહુક-ર લગાવેલાં હતાં. અને જે ગેટમાં અંદર જતા તે અરે જતા. ત્યારે તેઓ બાગ બહાર ગયા, અને ત્યાં બધા ખૂબ મજા કરી. મસ્ત રમત્યાં, પકડ્યાં હતાં. બધાએ રમત કરી અને આજે પણ ફુગ્ગા બાંધી રહી ગઈ. અને મજાની તો ઘણું ફુગ્ગાં આવ્યાં! અને તે આનંદિત-ખુશ થઈ ગઈ અને ખૂબ મજા થઈ. પછી તેઓ બાગ બહાર ગયા ત્યાં પણ તેઓને ફિર-ફરીને આવ્યા ખૂબ મજા પડી. ત્યારે ફુગ્ગાએ હાથ માટે પણ તે કાંઈ લાવ્યા રાખી નહીં.


બધાએ રોજ જે બાગમાં થોડું ઘણું ફૂટ્યું કર્યું. પરંતુ હવે તેઓએ ઘોડા મોટા મહારાજના બાગમાં જવા માટે દરરોજ પ્રયત્ન કર્યો પણ આજે તેઓ ત્યાં જ બાગમાં જવા માટે નીકળ્યા. પણ સૌને ફુગ્ગાની ચિંતા થઈ કે તે કેવી રીતે અંદર આવશે? તેમ છતાં તેઓએ આગળ વધવાનું શરૂ રાખ્યું. અને તેઓએ

પહોંચી ગયા. પણ ઘણા પ્રયત્નો પછી પણ બહાર ન થઈ શક્યા. બિચારા ત્યાં જ સૌ પાતાળ લોકે ગયા.

બીજા દિવસે ફરી સવારમાં યોગા માટે આવી ગયા. ત્યાર પછી દરરોજનો કાર્યક્રમ ચાલુ રાખ્યો. એનો સૌ પહેલા પાછા વારો આવી કૂદી ગયા. આવી રીતે દરરોજ ચાલતું. આ કાર્યક્રમમાં કુણાલ પણ જતો બેટલો તળાવમાંથી બધા ડોડકાંઓના સમાન એટલે વારાફરતી લઈ ગઈ. એનો જ્યારે બધાનો લઈ ચાલતા ડોકો નીકળી પડ્યા હોય ત્યારે પાછળ દોડતા હતાં આગળ આવી જતા. કુણાલનો આવી રીતે જોઈ ચાલતા ડોકો ખૂબ ખુશ થઈ એનો સારો આખો પરિવાર પણ ખૂબ ખુશ થતો. જતા જતા ત્યાંથી કુણાલનો પણ મળી રહેતું. આ બધાથી કુણાલનો પણ મજા આવી. એનો કુણાલનો ખૂબ આનંદ થતો. તે દિવસ સૌ ઘણા થાકી ગયા હતા તેથી સારો જલ્દી આવીને ઊંઘી ગયા હતા.

દરરોજની જેમ આજે સૌ પોતાના કૂદવા માટે કાર્યક્રમ તૈયાર હતા. એનો તેમનો ખૂબ ઉત્સાહમાં હતા. એનો સૌ દિવસ બધાનો નક્કી કરી રાખ્યું કે આજે આપણે બધા વાંકા ઘરે જ જઈશું. આમ તેમનો કૂદવા લાગ્યા નીકળી પડ્યા. ધીરે-ધીરે ત્યાં કૂવો પહોંચી ગયા. પણ બધા વિચારતા લાગ્યા કે બહાર કેવી રીતે જઈશું. ત્યારે કુણાલને કહ્યું, " ચાલો નાળિયેર કાચલામાંથી જઈએ. એનો બધા એક પછી એક ઘૂસવા લાગ્યા. બહાર જઈ બધાનો તડકો માથેથી પોતાના લાવ્યું લઈ ઓંગા મૂકી દીધું. સૌ દિવસે બધાનો દરરોજ કરતા.


પહેલાં જેવું. મહેનત કરી. અને એ લોકો કીડીઓને આવકારી આપ્યો




આ આવકારીથી કીડીઓ પોતા પર આનંદ-વિભોર થઈ ગયાં. અને એ પણ બીજાની જેમ પોતાની જવાબદારી સમે લેવા લાગ્યા. કીડીઓએ આવા પરિવારનો ખૂબ આભાર માન્યો. અને બધાએ ઉજવણી કરી ખૂબ ખૂશ થઈ ગયા. દરરોજ સાથે એક પરિવારની જેમ ખૂબ મહેનત કરતા અને ક્યારેક સફળતા મળતી અને ક્યારેક ન મળતી. તેમ છતાં તે બધાએ મહેનત ના છોડી અને ક્યારેય હિંમત હાર ન માની.


**બોધ :-** આપણે બધાંએ આળસુને પણ જીવનમાં સતત મહેનત અને. સફળતા વાળુ શીખવવા જોઈએ.

– By Nishtha R. Patel


BOX



વિદ્યાર્થીઓ



# વાર્તા: બોક્સ નું રહસ્ય

ખૂબ જ સુંદર અને રમણીય જંગલ હતું. નામ તેનું ભારતજંગલ. આર્ટિફિશિયલ ઇન્ટલીજન્સનો જમાનો હતો. સ્માર્ટ પહાડો, સ્માર્ટ વૃક્ષો અને સ્માર્ટ પથ્થરો વગેરે બધું જ સ્માર્ટ હતું. આજના આ સમયે વિદ્યાર્થીઓ શાળાએ ગયા છે અને ત્યાં ઇતિહાસનો વિષય ચાલે છે. અને લેડીટીચર ક્લાસમાં વિદ્યાર્થીઓ ને પૂછે છે કે અત્યારે ક્યું વર્ષ ચાલે છે? તો બધા વિદ્યાર્થી પ્રાણીમાંથી એક પ્રાણી, લુચ્ચુ શિયાળ ઊભું થઈને બોલ્યો, "સર ૨૦૯૦ નું વર્ષ ચાલે છે, પણ કેમ આજે આવો સવાલ પૂછો છો? તમારી યાદ શક્તિ જતી રહી છે એટલે તમે આવો સવાલ પૂછો છો"; ટીચર કહે છે, "ના બેટા, આજે આપણે ઇતિહાસમાં આજથી ૮૧ વર્ષ પહેલાની વાર્તા સાંભળવાની છે. ધામો કાચબો બોલ્યો," એવો કયો ઇતિહાસ છે સર!" સર કહે, "વિશ્વજંગલ યુદ્ધ કોરોના!"

હવે વિદ્યાર્થી પ્રાણીઓને વધારે આતુરતા જાગી સાંભળવાની. તો શાણી ચકલી બોલી "સર જલ્દી કહોને મારી નમ્ર વિનંતી છે. પ્રશ્નો પરીક્ષામાં પૂછી લેજો, એમ પણ આજે પહેલીવાર તો કંઇક ભણવાનું મન થયું છે." બધા જ હસી પડ્યા અને લીલો પોપટ પાછો ઊભો થઈને સરને પૂછે છે, "સર કોરોના-જંગલ તો..." આટલું બોલે છે ત્યાં તો શાણી ચકલી પાછી બોલી, "તું શાંતિ રાખને ભાઇ, સરને બોલવા દે" સર કહે, "શાંતિ રાખો બધા, તમને બધાને સાંભળવું છે ને! બધા સાંભળો.

હવે બધા શાંત થઇ ગયા, અને સરે વાર્તા ચાલુ કરી, "આજથી ૮૧ વર્ષ પહેલા ૨૦૧૯ માં કોરોનાજંગલ નામ પડ્યું, પહેલા તેનું નામ ચિત્રમૃગજંગલ હતું. તે જંગલમાંથી આ કોરોના આવ્યો હતો. જે એક રોગ છે એક-બીજાને અડવાથી થઇ જાય." આટલું સાંભળ્યું ત્યાં તો લેક્ચર પૂરો થાય છે અને ઘંટ વાગે છે, ટીન... ટીન... ટીન...

બધા બાળકો ક્લાસની બહાર જતા રહે છે. સૌ બાળકોનો છેલ્લો દિવસ હોય છે. તેથી સૌ ખુશ હોય છે, કે આજથી વેકેશન પડશે, પણ બધા વિદ્યાર્થીમાંથી એક પ્રાણી ડાહ્યું કુકડ તે ક્લાસમાં જ બેઠો હોય છે થોડો દુઃખી અને વિચારોમાં ખોવાયેલો હોય છે. લેડીટીચર તેને પૂછે છે, "શું થયું બેટા, તને ખુશી નથી થતી કે આજથી વેકેશન શરૂ થશે? કોઇની સાથે ઝઘડો થયો છે! બોલ બેટા...!

પછી ડાહ્યું ડુક્કર કહે છે, "સર મને અધૂરી વાર્તા સાંભળીને શાંતિ નહી થાય. મને રાત્રે ઊંઘ નહીં આવે. મારે આ હોરીના જંગલની આખી કથા સાંભળવી છે, આખી કથા ભણવી છે. કઇ રીતે ભણું? તમે જ કહો."

સર બોલ્યા, " બસ આટલી જ વાત છે એટલે દુઃખી છે? પણ, આમાં દુઃખી થવા જેવું કાંઇ છે જ નહીં, તારે જે પણ વધારે વાંચવું હોય તે લાઇબ્રેરીમાં જઇને વાંચી લેજે. બસ હવે તો તારી પ્રોબ્લેમ પૂરી થઇ ગયો ને? ચાલ હવે હસી લે.... હવે મળીએ આવતા વર્ષે, અને હા, અધૂરી કથા તું જ પૂરી કરીશ. તારા મિત્રોની હાજરીમાં.

ડાહ્યું ડુક્કર બોલ્યું, "સર, તમારો ખૂબ ખૂબ આભાર, મારી પ્રોબ્લેમ ઘટાડવા માટે. ઓ... સર!

સર કહે, " શું થયું?"

ડાહ્યું ડુક્કર ઘડિયાળ તરફ જોઇને બોલ્યું, " મારો ટાઇમ થઇ ગયો છે સર હું રજા લઉં નહિતર બસ છૂટી જઇશ. Bye Bye sir, ક્યારેય વાંચતા - વાંચતા ક્યાંય અટકી ગયો અને પ્રશ્ન થયા, પછી તો ફોન કરીશ." સર પણ તેને વિદાય આપીને સર પણ વિદાય થયા.

વેકેશનમાં ડાહ્યું ડુક્કર ભારત જંગલ ની સૌથી મોટી લાઇબ્રેરી ગુણાતીતાનંદ લાઇબ્રેરીમાં ગયું. ત્યાં જઇને તેણે વિશ્વજંગલ યુદ્ધ હોરીનાની બુક ખૂબ શોધી પણ મળતી જ ન હતી. આખરે નિરાશ થઇને તે ટેબલ પર બેઠું હતું. સાંજ પડી ગઇ. બધા લાઇબ્રેરીમાંથી નીકળી ગયા હતા. લાઇબ્રેરીયને પણ એકવાર બૂમ પાડી હતી લાઇબ્રેરી બંધ કરવાનો સમય થઇ ગયો છે. જે કોઇ અંદર હોય તો નીકળી જાઓ ઉતાવળ રાખજો. પણ આ ડુક્કર એના વિચારોમાં એટલું ખોવાઇ ગયું હતું કે તેને લાઇબ્રેરીયન ની બૂમ પણ ન સંભળાઇ, મોટી લાઇબ્રેરીમાં તે એકલું હતું. અંતે લાઇબ્રેરીને લોક કરીને લાઇબ્રેરીયન જતા રહ્યા.

રાત્રિના ઘોર અંધારામાં તેને ઇતિહાસના કબાટમાંથી એક ચમકદાર બોક્સ દેખાયું જેમાંથી પ્રકાશ નીકળતો હતો. તે બોક્સની નજીક ગયું તો તેના પર લખ્યું હતું, "આ બોક્સ ને અડવું નહીં અને ખોલવું નહીં, નહિંતર પરિણામ ભોગવવા તૈયાર રહેજે." આવું વાંચી ડુક્કર ગભરાઇ તો ગયું પરંતુ ડુક્કર તો ઉત્સાહી તેને ભણવાની ખૂબ ઇચ્છા હતી. આતો પાછું બીજું રહસ્ય સામે આવ્યું તેનાથી રહેવાયું નહીં, તેણે જાણવું હતું કે આ બોક્સમાં એવું શું છે, કે જેને

અડધું કે ખોલવું નહીં. હવે તેની વધારે ઇચ્છા પણ બોક્સનું રહસ્ય જાણવાની
થઈ મન સાથી લડીને તે બોક્સની લેવા જ જતું હતું એવામાં અંધારાના
કારણે ઇતિહાસના જમાનાના બારણાની સાથે તેનો હાથ અથડાયો. તેથી તેણે
લાઇટ ચાલુ કરવા પ્રયત્નો કર્યા.

લાઇટ કરી એટલે પ્રકાશ બંધ પણ ગયો. તે બોક્સ ખૂબ જ જૂનું
હોય તેવું લાગતું હતું, જેવું તેને બાજુમાં જોયું તો ખુશ પણ ગયું. નાચવા
લાગ્યું, કૂદવા લાગ્યું. તેની ઇચ્છા પૂરી પણ થઈ એટલે, બોક્સની સાઇડમાં:
"કોરોના થી દૂર રહો" લખ્યું હતું. અને એક જેવો કાંટાવાળો બોલ કોતરેલો
હતો. બોક્સની ઉપર ડેન્જરની નિશાની હતી. હવે તે ભૂલી ગયું કે આ
બોક્સને અડવાની કે ખોલવાની મનાઈ છે. તેણે બોક્સ ઉપાડી લીધું.

તે સમયે સમય સદીથી ભૂતકાળ માં જતો રહ્યો. વર્ષો પહેલાના
સમયમાં જતો રહ્યો. અને ત્યાં તેને ખૂબ જ ગંભીર પરિસ્થિતિ Covid-19 જોઈ.
બધા જ પ્રાણીઓ મરવાની હાલતમાં હતા. પણ કોઈ પોતાના સગા સંબંધી
પણ તેની સહાય ન કરી શકે, કારણ કે કોરોના એકબીજાને અડવાથી થાય તો.
કદાચ કોઈ પ્રાણી સ્વર્ગવાસી પણ થાય તો તેમનો અગ્નિસંસ્કાર પણ ન થાય.
પણ આ કાળમાં ત્યાંના રાજા ખૂબ જ શક્તિશાળી હતા, ન્યાયપ્રિય અને પ્રજાપ્રિય
હતા. એક આદેશ આપે અને બધા જ તેને પાળે કોઈ જ મતનો સવાલ કે
પ્રશ્ન ન ઉઠાવે. જેવું નામ તેવા જ ગુણો હતા. નામ તેમનું પ્રભુજરાજ, સૌ
કોઈ ને સાથે લઈ ને ચાલે સેનાની આગેવાની કરવાનો ખૂબ જ સારો ગુણ
હતો એમનામાં.

આવા રાજા પોતાની પ્રજાની આટલી દુઃખી જોઈ નહોતા શકતા.
કારણ કે વેક્સિન પણ નહોતી શોધાણી. બધા જ વૈજ્ઞાનિકો પ્રયાસ કરી
રહ્યા હતા. આટલા દુઃખો થતા હતા તેથી પ્રભુજરાજે આદેશ કર્યો કે
આખી જંગલમાં લોકડાઉન કોઈ પોતાના ઘર, માળા કે ઇલાકામાંથી બહાર નહીં
નીકળે. સતત સાવચેત રહેશે. પોતાના હાથની સતત સેનિટાઇઝ કરશે. આ
બધા ના નોકરી ધંધા બંધ થઇ ગયા, વિદ્યાર્થીઓની સ્કૂલ બંધ થઇ ગઇ હતી.

આવું તો ડહ્યા ડુક્કરે કોઈ દિવસ નહોતું જોયું અને નહોતું
સાંભળ્યું. હજુ તો તે વિચાર જ કરતું હતું તેવામાં તેની સામે એક ઘોડો અકાળે
તડફડી રહ્યો છે. પણ તેના પરિવારજનો કાંઈ નથી કરી શકતા. તેનાથી આ
દૃશ્ય જોઈ શકાયું નહીં અને કંઈકને વિચાર્યા વગર તે ઘોડાની અડી ગયો. અને
થોડીવારમાં ઘોડો મૃત્યુ પામ્યો.

હવે ડાહ્યા ડુક્કરની હાલત થોડી થોડી બગડતી હતી. તે તો ગયો ડૉ. હંસરાજ હાથી પાસે તેણે કોરોનાનો ટેસ્ટ કરાવ્યો હતો. Positive આવ્યો આ જોઈ તે ખૂબ જ ગભરાઈ ગયું. પણ ભગવાનની દયા અને કૃપા કે ભારત-જંગલના વૈજ્ઞાનિકોએ વેક્સિન શોધ્યા. ડાહ્યું ડુક્કર સારું થયું. જ્યાં સુધી તેને કોરોના હતો ત્યાં સુધી તોતો ૨૦૯૦ માં પાછો પણ ના આવી શકે નહીં તો ત્યાં કોરોના ફેલાય એ વિચારથી તે ત્યાં જ રહ્યો હતો.

પણ હવે પાછી એક સમસ્યા આવી ગઈ. ડુક્કર ને પાછું સમય સહીથી બહાર નીકળતા નહોતું આવડતું ખૂબ મહેનત અને પુરુષાર્થથી તેને એક Swaminarayan Vidyamandir randesan નામની School દેખાઈ.

તેણે વિચાર્યું કે, "વાંચન જીવનું તો બનું," ૨૦૨૦ માં વિદ્યાર્થીઓની સ્કૂલ ખુલી છે. તેઓ કેવું ભણે છે આવા અનેક વિચારોથી તેણે વિચાર્યું કે સ્કૂલ માં પ્રવેશ લીધો અને આગળ વધતા જ તેને પાછી લાઈબ્રેરી દેખાઈ તેને થયું લાઈબ્રેરી દ્વારા જ સમયસહી ને ખોજેગી અહીંયા આવ્યો હતો. શું ખબર બહાર જવાનો રસ્તો પણ ભગવાન લાઈબ્રેરી દ્વારા જ કરે.

પાછા આવા વિચારથી લાઈબ્રેરીમાં ગયો અને જેવો લાઈબ્રેરીમાં ગયો કે તે અદૃશ્ય થઈ ગયો. પાછો થોડી વારમાં પોતાના ઘરે આંખ ખોલે છે. અને તેના મનમાં ભય આવે છે. આ બધા ઘટના પોતાની ડાયરીમાં લખવા બેસે છે. ત્યાં જ બારીથી પવન આવે છે. બારી ખુલ્લી હોય છે. અને કેલેન્ડરનું પેજ તેના મોઢા પર ઉડીને આવે છે. તે પેજ જોઈને બોલે છે "ઓ! મારું વેકેશન તો પૂરું થઈ ગયું! શું હું 30 દિવસ ૨૦૨૦ માં જ રહીને આવ્યો!

આવા બધા જ વિચારો કરતા સૂઈ જાય છે. સવારે ઊઠીને સ્કૂલે જાય છે તો સર પૂછે છે, "તે બુક વાંચી?" અને ડાહ્યું ડુક્કર હસતાં-હસતાં હા પાડે છે, આખા ક્લાસને કોરોના જંગલની અધૂરી વાર્તા પૂરી કરે છે. આ સાંભળી સર ખૂબ જ ખુશ થાય છે.

ॐ ગણેશાય નમઃ

શ્રી સરસ્વતી માતાય નમઃ

# વાર્તામેળો

# ઇલારાની અજબ ગજબની દુનિયા

આ વાત છે 2068......

**આર્કેડિયાના અનોખા શહેરમાં, જ્યાં કોબલસ્ટોનની શેરીઓ ભૂતકાળની વાર્તાઓ જેવી રીતે યુદ્ધની, માનવતાની, રાજાઓની વગેરે વગેરે કહેતી હતી, ત્યાં ઈલારા નામની છોકરી રહેતી હતી. જિજ્ઞાસાની આકાશગંગાઓ ધરાવતા તેના ચહેરા અને આંખોને ઘડાયેલા બદામી રંગના કર્લ્સ સાથે, ઇલારા સરળતાના હૃદયમાં એક અદમ્ય તેજ હતી.**



ઇલારા પાસે એક મન હતું જે જ્ઞાનની અતૃપ્ત તરસથી ચમકતું હતું અને સતત આ જિજ્ઞાસાને સંતોષવા માટે કઈક શોધખોળ તે કર્યા જ કરતી. આ દર્શાવે છે કે ઇલારા કેટલી બુદ્ધિશાળી વિદ્યાર્થીની હતી. જીવનમાં દરેક વસ્તુ શીખવા માટે તે ખૂબ આતુર રહેતી. આજ-કાલના બાળકો જયારે મોબાઈલ માટે રડતા હોય, ત્યારે ઈલારા નવા પુસ્તકો ખરીદવા અને વાંચવા માટે જીદ્દ કરતી. ઇલારાનું આ વ્યક્તિત્વ તેને પોતાના જ વયના બીજા બાળકોથી અલગ બનાવતું હતું. ઇલારા અભ્યાસક્રમમાં હોશિયાર એટલે તે શાળામાં બધા શિક્ષકોની લાડલી હતી. પરીક્ષામાં પણ તે હંમેશા પ્રથમ નંબરથી ઉત્તીર્ણ થતી. ઇલારા આમ તો બધા વિષયોમાં ખૂબ જ જ્ઞાની હતી પણ વિજ્ઞાન તેનો મનગમતો વિષય હતો. વિજ્ઞાનમાં થયેલ નવી શોધ-ખોળ વિશે તેને પૂર્ણ જ્ઞાન રહેતું.

આ વાત છે ૨૦૬૮ની એટલે વિજ્ઞાને કેટલી હરણ ફાળ ભરી હશે તેની તો આપણે કલ્પના પણ ના કરી શકીયે!! એટલું જ નહિ આ સમયમાં તો નાસા અને ઈસરોએ મનુષ્યને યુરેનસ જેટલા દૂર મોકલવાનો પ્રયાસ કર્યો હશે!!

**તો આ વાર્તા આર્કેડિયાના એક અગ્રણ્ય શાળાની છે જેનું નામ ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન છે, જેમાં ટેકનોલોજીથી લઈને માનવતા જેવા વિચારનો અમલ કરવામાં આવતો. આ શાળાના વિદ્યાર્થીઓ પણ ભણવામાં ખૂબ જ**

**હોશિયાર હતા. આટલુંજ નહિ તેઓ તો નવી બાબતો જાણવા માટે પણ અત્યંત ઉત્સુક રહેતા. ઈલારા પણ આ જ શાળાની વિદ્યાર્થીની હતી.**

એક દિવસ વર્ગમાં જ્યારે શિક્ષિકા ભૂગોળ ભણાવી રહ્યા હતા ત્યારે એક ઊચ્ચ હોદ્દાના સાહેબ આવ્યા જે દેખાવે ખૂબ તેજસ્વી અને સુશિક્ષિત લાગતા હતા. તેમને વર્ગમાં એક જાહેરાત કરી. "હું આપ સૌને આ સૂચના આપતી વખતે ખૂબ જ ગર્વ અનુભવી રહ્યો છું કે CBSE દ્વારા લૉન્ચ કરવામાં આવેલ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્લાનમાં આપણી શાળાને પણ શામેલ કરવામાં આવી છે.




આ પ્લાન મુજબ આપણી શાળાના સૌથી પ્રતિભાશાળી ૮ બાળકોને બીજે દેશ કે ગ્રહ પર મોકલવામાં આવશે. આ પ્રતિભાશાળી ૮ વિદ્યાર્થીઓના નામ કાલે સવારે પ્રાર્થના સમયે જાહેર કરવામાં આવશે." આ સાંભળી આખા વર્ગમાં બાળકોની અંદરો- અંદર ચર્ચા શરૂ થઇ ગઈ. બધા જાણવા માટે ખૂબ ઉત્સુક હતા કે આવા જબરદસ્ત જ્ઞાનવર્ધક કાર્યક્રમનો લાભ ઉઠાવવા માટે કોની પસંદગી કરવામાં આવી હશે!! આ વાતે તો વિદ્યાર્થીઓને એટલા આતુર કરી દીધા કે તેમને તો રાત્રે ઊંઘ પણ ન આવી. દરેકને પોતાનું નામ એ યાદીમાં હશે એવું લાગતુ હતું. તેથી તે કલ્પનામાં સરી પડ્યા....


બીજે દિવસે તેમની આતુરતાનો અંત આવ્યો કારણ કે સવારે નિશ્ચિત સમયે વિદ્યાર્થીઓના નામ એલાન કરવામાં આવ્યા. એમાં એક નામ હતું ઈલારાનું. ૮ નામમાંથી ૪ વિદ્યાર્થીઓ વિદેશ જવાના હતા જ્યારે બીજા ૪ વિદ્યાર્થીઓ બીજા ગ્રહ પર. અને ઇલારા માટે હરખની વાત એ હતી કે તેને બીજા ગ્રહ પર મોકલવામાં આવવાની હતી. આ સાંભળી ઇલારાના હરખનો તો જાણે કોઈ પર જ ન રહ્યો હોય. કદાચિત આ ઇલારાના જીવનનો સૌથી શ્રેષ્ઠ દિવસ હતો. તે ભગવાનનો કઈ રીતે આભાર પ્રકટ કરે તેની તેને ખબર નહોતી. આજે તે અતિ આનંદિત હતી. તેની ખૂશી સૂર્યપ્રકાશની જેમ પ્રસરી રહી હતી. અત્યંત પ્રસન્નતાથી ભરેલા હૃદય સાથે, તેને આ ક્ષણને ઉત્સાહ અને જીવંત ભાવના સાથે સ્વીકારી. તેની આંખો આનંદથી ચમકતી હતી. અને તેનું હાસ્ય સંગીતની જેમ ગુંજતું હતું. ઈલારા તો ઘરે જઈને પોતાના માતા-પિતાને આ વાત જણાવવા માટે એટલી આતુર હતી કે તેના માટે હવે એક સેકન્ડ પણ એક કલાક બરાબર હતી. તે પોતાનું નામ આ કાર્યક્રમમાં સાંભળી ભાન ભૂલી ગઈ હોય એવું લાગતું હતું કારણ કે ઈલારા આજે ખુશીના કારણે વર્ગમાં કૂદીને પોતાનો આનંદ વ્યક્ત કરી રહી હતી. થોડા સમય પછી શાળા ને છૂટવાનો બેલ વાગ્યો અને ઈલારાનો ઘરે જવાનો સમય થયો.

**ઈલારા જેવી ઘરે પહોંચી તેવું તરત જ તેને ખુશીથી ઉછળ કૂદ કરતા પોતાનું દફતર. બૂટ, મોજા આડા અવળા ફેંકીને તે પોતાની માતાને વળગી પડી. ઈલારાનું આવું વર્તન જોઈને માતાને આશ્ચર્ય જરૂર થયું, પણ પોતાના ઘરમાં સુગંધ ફેલાવતા ફૂલ જેવા બાળકને ખુશ જોઈને તેની માતા પણ અભિભૂત થઈને એની સાથે**


એના આનંદમાં શામેલ થઈ ગઈ. ઈલારા પોતાની માતાને ગોળ-ગોળ ફેરવવા લાગી. પછી ઈલારાને છેવટે શાંત કરીને માતાએ પૂછ્યું કે, "બેટા, આજે તને આટલી ખુશ જોઈને મને બહુ આનંદનો અનુભવ થઈ રહ્યો છે. પણ હવે મને એ તો કે, કે આજે તું આટલી ખુશ કેમ છે? હવે તો મારી ઉત્સુકતાનો પણ કોઈ પાર નથી રહ્યો." ઈલારાએ શાંત થઈને માતાને કહ્યું, " મમ્મી હું તને કહી તો દઈશ. પણ સાચું કહું તો તને એવું લાગશે કે હું તારી સાથે મજાક કરી રહી છું. " આ સાંભળી માતાએ તેને આશ્વાસન આપતા કહ્યું, "ના બેટા, એવું કાંઈ નથી. તું મને જે કહીશ એનો હું પૂર્ણ રીતે સ્વીકાર કરીશ". પછી ઇલારાએ માંડીને વાત કરતા કહ્યું કે, "મમ્મી CBSE દ્વારા લોન્ચ કરવામાં આવેલ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્લાનમાં તારી આ ફૂલ જેવી દીકરીને પણ શામેલ કરવામાં આવી છે. અને આ પ્રસંગે મારે યુરેનસ જેટલા દૂર ગ્રહ પર જવાનું છે. " આ સાંભળી માતાને તો એવું લાગ્યું કે ઈલારા સાચેમાં મજાક કરે છે. પણ પછી જયારે સ્કૂલમાંથી શિક્ષકે ઘરે ફોન કરીને મળવા માટે બોલાવ્યા ત્યારે મમ્મી સાચેમાં માની. ઈલારાએ જ્યારે પોતાના પિતાને આ વાત કહી તો તેઓ ઈલારા પર ગર્વ અનુભવવા લાગ્યા. જેમ ગંગોત્રીમાંથી ગંગાના નીર વહે છે તેમ જ ઈલારાના પિતાના આંખમાંથી પણ આવી પવિત્ર અશ્રુધારા વહેવા લાગી. ઈલારાએ જ્યારે આ આંસુઓનું કારણ પૂછ્યું ત્યારે તેમને જવાબ આપતા કહ્યું કે, "તે તારા જીવનમાં આટલી પ્રગતી કરી તે મારા માટે ગર્વની વાત છે. પણ મને એ નથી સમજાતું કે તારા વિના હું એક મહિનો પસાર કેવી રીતે કરીશ? ઈલારા પણ આ સાંભળી ભાવુક થઈ ગઈ પરંતુ માતાએ બંનેને સંભાળી દીધા. હવે સમય આવ્યો ઈલારાનો યુરેનસ જવાનો. તે સ્પેસશીપમાં બેઠી અને યુરેનસ જવા માટે તેને હવે પ્રસ્થાન કર્યું.



યુરેનસથી આવેલા વિદ્યાર્થીઓ. તારાઓ વચ્ચેની શૈક્ષણિક યાત્રા પર બહારની દુનિયાના માણસો, પૃથ્વીની જટિલતાઓ માટે અતૃપ્ત જિજ્ઞાસા સાથે આર્કેડિયા પર ઉતર્યા. આપણા ગ્રહના દરેક પાસાઓ તેમના ઝીણવટભર્યા અવલોકનનો વિષય બની ગયા, જે યુરેનસના કોસ્મિક ધોરણોથી તદ્દન અલગ હતા. આનંદથી અભિભૂત થઈને. તેઓ પૃથ્વીના વિવિધ દેશોની સંસ્કૃતિ અને પરંપરાઓમાં ડૂબી ગયા. પૃથ્વીની સમૃદ્ધ સુંદરતા માટે ઊંડી પ્રશંસાનો અનુભવ કર્યો.



પૃથ્વીના લોકો સાથે સંબંધો વિકસાવવા માટે આતુર, યુરેનિયન વિદ્યાર્થીઓએ માનવીઓ સાથે સામાજિકકરણ અને મિત્રતા કરવાનો પ્રયાસ કર્યો. માનવીય સંબધોની




મજબૂતી જોઈને, તેઓ માનવતાને એકસાથે બાંધતા ભાઈચારાને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા.



જ્યારે એલિયન્સને માનવ પર્યાવરણને અનુકૂળ થવામાં થોડો સમય લાગ્યો, ત્યારે તેઓને એક વાસ્તવિકતાનો સામનો કરવો પડ્યો. પૃથ્વી, જેને તેઓ માનતા હતા કે તે પ્રેમ અને ભાઈચારાનું પ્રતિબિંબ છે, તેણે જાતિ અને સંસ્કૃતિના તફાવતોને કારણે યુદ્ધો, સંઘર્ષો અને રમખાણોને પણ આશ્રય આપ્યો હતો. આવું જોઈને તેઓ નવાઈ પામ્યા કારણ કે તેઓએ તો એવું સાંભળ્યું હતું કે પૃથ્વી પર બધા ભાઈચારાથી રહે છે. આમ તેમને જે સાંભળ્યું હતું એના કરતાં અલગ જ દ્રશ્ય તેમને જોયું. આ વાતને લઈને તેઓ આશ્ચર્યચકિત રહી ગયા હતા. તેથી તેમને વિચાર્યું કે આ વાત તે તેમના સાથી મિત્રોને કહે.

યુરેનસથી આવેલા એલિયન્સ પરિવર્તન ઇચ્છતા હતા કારણ કે તેમને પૃથ્વી વિશે જેવું સાંભળ્યું હતું તે તેવું જ પૃથ્વી પર હોય એવું ઇચ્છતા હતા અને જ્યારે તેમને પોતાના સાથીદારો સાથે વાત કરી તો તેમને ખબર પડી કે તેઓ પણ પરિવર્તન ઇચ્છતા હતા. જો કે, આ પરિવર્તનકારી વિચારોને વ્યક્ત કરવાથી હાલના સામાજિક માળખામાં રૂઢિચુસ્ત લોકોના પ્રતિકારનો સામનો કરવો પડે, તેથી એલિયન્સે અને તેમના સાથીઓએ, નાગરિકો, રાજ્યો અને રાષ્ટ્રો વચ્ચેના સાચા બંધનને પ્રોત્સાહન આપવાના પ્રસ્તાવ સાથે તેમને વિવિધ દેશોના શિક્ષણના શાસ્ત્રીઓ સાથે સંપર્ક કર્યો. શિક્ષણ અધિકારીઓ ઉપગ્રહથી આવેલા આ એલિયન્સની વાત સાંભળીને અભિભૂત થઇ ગયા. અને ઉપગ્રહથી આવેલ આ એલિયન્સની તે દિલથી મદદ કરવા ઇચ્છતા હતા.

શિક્ષકોના પ્રોત્સાહન અને મિત્રોનો સાથ સાથે એલિયન્સ પોતાની શક્તિથી એક દેશથી બીજે દેશ જતા અને જ્યા યુદ્ધ થતું હોય ત્યાં વસુધૈવ કુટુંબકમની ભાવના ફેલાવવાનો પૂર્ણ પ્રયાસ કરતા. 'કદમ અસ્થિર હો એને રસ્તો નથી જડતો, અડગ મનના મુસાફરને હિમાલય નથી નડતો' આ વાત




એલિયન્સે બરોબર રીતે સાર્થક કરી. આમ. શિક્ષણ શાસ્ત્રીઓના પ્રોત્સાહન અને મિત્રોનો સાથ સાથે એલિયન્સ પોતાની શક્તિથી એક દેશથી બીજે દેશ જતા અને જ્યાં યુદ્ધ થતું હોય ત્યાં વસુધૈવ કુટુંબકમની ભાવના ફેલાવવાનો પૂર્ણ પ્રયાસ કરતા. કઠિન હોવા છતાં પણ તે આ કામમાં પૂર્ણ રીતે સફળ થયા. અને તેમને વિશ્વ બંધુત્વની ભાવના સમગ્ર પૃથ્વી પર પ્રસારિત કરી. તેમના આ નેક કામના લીધે આખા વિશ્વએ તેમની વાહ- વાહ કરી.

જોત જોતામાં સ્ટુડન્ટ એક્સચેન્જ પ્લાનનો સમય નીકળી ગયો અને વિદ્યાર્થીઓને પોતાના ગ્રહ પર પાછો જવાનો સમય આવ્યો. ઈલારા જ્યારે પાછી પૃથ્વી પર આવી તો આ જાણી તે અત્યંત ખુશ થઇ ગઈ.

અચાનક સ્કૂલનો બેલ વાગ્યો અને ઈલારાને જાણ થઇ કે ભૂગોળ ભણતા-ભણતા તે સુઈ ગઈ હતી અને આન તેનું એકમાત્ર સ્વપ્ન હતું. ઈલારાને થયું કે આ સ્વપ્ન નહિ પણ હકીકત હોત તો કેટલું સારું હોત!!

**બોધ:**

**સજ્જનની સોબત સમાજને સુધારણા તરફ લઈ જાય છે.**

-Heer Nilesh Patel

-Zebar School for Children

-Class 9:D

-Bank Account: South Indian Bank

Account Number: 0835053000002297

Name of account holder: Patel Meghal Nileshkumar

01

# એ.શી. માસી ને પંખા ભાળ્યા

એક સુંદર મજાનું નાનકડું એવું ગામ હતું તે ગામમાં ઘણા માણસો રહેતા હતા. તેમાં એક નાનું કુટુંબ અને સુખી કુટુંબ હતું તેમાં માતા-પિતા અને તેના બે બાળકો રહેતા હતા. તેમાં ભાઈનું નામ કશ્મીર હતું અને બહેનનું નામ સીમતા હતું અને ભાઈ-બહેન ખૂબ જ મસ્તીખોર હતા. બંને ભાઈ-બહેનને રમવાનો ખૂબ જ શોખ હતો અને તેઓ દરરોજ મેદાનમાં રમવા જતા. તે એક વાર રમતા રમતા ખૂબ જ થાકી જાય છે. અને મેદાનના વૃક્ષના છાંયડા નીચે બેઠા હતા. અને બધા મિત્રો વાતો કરતા કરતા ફરવા જવાની વાત કરે છે તેમાં ભાઈ-બહેનને માંથી ભાઈને શહેરમાં જવું હતું અને બહેનને ગીર ગામડે જવું હતું તેમાં બંને વચ્ચે 'યુદ્ધ' થવા લાગ્યું હતું અને લડાઈ કરતા કરતા ઘરે આવે છે.

ત્યારે તેના માતા-પિતા ને વાત કરવા લાગ્યા. ત્યારે તેના માતા-પિતા ફરવા જવાની તેમની ઈચ્છા પૂરી કરે છે. જેથી ભાઈ-બહેન ખૂબ ખુશ થઈને ફરવા જવાની તૈયારી કરવા લાગ્યા. મિત્રો ત્યાર પછી ભાઈની વાત માનતા બેંગ્લોર શહેરમાં ફરવા જતા હતા. અને ત્યાં વહેલા સવારે 6 : 00 વાગ્યે પહોંચી પણ ગયા ત્યાં રહેવાની વ્યવસ્થા કરીને થોડો આરામ કર્યો. અને ફરવા નીકળી ગયા અને પછી ફરતા ફરતા બપોરનો સમય થયો હતો. ત્યાર એક સરસ મજાની હોટલમાં જમવા ગયા.

હોટલમાં અંદર જઈને ટેબલ પર બેઠા ત્યારે આપણા બંનેની નજર એક દિવાલ પર જાય છે અને મઈને કઈ છે. ત્યાર અરે આ શું છે? આઘા. બેસા આઘા. બેસા આસપાસ મહેક શું ભાડી રહ્યું છે અને સીમતાની મમ્મી જાને છે કે આ શું છે!

સીમલા જોવે છે કે આ આપણી માથે તો નહી પડે ને, ત્યારે ત્યાના લોકો કહે છે કે તમે આને નથી ભણતા આતો અમારા એ.સી. માસી છે શું તમે આ માસીને નથી ભણતા.

આ એ.સી. માસી ખૂબ જ મજાની ઠંડી હવા આપે છે. એ.સી. માસી પંખા ભાણા કરતા પણ વધુ ઠંડી હવા આપે છે ત્યારે આ અમારા એ.સી. માસી ઉનાળામાં ખૂબ જ કામ લાગે છે. આમ, મિત્રો આ પરિવાર બેંગલોરમાં પોતાના એક સબંધીના ઘરે જાય છે. અને ત્યાં જઈને પણ આ એ.સી. માસીને જુએ છે મિત્રો ત્યાર પછી શુ થયુ? અરે આ એ.સી. માસીમા તો આ પરિવારને મન લાગ્યુ. કશ્મીર પણ તેના વખાણ કરે છે કે,-

કશ્મીરભાઈ, પપ્પા, પપ્પા ચાલો ને આપણે પણ એ.સી. માસીને ગામડે લઈ જઈએ.

આ સાંભળી તરત જ સીમલા બેન તો બોલ્યા, અરે ના ના આ એ.સી. માસીને ગામડે લઈ જઈશું તો આ મસ્ત મજાના પંખા ભાણાનું શુ થશે? અને આ વાત પછી બેન ભાઈ-બહેને જમવાનું નક્કી કર્યુ અને તેણે જમવાનું શુ માગ્યુ હતુ ખબર છે મિત્રો? તેણે જમવાનું કાઠિયાવાડી માગ્યુ હતુ કારણ કે તે ગામડાના લોકો હતા.

પછી તો વેઈટર કહે છે કે, અહીં કાઠિયાવાડી જમવાનું તો નથી મળતુ અહીં તો પીઝા, બર્ગર, મન્ચુરિયન વગેરે જેવી જ વાનગીઓ જ મળે છે.

મિત્રો ત્યાર પછી શિમલા અને કશ્મીર પૂછતો કરતા હતા કે આ પિઝા અને બર્ગર એ બધુ શું છે? અમે તો પહેલી વાર આ નામ સાંભળ્યુ. એવું કંઈક જમવાનું આવતુ હશે! મિત્રો ત્યાર પછી શું થયુ? ત્યાર પછી આજુબાજુના લોકોને પિઝા ખાતા જોઈને તેઓએ વિચાર્યું કે ચાલો ને આપણે પણ પિઝા નો ટેસ્ટ કરીએ. પછી વેઈટર પાસે પિઝા ભાઈને મંગાવ્યા હતા. જમ્યા બાદ તે પરિવારને પિઝા ખૂબ જ પસંદ આવ્યા.

આ પરિવાર ગામડે પાછો આવ્યો ત્યારે બંને ભાઈ બહેન તેના મિત્રોને પીઝાની આખી વાત કરે છે. અને એ.સી. માસીની માંગ કરવા લાગ્યા હતા. કાશ્મીરના માતા પિતા તેના પાડોશીને પણ આ એ.સી. માસીની વાત કરતા હતા. અને બધા મિત્રો ભેગા થઈ એ.સી. માસીને ગામડે લાવવાની વાત કરવા લાગ્યા. એ વાત તો પંખા ભાભા સાંભળતા હતા. અને જાણે છે કે, એ.સી. માસી આવશે તો મને તો બધા ભૂલી જ જશે. મિત્રો ત્યાર પછી શું થયુ? ત્યાર પછી એ.સી. માસીને લાવવાનો વિચાર તો આવ્યો પરંતુ માણસો વિચારતા હતા. કે એ.સી. માસી તો બહુ મોંઘા છે. તે આપણે લાવવા પોસાય તેમ નથી. કશ્મીર તો જીદ કરવા લાગ્યો હતો કે નહી મારે તો એ.સી. જોઈ જ છે.

ત્યારે તેના પપ્પા વિચારે છે કે થોડા દિવસો પછી કશ્મીરનો જન્મ દિવસ આવે ત્યારે એ.સી. માસી ગિફ્ટમાં આપીશ. આ વાત કશ્મીરને કહેતા નહોતા. હવે કશ્મીરના જન્મ દિવસની એક જ દિવસની વાર હતી. ત્યારે તેના પપ્પા કશ્મીરને જાણ કર્યા વગર શોરૂમ માંથી એ.સી. માસીને લઈ આવે છે અને બીજા દિવસે રાત્રે કશ્મીરના જન્મ દિવસની પાર્ટી રાખેલ હતી. જન્મ દિવસ હતો છતા કશ્મીરભાઈ તો ઉદાસ હતા, કારણ કે તેને એ.સી. માસી લાવવા હતા.

તેના મમ્મીના ખૂબ જ સમજાવવાની કશ્મીર તેના મિત્રોને પાર્ટીમાં બોલાવે છે અને બધા મિત્રો પાર્ટીમાં ખૂબ જ તૈયારી કરતા હતા. રાત્રે ૭:૦૦ વાગે પાર્ટીની બધી તૈયારી થઈ ગઈ હતી.

કશ્મીરના મિત્રો કશ્મીરને જન્મ દિવસની શુભેચ્છા આપતા હતા. અને તેના બે-ચાર મિત્રો આવા ગીતો ગાતા હતા. " સાગર મેં એક લહેર ઉઠી તેરે નામ કી " આવા ગીતો ગાતા ગાતા કશ્મીરભાઈએ તો કેક કાપી. સૌથી પહેલા તેના પરિવારને ખવડાવતો અને પછી બધા મિત્રોને પણ ખવડાવતો અને ખૂબ જ આનંદ કરતા હતા. અને બધા મિત્રોએ તેને ગિફ્ટ આપ્યા. અને ત્યાર પછી છેલ્લે તેના પપ્પાએ ગીફ્ટ શું આપ્યુ. કશ્મીર એ.સીને ભેટતો હતો. ત્યારે તેની અંદર શું હતુ ખબર છે મિત્રો! તેની અંદર હતા એ.સી. માસી.

કશ્મીર તો આ એ.સી. માસીને ભેટતા તેની ખુશીનો પાર ન રહ્યો. કશ્મીર તો ખુશીને મારે નાચવા લાગ્યો. બધાંકે પાર્ટી પૂરી થતા સવારે શીમલા કહે છે કે આપણે એ.સી. માસીને તો લાવ્યા પણ આ પંખા ભાભાનું શું થશે! તો પણ શીમલાની વાત તો કોઈ માનતા જ નહોતા અને તેના આજુબાજુના લોકો પણ આ એ.સી. માસીને ભેટીને લાવવાનું મન થાય છે. અને પંખા ભાભા દુઃખી થાય છે. અને કહે છે કે આ બધા એ.સી. માસીને જ લાવે તો મને કોઈ યાદ કરતું જ નથી. મને તો ખૂબ ભય છે.

પંખા ભાભા કહે છે કે, મને તો આ એક શરીમાં જ કોઈ યાદ કરતું નથી જીભ તો યાદ કરે છે ને એમ કહેતા કહેતા થોડા દિવસોમાં તો બધા માણસો પોતાના ઘરે એ.સી. માસીને લાવવા લાગ્યા.

આમ, આ પંખા ભાઈઓને બધી ખબર પડી છે. અને પંખા ભાઈઓ ઉદાસ થઈને રડવા લાગ્યા હતા. અને પછી પંખા ભાઈઓનું માન ઘટવા લાગ્યું. અને એ.સી. માસીને તો બધા માન દેવા માંડયા! ટુંક સમયમાં જ એ.સી. માસી બહુ સારા લાગવા લાગ્યા. એને કશ્મીર અને સીમલા શાળાએ ભણે છે. અને તે બંને ભાઈ-બહેન તેના ઘરે એ.સી. માસી હતા. તેની મજા કરતા હતા. બંને ભાઈ-બહેન ભણવામાં ખૂબ જ હોંશિયાર હતા.

આ બંને ભાઈ-બહેનની થોડા દિવસો પછી પરિક્ષા હતી. તેમા બંને ભાઈ-બહેન પરિક્ષાની ખૂબ જ સારી તૈયારી કરતા હતા. અને પછી થોડા દિવસો પછી એક જ પેપર બાકી હતુ અને તે ખૂબ જ ખુશ થતા હતા. શા માટે ખુશ થતા હતા ખબર છે મિત્રો? તેને તો હવે ઉનાળાનું લાંબુ વેકેશન પડવાનું હતું.

ત્યારે આ ભાઈ-બહેનને ઉનાળાના વેકેશનમાં તેના ગામડે દાદા-દાદીના ઘરે જવું હતું. ત્યારે સીમલા તેના મમ્મી ને કહે છે કે,

સીમલાબહેન : મમ્મી, મમ્મી ચાલોને આપણે પણ આ ઉનાળાના વેકેશનમાં આપણા દાદા-દાદીના ઘરે જઈએ.

ત્યારે સીમલાના મમ્મી કહે છે કે આપણે ગામડે જઈશું. અને સીમલા ખુશ થઈ. પછી બીજા દિવસે તેના દાદા-દાદીની પાસે 10:00 વાગે પહોંચ્યા. બંને ભાઈ-બહેન તેના દાદા-દાદી પાસે બેસીને ઘણી બધી વાતો કરી. વાતો કરતા-કરતા તેના ઘરે એ.સી. માસી આવ્યા એવી મજા કરી.


ત્યારે તેના દાદી કહે છે આ એ.સી. માસી એ શું છે. ત્યારે કશ્મીર કહે છે આ એ.સી. માસી ઠંડી હવા આપે છે અને પછી તે બંને ભાઈ-બહેન મેદાનમાં રમવા માટે જાય છે. અને ગામડામાં તો ખૂબ જ તડકો હતો. અને બે-ત્રણ દિવસ સુધી આ બંને ભાઈ-બહેન સૂરજ દાદાનો તડકો અને કુદરતની ઠંડી હવામાં રમવા માટે જતા હતા.

તેમાં એક દિવસ સીમલા બીમાર પડે છે અને તેના ચાર-પાંચ દિવસ થાય તો પણ સીમલા સાજી ન થતી નથી. અને પછી તેને હોસ્પિટલમાં દાખલ કરી અને ડૉક્ટરે કહ્યુ કે આ સૂરજ નો તડકો અને કુદરતની હવા ન ખાવાના કારણે તેઓ બીમાર પડેલ છે. આ વાતાનુકૂલિત (એ.સી.) માસી માટે અનુકૂળ છે? અને પછી સીમલા થોડા દિવસો પછી સાજી થાય છે. અને ગામડે જાય છે. અને એ.સી. માસીનો ઉપયોગ ધીમે-ધીમે કરતા બંધ કરવા લાગ્યા. અને પંખા લાલા નો ઉપયોગ કરવા લાગ્યા.

આમ, આ પંખા લાલા ખૂબ જ ખુશ થઈ જાય છે. અને પંખા લાલાનું માન હતુ એવું જ થઈ જાય છે.

બોધ : મિત્રો! માત્ર એ.સી. માસીના જ ખોળામાં રહેશો તો કુદરતની હવા પણ નહી ખાઈ શકો.

# ચમત્કારી જીવડું



યુદ્ધ....આ શબ્દ સાંભળી તમને શું યાદ આવે છે.લોહી-લુહાણ...વિનાશ...પણ આ વાર્તામાં એક એવા કઠોર પરિશ્રમ કરે છે અને પોતાના સપના સાકાર કરે છે.

આ વાર્તા હરિયાળા પહાડોની વચ્ચે આવેલા ગામની છે જ્યાં એક ગોલુ નામનો છોકરો રહેતો હતો.તે પૈસેટકે થોડો ગરીબ હતો. તેનાં માતા-પિતા રોજ કામે જઇ બહુ મહેનત કરતાં અને ગોલુની સ્કૂલ ફીઝ માટે પૈસા ભેગા કરતા.તેમની ઇચ્છા હતી કે ગોલુ ખૂબ ભણે અને સફળ બને.તેથી તે ગોલુને ગામની સૌથી સારી સ્કૂલમાં મોકલતા હતાં.ગોલુ શારીરિક રીતે થોડો કમજોર હતો અને તેથી સ્કૂલમાં બધા ગોલુને બહુ પજવતા હતા.તેની મજાક ઉડાવતાં હતા. પણ તે સામે કંઈ ન કહેતો અને આ વાતને મનમાં જ દબાવી રાખતો.

રોજ તેના માતા-પિતા કામે જતા રહેતા. ગોલુ તેના મિત્રના ઘરે જતો અને તેની સાથે સમય વિતાવતો હતો. એક દિવસ તે અને તેનો મિત્ર સાથે ટી.વી જોતા હતા.ટી.વી માં અચાનક કુસ્તીની હરિફાઇ દેખાઇ. ગોલુ તે હરિફાઇ જોવામાં મશગૂલ થઇ ગયો.તેને વિચાર આવ્યો કે જો હું પણ આવી રીતે લડી શકુ તો કોઇ મને પજવી નહીં શકે. આ વાત તેના મગજમાં રહી અને તે રોજ કસરત કરવા મંડ્યો. તેની પાસે ભલે પૈસા ઓછા હતા પણ તેના સપનાં બહુ વામન હતા.



એક દિવસ તેને જમીન પર એક સાવ અનોખું જીવડું દેખાયું. તે એ જીવડાને મારવા જ ગયો કે એ જીવડું તરત બોલી પડ્યું, "મને મારીશ નહી. હું અહીં તારી મદદ કરવા આવ્યો છું".આ વાત સાંભળી ગોલુ અચંબો પામ્યો. તેણે આજ પહેલાં ક્યારેય આવવા જીવડાને જોયું જ ન હતું. ગોલુ જીવડાને પૂછ્યું, " તમે મારી શું મદદ કરવા આવ્યા છો"? જીવડાએ જવાબ આપ્યો, "તું ઘણા દિવસોથી તારો લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે મહેનત કરે છે. હું એ બધું જ જોવું છું. હું તારા મનના વિચારોથી અને લીકો તને જે કનડગત કરે છે તે બધું જ હું જાણું છું. મને એ પણ ખબર છે કે તારી પાસે પૂરતાં સાધનો ન હોવાથી તું સરખી રીતે અભ્યાસ કરી શકતો નથી. હું તને મારાથી બનતી બધી મદદ

કરીશ અને સાથે સાથે તને બધાં સાધન આપીશ; પણ તારે બહુ મહેનત કરવી પડશે". આ વાત સાંભળી ગોલુ બહુ ખુશ થઇ ગયો.

બીજે દિવસથી બંને રોજ મળતા. જીવડું જેમ કહેતું તેમ ગોલુ કરતો. પહેલાં દિવસ બંને એક કલાક મળ્યા... બીજા દિવસે બે કલાક... ત્રીજા દિવસે ત્રણ કલાક અને તેમ કરતાં બંને આખો-આખો દિવસ મળતાં અને મહેનત કરતાં. આમ કરતા ગોલુ નાની-નાની સ્પર્ધામાં ભાગ લેવા મંડ્યો. તે શરૂઆતની સ્પર્ધામાં હારતો. પણ નિરાશ થવાની જગ્યાએ તે પોતાની હાર માનતો અને પોતે કરેલી ભૂલોનું તે અધ્યયન કરતો અને પછી પોતાની ભૂલો સુધારતો. આ જ રીતે તે પોતાની દરેક ભૂલથી કંઇક ને કંઇક શીખતો.
એકવાર તેની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા હતી. આ સ્પર્ધા બહુ અઘરી હતી. તેને જીતવાની કોઇ શક્યતા લાગતી ન હતી. .સામે બહુ શક્તિશાળી પહેલવાન હતો. ગોલુ ખૂબ ઘભરાયેલો હતો. જીવડું તેને મળવા આવ્યું અને તેને પ્રેરણા આપતા કહેવા મંડ્યું, " તું આટલી દૂર સુધી પોતાની મહેનત અને કોઈપણ જાતના ડર વિના આવ્યો છું, તો અત્યારે ડરીને પોતાની મહેનતને કેમ વ્યર્થ કરે છે? જાત પર વિશ્વાસ રાખ અને આગળ વધ". આ વાત સાંભળી તેનામાં પાછો ઉત્સાહ ભરાઇ ગયો.

સ્પર્ધાના દિવસને હજી એક અઠવાડિયાની વાર હતી. દરેક જગ્યાએ જાહેરાત થઈ ચૂકી હતી. ગોલુને પેલું જીવડું મળવા આવે છે. અને તેને કહે છે ચલ હું તને કશુંક બતાવું. અને જીવડું તેને એક એક કરીને દુનિયાના વિવિધ મહાન પહેલવાનોની પાસે અદૃશ્ય રીતે એ લઈ ગયું અને તેમની અમૂક ચોક્કસ પદ્ધતિ પર જીવડાંએ ગોલુનું ધ્યાન દોર્યું. ગોલુ એનું અધ્યયન કરવા લાગ્યો. આખરે સ્પર્ધાનો દિવસ આવ્યો. બંને વિરોધીઓ અખાડામાં ઉતર્યા. ગોલુએ ભગવાનનું નામ લીધું. અને કુસ્તીની શરૂઆત કરી. તેનું ધ્યાન ખાલી પોતાનાં લક્ષ્ય એટલે કુસ્તી પર હતુ. આમ કરતાં છેલ્લો રાઉંડ આવ્યો. ત્યારે બંનેની બરોબરી હતી. હાર-જીત આ છેલ્લા રાઉંડ પર નિર્ભર હતી. વિરોધીએ ગોલુને ધક્કો માર્યો અને ગોલુ જમીન પર પડી ગયો. રેફરીએ ગણવાનું શરૂ કર્યું, "એક...બે...ત્રણ...ચાર...પાંચ". છ બોલે તે પહેલા ગોલુ ઊભો થઇ ગયો. ઊભા થતાં જ તેણે વિરોધીને ધક્કો મારી દીધો. વિરોધી તરત જ પડી ગયો. રેફરીએ દસ સુધી ગણ્યું પણ તે ઊભો થઇ શક્યો નહી. આ રીતે ગોલુ સ્પર્ધા જીતી ગયો.તે બહુ ખુશ થઇ ગયો.



તેને સોનાનું ચંદ્રક આપવામાં આવ્યું.તે પોતાનું ચંદ્રક જીવડાને બતાવા ગયો. પણ તેને ક્યાંય જીવડું મળ્યું જ નહી. ગોલુએ જીવડાને બહુ ગોતયું પણ જીવડું ક્યાંય ન દેખાયું.

તમને શું લાગે છે? જીવડું ક્યાં ગયું હશે? તે જીવડું ગોલુની મદદ કરવા કેમ આવ્યું હશે? વાસ્તવમાં તે જીવડું આપણા બધાંની અંદર રહેલું છે.આ જીવડું કઇ નહી પણ આપણું આત્મ-વિશ્વાસ છે. જો આપણે આપણા લક્ષ્ય પર અડગ હોઇએ તો આપણને કોઇ રોકી શકે એમ નથી.



નામ :- જાડેજા ઓમશ્રીબા યુવરાજસિંહ

શાળા :- ઓમ વિદ્યા મંદિર (ગાંધીધામ)

ધોરણ :- 10

મોબાઈલ . નં. :- ૯૮૨૫૮૭૬૮૩૫

# ભોજન નો કાયદો

શાળાએથી આવતાવેંત આજ તો ઘરમાં ઘમાસાણ યુદ્ધ જામ્યું અને એ પણ મમ્મી સાથે ચીકુનું દરરોજ લીલું શાક અને કઠોળ જ ખાવાનું ? દુનિયામાં બીજુ ઘણુ બધુ હોય છે જમવાનું એવું શા માટે બનાવતા નથી? મમ્મી પર રોષ ઠાલવતો ચીકુ બોલી પડ્યો. મમ્મી પણ નવાઈ પામ્યા કેમ કે ચીકુનું આવું રૂદ્રસ્વરૂપ લગભગ મમ્મીએ પહેલીવાર જોયુ પણ મમ્મી પણ મમ્મી જરાંને તેઓએ નાટક સ્વરૂપે દલીલ ચાલુ રાખી "હોય અમને ભાવડે એ અમે બનાવીએ. રોજ ઊઠીને શું નવું કરવાનું" મમ્મી બોલ્યા. છાપુ વાંચતા હસમુખલાલ દાદા તો મુછમાં હસવા લાગ્યા.

તેઓએ ચીકુને બોલાવ્યો અને પંપાળીને અને પાસે બેસાડીને તેનું ઉપરાણું લીધું કે સાચી વાત છે. ચીકુ હવે તો મારો ચીકુ કહેશે એ જ બનશે.

Scanned with OKEN Scanner

દાદાજીએ તો નોટબુક અને પેન ચીકુના હાથમાં આપતાં કહ્યું, "બેટા આમાં રવિવારનાં બપોર તથા રાતનાં જમવાનાં મેનુથી શરૂ કરી શનિવાર સુધીનાં જમવાનાં વાનગીનાં નામ લખી આપ હું તારી મમ્મી પાસે એ બનાવડાવી આપીશ." અરે વાહ! લવ યુ દાદાજી કહેતાંકને ચીકુભાઈ તો દાદાજીને ભેટી જ પડ્યા!

"પણ આજે મેં ભૂલથી જે બનાવ્યું છે તે તો આજે જમો" મમ્મી દાદાજીની યોજના સમજી જતાં ચીકુને કહેવા લાગ્યા. "હા." "આજે વાંધો નહીં પણ જમીને આપણે લીસ્ટ બનાવશું હો દાદાજી." ચીકુ કહેવા લાગ્યો. "ના હો આપણે નહીં." દાદાજીએ ચીકુને કહ્યું "ખાસ તારે જ યાદી બનાવવાની છે બેટા." દાદાજી બોલ્યા.

બધાં હાથ જોડી પ્રાર્થના કરતાં સાથે જમ્યા રીંગણ-તુવેરનું શાક, દાળ, ભાત, રોટલી, છાશ, પાપડ તથા ગોળ ચીકુભાઈએ રોફ ભેર ખાધું અને નવા ભોજન મેનુની યાદી બનાવવા ફટાફટ જમી થાળીને પગે લાગી ઊભા થયા પોતાની થાળી બહાર ચોકડીમાં મુકીને ચીકુનો નોટબુક અને પેન હાથમાં પકડી જમવાની વાનગીના નામ લખવા બેઠો.

પીત્ઝા, બર્ગર, પાસ્તા, સેન્ડવીચ, પછી આગળ નામ યાદ ન આવતાં વળી વિચાર કરવા કપાળ પર પેન દબાવવા લાગ્યા વળી કંઈક નવીન સ્ફુરતા આગળ યાદીમાં લખવા લાગ્યા, મસાલા ઢોંસા, ઇડલી, પાણીપુરી, કેક આટલા નામ બોલતા ચીકુનાં મોંમા પાણી આવી ગયું. "વાહ! કેટલી સરસ વાનગી લખી મેં રોજના કંટાળા

જનક શાક - રોટલી કરતાં આ કેટલું સારું" ગર્વ સાથે ચીકુને તો વિજેતા જેવી લાગણી થવા લાગી.

યોજના મુજબ રવિવારથી ચીકુભાઈની યોજના મુજબનું મેનુ બનાવવાનું શરૂ થયું રવિવારે બપોરે પિત્ઝા તથા રાત્રે પાણીપુરી લખેલી નોટબુકમાં મમ્મીએ વાંચી અને એ મુજબ બપોરે પિત્ઝા તથા ઘરનાં અન્ય સભ્યો માટે પિત્ઝા સાથે દાળ-ભાત, શાક-રોટલી તૈયાર કર્યાં.

દરરોજની જેમ ઘરનાં બધાં સભ્યો સાથે ચીકુ જમવા બેઠા પહેલાંની પ્રાર્થના બોલી ભોજનને પગે લાગ્યો અને પિત્ઝા પોતાનાં પસંદના હોવાથી ફટાફટ જમવા લાગ્યો પણ અન્ય જમવાની વસ્તુને હાથ પણ ન અડાડ્યો દાદાજીની સૂચના હોવાથી કોઈએ ચીકુને રોક્યો નહીં.

રાત પડીને ચીકુભાઈ એ પાણીપુરી ભરપેટ ખાધી ત્યારબાદ સોમવારે બપોરે સેન્ડવીચ અને કેક બપોરે તથા રાત્રે ઢોસા, મંગળવારે બપોરે પાસ્તા અને રાત્રે બર્ગર.... વાહ! આટલું સરસ જમવાનું છોડીને આ લોકો ખીચડી - કઢી કેમ જમતા હશે એવું ચીકુભાઈ મનમાં વિચારવા લાગ્યા. અને દસ વાગ્યે પ્રાર્થના કરી ઊંઘી ગયા. પણ રાત્રે પેટમાં સખત બળતરા ઉપાડી બાજુમાં સૂતેલાં દાદાજીને ઉઠાડ્યા. તેઓએ ઠંડુ દૂધ આપ્યું અને ચીકુભાઈએ કમને પીધું પછી સૂતા પણ હતાં થોડી - થોડી વારે બેચેન થતાં - થતાં સવાર પડી, સવાર થતાં તો

પેટમાં અસહ્ય દુઃખાવો અને સાથે ઝાડા થાલુ થઈ ગયાં.

મમ્મીને ચીકુની તબિયત જોતા જ તેને દવાખાને લઈ જવાની જરૂર લાગી ત્યાં નજીકનાં દવાખાને પહોંચતા જ ડોક્ટર સાહેબે ચીકુને પોતાની જીભ બતાવવાનું કહ્યું ત્યારબાદ તેનું પેટ તપાસ્યુ. "ગેસ, એસિડીટી, અપચો પ્રકોપ લાગે છે." એવું ડોક્ટર સાહેબે જણાવ્યું.

તેઓએ ચીકુને શું જમ્યા હતાં તેની વિગત પૂછી. પિઝ્ઝા, બર્ગર, પાણીપુરી, કહેતાં - કહેતાં નીચી નજર કરી ચીકુ ત્રાંસી આંખે મમ્મી સામે જોવા લાગ્યો. આમાંની એક પણ વસ્તુ આપણાં શરીરને પોષણ આપી શકે નહી? શું આ જમવાની વસ્તુ કહી શકાય?

આ તો ક્યારેક સ્વાદ ફેર કરવા લાયક નાસ્તો કહેવાય તેનાં ઘરનો ઠીક પણ બહાર ખાવાના માટે વધતો જતો પ્રભાવ બરોબર ઘાતક સાબિત થાય તેમ છે. "હવે ચીકુને સારું તો થઈ જશે ને?" ચિંતાયુક્ત મમ્મીએ પૂછ્યું. "હા... હા... ડોન્ટવરી પણ ચીકુ પેશન્ટ / સાવચેતી લેવી પડશે." ડોક્ટર સાહેબ બોલ્યા. "શું સાવચેતી?" ચીકુ બોલ્યો. "જમવાની અને દિનચર્યાની ડોક્ટર સાહેબે કહ્યું અને સાથે દવા તો ખરી જ." દવાનું નામ સાંભળતા જ ચીકુનું મોં બગડી ગયું પણ હવે શું થાય. ડોક્ટર સાહેબે દવાની પરચી સાથે સાદો ઘરનો ખોરાક જમવા કહ્યું. જેમાં ખીચડી, કઢી, શાક, રોટલી, દાળ-ભાત સમાવિષ્ટ હતા.

Scanned with OKEN Scanner

ધીરે ધીરે ચીકુભાઈ હોશ આવ્યા તેઓને ન ગમતો ખોરાક ખાવાનો વારો આવતા તે રડી પડ્યો. દાદાજીએ ચીકુને ખોળામાં બેસાડી દવા પીવડાવ્યા બાદ વાત કરી કે ખાટી , ખારી, ગળ્યો , તૂરો , કડવો જેવા રસોથી આપણો રોજબરોજનો ખોરાક બને છે. જે શરીરની તમામ જરૂરિયાત સંતોષે છે જ્યારે તારી થાળીમાં તેલ, મસાલાથી ભરપૂર આહાર તારી જીભને આનંદ આપી શક્યા પણ તારા પેટ માટે તે ઘાતક સાબિત થયા. તમને આ બધી ખબર હતી? ચીકુએ પૂછ્યું. દાદાજીએ હકારમાં માથું ધુણાવ્યું. પણ મને પહેલા ના કેમ કીધું? ચીકુભાઈ બોલી પડ્યા.

જો હું તને સીધે સીધુ કહેત તો તું મમ્મી સાથે લડાઈ કર્યા બાદ રિસાઈને તે દિવસ પણ જમવાનો અનાદર કરી નાખત, અને વળી બીજે દિવસે તને પાછા અમે જ દોષિત ઠેરાવત આથી તને સત્યતાનો અનુભવ કરાવવા માટે આવું કરવું પડ્યું. "સોરી, દાદાજી હવે હું ખાવાની બાબતમાં આવાં યુદ્ધ નહી માંડું." કહેતા ચીકુ દાદાજીને ભેટી પડ્યો.

સાથે-સાથે તેણે દાદાજીની હાજરીમાં મમ્મીની પણ માફી માંગી અને તેઓ જે બનાવશે તે જમવાનું પાક્કું પ્રોમિસ દિલથી આપ્યું. મમ્મી પણ ગળગળા થઈ ગયા અને તેઓએ પણ ચીકુને એકદમ સારુ થઈ ગયા બાદ અઠવાડિયામાં દર રવિવારે ઘરના સભ્યો તથા ચીકુની પસંદગીનું ભોજન બનાવવા વચન આપ્યું.

Scanned with OKEN Scanner


બસ પછી શું હતું ઘરનું ઘમાસાણ યુદ્ધનો ખૂબ જ સરસ અંત આવ્યો ચીકુભાઈ પણ ડોક્ટર સાહેબની સલાહ તથા દવા ઉપરાંત પરિવારની કાળજીથી સાજા થઈ પહેલાં જેવાં નિરોગી બની ગયાં. પણ હા ચીકુભાઈએ જમવા બાબતે ફરીથી ઘરમાં ક્યારેય ઝઘડો કર્યો નથી અને મિત્રોને પણ દાદાજીની સલાહ પૌષ્ટિક જમવાની વાતો કરવા લાગ્યા છે, આ બધું જોઈ હવે મમ્મી પાપા એકદમ ખુશ રહેવા લાગ્યા છે.

Scanned with OKEN Scanner

# દુનિયાનું હૃદય



કેમ છો ! મજામાં ને ! હું આજે મારી આ વાર્તામાં મારી કલ્પનાના હૃદય અંગેની વાત રજૂ કરવાની છું. તો ચાલો આજે હું તમને મારી વાર્તાની સફરમાં લઈ જઉં. એક નાનું ગામ, ગામનું નામ ધબકાર, ગામનાં બધા લોકો સુખી અને હોશિયાર. ત્યાં ભગતને જ બધા સૌ રચયનું એવું માનતા હતા. ધબકારની વિખ્યાત શાળામાં એક સ્પંદન નામનો વિદ્યાર્થી હતો. નામથી છેતરાઈ ના જતા હો! સ્પંદન ખૂબ જ પ્રતિભાશાળી હતો પરંતુ તેના માં જરા પણ સંવેદનશીલતા નહોતી. આ કારણ સર સ્પંદનના મિત્રો તેને પથ્થર કહીને ચીડવતા. તેના માતા-પિતાને અને તેના ગામવાળાને તેના ઉપર ખૂબ જ વિશ્વાસ હતો. બધા એવું જ માનતા હતા કે સ્પંદન મોટો થઈને કંઈક અનોખું જ કરશે. સ્પંદને મોટા થઈને વિજ્ઞાનમાં સંશોધનના ક્ષેત્રમાં કામ કરવાનું નક્કી કર્યું. ઘણી મહેનત બાદ આખરે તેણે અકલ્પનીય શોધ કરી જ લીધી. તેણે એક એવા હૃદયનું નિર્માણ કર્યું કે જે રોજિંદા જીવનમાં બધા જ પ્રકારની ઉર્જા પેદા કરતું હતું. તે કૃત્રિમ બુદ્ધિ દ્વારા વીજળી પેદા કરતું અને તેને નિયંત્રણ કરી શકતું જેથી એની ઉપર આખી દુનિયા તકનીકી ક્ષેત્રે નિર્ભર હતી. એટલે આ કોઈ સાધારણ હૃદય નહોતું, પરંતુ આ હૃદય આખી દુનિયાને



કાબુ કરી શકે તેવું હતું. હૃદય કૃત્રિમ બુદ્ધિથી બનેલું હતું અને એ આપણી પ્યારી પૃથ્વી થી ખૂબ જ દૂર અકલ્પનીય બ્રહ્માંડમાં ફરી રહ્યું હતું. તેનું દુનિયાની સૌથી વિશ્વાસનીય એજન્સી 'એવિએશન' દ્વારા નિર્માણ કરવામાં આવતું હતું. આ એજન્સી ખૂબ જ કડક સુરક્ષાથી હૃદયની રક્ષા કરી રહી હતી. જ્યારે ~~પ્રતિભા~~ પ્રતિભાશાળી સ્પંદન કે જેને લોકો પથ્થર કહેતા એણે પોતે હૃદયની શોધ કરી હતી તેથી તે એવિએશન કંપનીનો સી.ઈ.ઓ. હતો. હૃદય દુનિયાને કાબુ કરી શકતું હતું એટલે આવી શોધ કરનારાના ઘણા ઈર્ષા કરવાવાળા લોકો પણ હતા જેનું નામ આર્ક હતું. આર્ક ઈર્ષાળુની સાથે બુદ્ધિશાળી પાત્ર એટલા જ હતા, જેના કારણે એ લોકો કોઈ પણ વસ્તુનો આઈ.પી. એડ્રેસ મેળવી, તેને હેક કરી શકતા હતા. આર્કે સ્પંદનને જોયો લગાવ્યો અને સ્પંદને ફોન ઉપાડ્યો, જેથી તેમને તેના ફોનનો નિયંત્રણ મેળવી લીધો અને હૃદય સંગેની બધી માહિતી મેળવી લીધી. એવિએશનના ધ્યાનમાં આ વસ્તુ આવવાથી તેમનો જીવ અડધો થઈ ગયો કેમકે તેની પાછળ તેમની અવિરત મહેનત હતી. આ મુશ્કેલીના કારણે એવિએશન અને આર્ક વચ્ચે યુદ્ધ થઈ ગયું. આ યુદ્ધ તલવારો અને બંદૂકો વાળું તો નહીં પરંતુ સોફ્ટવેર સિસ્ટમ પર હતું. આર્કે પોતાના સહાયક કર્મચારી દ્વારા હૃદયની મુખ્ય સિસ્ટમ હેક કરાવડાવી. આ હેકિંગ ખૂબ જ શક્તિશાળી હતી અને અલગ - અલગ સ્ત્રોતો થી હૃદયને કાબુ કરવી

હતી. એવિએશનની સોફ્ટવેર સિસ્ટમ પણ હૃદયની રક્ષા નહોતી કરી શકતી. આ રીતે એવિએશનનાં હાથમાંથી હૃદયનું નિયંત્રણ જતું રહ્યું. યુદ્ધના લીધે હૃદય સરળ થઈ ગયું હતું અને આ અસર હૃદય ઉપર એટલી જોરદાર પડી કે હૃદય નબળું થતું ગયું. તે તો ધીમી ઝડપે બંધ થવાના આરે પર હતું. હૃદય કામ કરતું બંધ થઈ ગયું અને તેના ટુકડા થઈ ગયા. આ ટુકડા આખી પૃથ્વી ઉપર વિખરાઈ ગયા. એવિએશનને તો જાણે પગ નીચેની જમીન સરી ગઈ હોય એવું લાગ્યું. તેમની હૃદય બનાવવા માટેની વીસ વર્ષની મહેનત પાણીમાં ફરી ગઈ. એવિએશને જ્યારે હૃદય બંધ થવાની ક્રિયા જોઈ ત્યારે તેમને ખબર પડી કે પૃથ્વી ઉપર ઓક્સિજનનું સ્તર ઘટતું ગયું. ઘણા પ્રયાસો કર્યા છતાં આ ભયાનક સ્થિતિ, સ્પંદન કે પથ્થરના હાથમાં ના રહી. બધી જ સિસ્ટમ એવિએશનના નિયંત્રણની બહાર અને આર્કના નિયંત્રણમાં આવી ગઈ હતી. આ સ્થિતિ સ્પંદનના હાથમાં ન રહેવાને કારણે આર્કે સ્પંદનને સી.ઈ.ઓની પોસ્ટ પરથી કાઢી મૂક્યો.

સ્પંદન આ વાતથી હતાશ થઈ ગયો છતાં તેણે હિંમત ના હારી. તેણે આખરી અદ્ભુત પૃથ્વીના લોકોની મદદ લેવાના અંગે વિચાર કર્યો. આ વાત તેણે સામાજિક મીડિયા દ્વારા રજૂ કરી. આ વાત શહેરોમાં, ગામોમાં અને જંગલોના આદિવાસીઓ સુધી પહોંચી ગઈ. ધીમે-ધીમે આ વાત બધે ફેલાઈ ગઈ. લોકોનો સહારો મળવાથી તેની હિંમત જળવાઈ રહી. સ્પંદને લોકોની મદદ દ્વારા પૃથ્વીની અલગ-અલગ જગ્યાએ ખોજ કરવાનું ચાલુ કર્યું. લોકોને ઘણી તકલીફ સહન કરવી પડી છતાં તેમણે સ્પંદનનો સાથ આપવાનો ના છોડ્યો. ધીમે-ધીમે લોકોને હૃદયના ટુકડા મળતા ગયા. અમુક ગામોમાંથી તો અમુક જંગલો અને શહેરોમાંથી મળ્યા. હૃદયના ટુકડાની શોધ ચાલુ રહી અને છેવટે સ્પંદનને બધા ટુકડા મળી ગયા. તેણે લોકોનો ખૂબ આભાર માન્યો. તેણે આ બધા ટુકડા ભેગા કર્યા અને એવિએશન પાસે જઈ અને કહ્યું, "લો, આ હૃદયને નિયંત્રણ કરવા માટે તેના ટુકડા. તમે તો મને

ઓવિઓશન માંથી રજા આપી દીધી હતી છતાં મારો જીવ ઊંચો-નીચો થયા કરતો હતો એટલે મેં આ પગલા લીધા." ઓવિઓશન આ સાંભળીને ખુશ થઈ ગયા, અને સ્પંદનને ફરી એક વાર સી.ઈ.ઓ. બનાવી દીધો. તેમને આ વસ્તુની જાણ હતી કે હૃદય ફરી એક વાર સક્રિય થશે અને દુનિયા ફરી એક વાર પહેલા જેવી થઈ જશે.

ઓવિઓશને ફરીથી પોતાની અદ્‌ભૂત બુદ્ધિનો પ્રયોગ કરી, કોડીંગ કરવાનું ચાલુ કર્યું. તે લોકો એ અગણીત પ્રયાસ કર્યા છતાં પણ બધા નિષ્ફળ ગયાં. હૃદય ધડકતું જ નહોતું, તે તો જાણે નાના બાળકની જેમ જીદ પર ચડી ગયું હોય એવું લાગતું. તે લોકોએ ઘણા પ્રયત્નો કર્યા, કોડીંગ બદલ્યું; જગ્યા બદલી; નેટવર્ક જોયું છતાં હૃદયના ઓરડામાં જાણે લાકડે-માંકડું જોડી દીધું હોય એ રીતે તે જવાબ જ નહોતું આપી રહ્યું. બધા મૂંઝવણમાં પડી ગયા કે આખરે આ ચાલુ કેમ નહોતું થતું! ઓવિઓશને જ્યારે આ વિષયમાં ખૂબ ઊંડા ઉતરીને ખોજ કરી ત્યારે ખબર પડી કે પૃથ્વીના લોકોનો સ્વભાવ ખૂબ જ ચીડચીડો થઈ ગયો હતો. બધાને એક-બીજા પ્રત્યે ઘૃણા અને ઈર્ષ્યા જ થતી હતી. બધા મારું-તારું કરીને પોતાનું જીવન વ્યર્થ અથવા નિરર્થક બનાવી રહ્યા હતા. પૈસાની લાલચમાં લોકો સંબંધોને દાવ પર લગાવી દેતા. બધા લોકો નિરાશા માં અટવાઈ ગયાં હતા. જ્યારે ઓવિઓશનને આ વાતની ખબર પડી ત્યારે એ લોકો ચોંકી ગયાં. તે લોકો એ બધાને સમજાવ્યું કે જીવન માંથી વેરઝેર મીટાવીને એક-બીજા જોડે સંપીને રહેવું જોઈએ. તે લોકો એ અલગ-અલગ યોજનાઓ અને કાર્યક્રમો ગોઠવ્યા. લોકોને સમજાવવામાં આવ્યું કે જ્યારે પૃથ્વી પર ના બધા લોકો આનંદ, ઉલ્લાસ અને પ્રેમ વાળું જીવન જીવશે ત્યારે જ હૃદય ધડકવાનું ચાલું કરશે.

લોકોને તેમની આ વાત સાચી લાગી અને બધાની હીંમત અને સહારાથી ઓવિઓશન ખુશ થઈ ગયાં. બધા ખુશી અને આનંદથી રહેવા લાગ્યા અને જેના કારણે જીવની હકારાત્મકતાની અસર હૃદય પર પડવા લાગી અને હૃદય ધડકવાનું ચાલુ થઈ ગયું. એક વખત ફરી બધી ઉર્જા સ્પંદનના હૃદયના નિયંત્રણમાં આવી ગઈ અને દુનિયા હસતી-કૂદતી-ખેલતી-ટેલાતી થઈ ગઈ.

# પિંકુની ડબ્બી

માંડવીમાં રહેતો પિંકુ એક દિવસ તેના મામાના ઘરે અમદાવાદ આવ્યો. પ્રવાસના થાકના કારણે તે ઊંઘી ગયો. બીજા દિવસે તેના મામાએ તેને કહ્યું, "હાલ, તને અમદાવાદ ફેરવું ."

એટલે તે બંને ઉપડ્યા કાંકરિયા. સૌથી પહેલાં તે ચકડોળની લાઇનમાં ગયો. પણ ત્યાં ઉભેલાં લોકોને જોઈને તેણે તેના મામાને કહ્યું કે," આ લોકો તો એવી રીતે ઊભાં છે કે જાણે યુદ્ધ લડવાનું હોય!" લાઇનમાં રાહ જોતાં જોતાં એ લોકોએ સોફટી પણ ખાધી! આખરે અડધા એક કલાકે તે લોકોનો વારો આવ્યો. ચકડોળમાં બેસીને એ લોકોએ બહુ મજા આવી રહી હતી.પણ જયારે તે ચકડોળની ટોચ પર આવ્યો ત્યારે એનું મન તળાવનું સૌંદર્ય જોઈને ખુશખુશાલ થઇ ગયું. પણ બરાબર એ જ વખતે એક દુર્ઘટના થઇ.

કાંકરિયામાં ગેમ ઝોનની લાઇટ જતી રહી. આ જોઈને પિંકું તો ખૂબ જ ગભરાઈ ગયો. તેના મામાએ તેણે ધીરજ રાખવા કહ્યું. ડરેલા પિંકુએ દૂર નજર કરીને જોયું, ત્યારે તેને દેખાયું કે ખાલી કાંકરિયા ગેમ ઝોનની નહિ, પણ જાણે આખા અમદાવાદની લાઇટ જતી રહી હતી! ગભરાયેલો પિંકુ ચારેબાજુ દૂર દૂર જોતો હોય છે ત્યારે તેને દેખાય છે કે તારા જેવું કશુંક ચમકતું ઉડીને કાંકરિયા લેક તરફ આવે છે. આ જોઈને તેનો ડર વધી ગયો. જે ચમકતું કશુંક આવી રહ્યું હતું તે હવે વધુ નજીક આવી ગયું હતું અને જયારે પિંકુએ તેણે નજીકથી જોયું કે પેલું ઉડતું શું આવે છે તો તે જોઈને તો તે બેહોશ થઇ ગયો.

એને બેહોશ થતો અને પડતો જોઈને તેના મામાએ તરત તેને પકડી લીધો, પણ આ જોઈને એના મામા અને આજુબાજુવાળા લોકો પણ ગભરાઈ ગયા. એને તરત બધાંએ જગાડવા પ્રયત્ન કર્યો ત્યારે છેક દસ મિનિટ પછી પિંકુએ આંખ ખોલી.

આંખ ખોલીને એણે જોયું તો એને દેખાયું કે એ હવામાં ઉડતા દીપડાની સવારી કરી રહ્યો છે. તેણે જોયું કે આજુબાજુ બીજાં પાંચેક છોકરાઓ પણ એવા દીપડાની સવારી કરી રહયાં છે. આ બધું જોઈને પિંકુ એટલું મૂંઝાઇ ગયો કે ના પૂછો ને વાત!

તેણે તરત એની આજુબાજુના લોકોને પૂછ્યું, "આ બધું થઇ શું રહ્યું છે?" ત્યારે એક છોકરો બોલ્યો, " મને પણ નથી ખબર, મને તો બહુ ડર લાગે છે."

બીજાં લોકો કશું બોલે એની પહેલાં તો પિંકુ જે દીપડા પર બેઠો હતો, તે જ બોલવા લાગ્યો, " તમે બધાં ગભરાશો નહિ, અમે બધાં દીપડાં તમને એક સુરક્ષિત જગ્યાએ લઇ જઈએ છીએ.આ સાંભળીને તો બધાં બાળકોને આશ્ચર્ય થયું.

તે બધાંએ સામટા એક જ પ્રશ્ન પૂછ્યો. "તમે લોકો બોલી શકો છો?"

દીપડાએ કહ્યું, " હા અમે બધાં બોલી શકીએ છીએ અને અત્યારે તમે પ્લીઝ શાંત રહો. અમે તમને એક સુંદર લોકમાં લઇ જઈએ છીએ. પેલાં બધાં બાળકોને હજી થોડો ડર લાગતો હતો, પણ એ લોકોમાં થોડી હીમત આવી અને પછી પિંકુએ કહ્યું, "હું, પિંકુ છું. તમે લોકો કોણ?"

સૌથી પહેલાં એક છોકરાએ કહ્યું,"મારું નામ કંજ છે."

પછી બીજી એક છોકરીએ બોલી, "મારું નામ કિઆરા છે."

ત્યાં તો ત્રીજો છોકરો બોલ્યો, "મારું નામ શ્લોક છે."

એટલામાં ચોથી છોકરીએ કહ્યું , ..."અને હું શ્રદ્ધા છું."

અને હવે પછી છેલ્લે એક છોકરો બોલ્યો, "મારું નામ રણબીર છે."

આટલી વાત થઈ ત્યાં સુધીમાં તો બધાં દીપડાંઓએ બાળકોને કહ્યું, " હવે તમે લોકો અમને જોરથી પકડી રાખજો, નહીં તો પડી જશો. કારણ કે હવે અમે બહુ ઝડપથી લેન્ડ થઈશું." એટ્લે બધાં બાળકોએ તો ચૂપચાપ જેમ દીપડાઓએ કહ્યું એમ કર્યું.

એક જ મિનિટમાં તો એ બધાં કોઈ બીજી જમીન પર ઊતરી ગયાં. તેમણે આજુબાજુ જોયું તો તેમને લાગ્યું જ જ નહીં કે તે લોકો પૃથ્વી પર છે.

બાળકોમાંથી પિંકુએ એક દીપડાને પૂછ્યું, "આ તમે લોકો અમને બધાંને કાંકરિયાથી ક્યાં લઇ આવ્યાં?

દીપડાએ કહ્યું, "તમે ચિંતા ના કરો, આ અત્યંત સુરક્ષિત જગ્યા છે. પણ એક વાતનું ખાસ ધ્યાન રાખજો કે જો તમે લોકો આ જગ્યાના નિયમો પ્રમાણે નહીં ચાલો, તો તમને કશું પણ થઇ શકે છે." આટલું કહી બધાં દીપડાં પાછા આકાશમાં ઉડી ગયા.

આ જોઈ બાળકોને એટલી સમજ તો પડી ગઇ કે આ જે કોઈ પણ જગ્યા છે એ પૃથ્વી ગ્રહ જેવી તો નથી જ. આ કોઈ અલગ ગ્રહ ઉપર તે લોકો આવી ગયાં છે. જેની વાત કૈંક અલગ જ છે.

હવે એ લોકો એ જગ્યાએ આજુબાજુ જોવા લાગ્યાં અને આગળ આગળ ચાલવા લાગ્યાં. જેમ જેમ એ આગળ ચાલતાં હતાં, તેમ તેમ તેમને રંગબેરંગી ફૂલ, વૃક્ષ અને નદીઓ જોવા મળી. આગળ તેમને એક વિશાળ કેસરી હાથી દેખાયો.

હાથીએ તેમને પૂછ્યું, "ક્યાં ચાલ્યા જાઓ છો મિત્રો ?અહીંયા નવાં લાગો છો. ચાલો, હું તમને આ લોકની સેર કરાવું." બધાં બાળકો તો રાજી રાજી થઇ ગયાં અને હાથીની સૂંઢ પરથી જઈને તેની પીઠ પર બેસી ગયાં.

હાથી તેમને સૌથી પહેલાં ચોકલેટની નદી પાસે લઇ ગયો. એ જોઇને તો બાળકોનું મન એકદમ પ્રફુલ્લિત થઈ ગયું કે અરે વાહ અને એમના સૌના મોંમાં પાણી આવી ગયું! કંજ, રણબીર અને પિંકુ તો સીધા એમાં કૂદી જ પડ્યા! શ્રદ્ધાએ જોયું કે ચોકલેટની નદીના કિનારે એક સ્ટ્રોબેરીનું ઝાડ હતું. શ્લોક,શ્રદ્ધા અને કિઆરા તો સ્ટ્રોબેરી તોડવા લાગ્યા અને એ લઈને સીધાં ચોકલેટની નદીમાં ડૂબાડીને ખાવા લાગ્યા.

શ્લોક તો ખાતો જાય અને 'યમ્મી', 'યમ્મી' બોલતો જાય અને બીજી બાજુ કિઆરા પણ "હા, આ તો સાચે જ બહુ જ સ્વાદિષ્ટ છે" કહીને ખાવા જ લાગી.

પિંકુ, રણબીર અને કંજ પણ ચોકલેટની નદીમાં તરતાં તરતાં બીજી બાજુ જતાં રહ્યાં. એ લોકોએ જોયું કે નદીની પેલે પાર તો અલગ અલગ રંગબેરંગી ઝાડ હતાં અને એ દરેક ઝાડમાંથી અલગ-અલગ ટોફીસ, ફ્રૂટ્સ, જેલી, ચોકલેટ બોલ્સ, અને બીજી ઘણી કેન્ડી લટકતી હતી. આ જોઈને કંજ અને પિંકુ તો એકદમ એ બધાં ઝાડ પર તૂટી જ પડ્યાં. પછી તો એ લોકોએ શ્લોક,કિઆરા,અને શ્રદ્ધાને પણ બૂમ પાડી પાડીને બોલાવવ લાગ્યાં. શ્રદ્ધા અને કિઆરા તો તરત જ એ લોકો તરફ જવા તરવા લાગ્યા.

પણ શ્લોકને તરતા નહોતું આવડતું એટલે એ તો ગભરાઈ ગયો અને ઊભો રહી ગયો. આ જોઈને કેસરી હાથીએ તરત એને કહ્યું, "તું ડરીશ નહીં, હું તને નદી પાર કરવી દઇશ." આટલું સાંભળીને તો શ્લોક ખુશ થઈ ગયો અને પછી તરત જ એ તો હાથીની સવારી કરીને ચોકલેટની નદીમાંથી પાર થવા લાગ્યો અને એ સમયે નદીની બરાબર વચ્ચે આવીએ તો એણે એ નદીમાંથી થોડીક ચોકલેટ પણ ચોકલેટ શેકની જેમ પી લીધી!

હાથીએ શ્લોકને બહુ સરસ રીતે ચોકલેટની નદી પાર કરાવી દીધી. સામે કિનારે પહોંચીને શ્લોક તો ખુશ થઈ ગયો અને બધાં મિત્રોને વળગી પડ્યો! બધાં આનંદમાં આવી ગયાં!

હવે કેસરી હાથીએ બાળકોને કહ્યું, "ચાલો મિત્રો, હવે મારે નીકળવું પડશે અને હા એક વાત કહી દઉં; કે આ જંગલમાં આગળ જતાં એક પિન્ક કલરનું ઝાડ આવશે.તે ઝાડનું કોઈ પણ ફળ તમે લોકો ખાતાં નહીં, ભલે તમારું જેટલું પણ મન લલચાય પણ જો તમે એ ફળ ખાઈ લીધું, તો તમારી સ્કિનનો કલર પિન્ક થઇ જશે. જો કે એના પછી બે કલાકમાં તો તમે નોર્મલ થઇ જશો, પણ અગર બે કલાકથી વધુ થઇ જાય તો આ ડબ્બીમાં જે ગોળી છે એ ખાઈ લેજો." એમ કહીને એણે એક ડબ્બી એ લોકો સામે ધરી. પિંકુએ તરત એ ડબ્બી લઈને પોતાના પોકેટમાં મૂકીને આગળ ચાલવા લાગ્યો.

આગળ જતાં એ લોકોએ જાતજાતના રંગબેરંગી ઝાડ, મિક્સડ ફ્રૂટની નદી અને એક ચોકલેટ ડ્રીમહાઉસ પણ જોયું. ચોકલેટ ડ્રીમહાઉસની અંદર જતાં જ તેમના ઉપર ચેરી ફ્લેવરવાળા વિપપેડ ક્રીમ પાડવા લાગ્યું, જાણે એનાથી તેમનું સ્વાગત ના થતું હોય! આ હાઉસમાં એ લોકો આમતે એમને ભાવતાં ભોજન પણ રાખેલાં હતાં, જેમાં જાતજાતની મીઠાઈઓ, ફાસ્ટ ફૂડ અને કોલ્ડ ડ્રિંક્સ અને બધુ હતું! એ લોકોએ તો

બહુ બધી મીઠાઈઓ ખાધી! જેમાં લાલ ગુલાબજામુન, મોટા રસગુલ્લા, કાજુકતરી, ચોકલેટબરફી, બટરસ્કોચ પૅનકેક્સ અને બીજી ઘણી મીઠાઈઓ હતી! એ પછી એ લોકોએ જાતજાતના પિઝા અને પાસ્તા અને વૉફેલ્સ પણ ચાખ્યાં. ને પછી ચોકલેટ ડ્રીમહાઉસમાંથી એકદમ ધરાઈ ગયાં, ત્યારે તે આગળ ચાલવા લાગ્યાં.

થોડુંક ચાલ્યાં ત્યાં તો અચાનક એ લોકોને એક નહીં પણ અનેક પિન્ક ઝાડ દેખાવા લાગ્યાં! એ લોકોને તો આશ્ચર્ય થયું કે એકની જગ્યાએ આટલાં બધાં પિન્ક ઝાડ! હવે એ લોકો મૂંઝાઇ ગયાં કે આમાંથી કેસરી હાથી એજે પિન્ક ઝાડની વાત કરી હતી, એ ઝાડ કયું? આ જોઈને કિઆરાએ બધાંને ચેતવી દીધાં, " કોઈ પણ આ એકપણ ઝાડમાંથી કોઈ પણ ફળ ખાતાં નહીં. પણ આ કલર તો પિંકુનો ફેવરિટ હતો અને એમાં વળી આખું પિન્ક કેરીથી ભરેલું એ ઝાડ! હવે પિંકુ માટે કંટ્રોલ કરવું મુશ્કેલ હતું. બધાંએ કિઆરાની વાત માનીને આગળ વધવાનો નિર્ણય લીધો. પિંકુએ પણ વાત તો માની લીધી, પણ એણે ચુપકેથી એક કેરી તોડીને પોતાના બીજા પોકેટમાં મૂકી દીધી અને એ બધાં લોકો સાથે ચૂપચાપ ચાલવા લાગ્યો.

બધાંથી પાછળ ચાલતાં ચાલતાં પિંકુથી હવે રહેવાતું નહોતું. તેણે પોતાના ખિસ્સામાંથી કેરી કાઢી, તેના ઉપરના ભાગને નખથી કાપીને ઘોરીને ખાવા લાગ્યો. તેને કેરી બહુ સ્વાદિષ્ટ લાગી. આગળ બધાં લોકો વાતો કરી રહ્યાં હતાં, પિંકુને ચૂપચાપ ચાલતો જોઈને રણબીર અને શ્રદ્ધાએ પાછળ જોયું, તો આ શું????

પિંકુ તો આખો પિન્ક કલરનો થઇ ગયો હતો, હવે એ જોઈને એ લોકો તો ગભરાઈ ગયાં અને એ લોકોએ આગળ ચાલતાં બીજાં મિત્રોને આ વાત કહી. ગભરાતાં ગભરાતાં બધાં પિંકુને જોઈ રહ્યાં! એ લોકોએ જોયું કે પિંકુના હાથ આખા પિન્ક થઈ ગયાં હતાં. એ જોઈને પિંકુ તો પોતે પણ ડરી ગયો હતો. આ જ વખતે રણબીરને અચાનક યાદ આવ્યું કે હાથીએ એ લોકોને એક ગોળીનો ડબ્બી આપી હતી અને પિંકુએ એણે પોતાના જ ખિસ્સામાં મૂકી હતી. રણબીરે તરત જ પિંકુને તે ગોળી ખાવાનું કહ્યું. પિંકુએ પણ તરત જ એ ગોળી કાઢી અને ખાઈ લીધી. પણ એના પછી તો તે તરત જ બેહોશ થઇ ગયો અને દસ મિનિટ સુધી તો ઊઠ્યો જ નહિ.

આખરે દસ મિનિટે જ્યારે તેની આંખ ખૂલી, ત્યારે તેણે જોયું કે તે કોઈ રૂમમાં બેડ પર સૂતેલો છે. તેને રૂમની બહાર સીડી પણ દેખાઈ. એ ઊભો થયો અને સીડીએથી નીચે જઈને જોવા લાગ્યો કે આ બધુ શું છે?

અને અચાનક એણે જોયું કે તેના મામા-મામી નાસ્તો કરી રહ્યાં છે. તેણે જોઈને તેના મામાએ કહ્યું, "આવ બેટા, લે જલેબી-ફાફડા ખા. અને આ મસ્ત મજાનો કેરીનો રસ પી."

આટલું જોઈને અને સાંભળીને પિંકુના જીવમાં જીવ આવ્યો. એણે પોતાની આંખો ચોળીને ફરીથી આજુબાજુ જોયું અને આ બધુ એવું ને એવું જ દેખાયું એટ્લે એ આખરે હાશકારો કરીને રાજી થયો. હવે એને સમજાયું કે તે તો એક સપનું જોઈ રહ્યો હતો. એ ફટાફટ પોતાનો ચહેરો ધોવા ગયો ત્યારે તેનો એક હાથ અચાનક તેના પોકેટ પાસે ગયો અને એણે અંદર હાથ નાખ્યો, તો એને એક ડબ્બી મળી! આ એ જ ડબ્બી હતી, જે હાથીએ આપી હતી. પિંકુ તો એ ડબ્બી જોઈને વિચારે ચઢી ગયો કે અરે આ તો સપનું હતું કે હકીકત???.....

@સ્વરાજ્ય જિગીષા રાજ


વાર્તામેળો-૮

# રાહ

અમૃતાએ ઝાપટઝૂપટથી પરવારીને ડ્રોઈંગરૂમમાં આવીને ટી.વી. ચાલુ કર્યું. ટી.વી. પર ન્યૂઝ ચેનલ ચાલુ કરતાં જ ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધનાં સમાચાર જોવા મળ્યાં. છેલ્લા ઘણાં દિવસથી ટી.વી.ની ચેનલો પર વારંવાર એકનાં એક દ્રશ્યો આવતાં હતા. યુદ્ધ વિશેનાં સમાચાર જોતા અમૃતાનું હૃદય દ્રવી ઉઠતું. તેના મનમાં એક સવાલ સતત ઘુમરાતો કે- માનવી શાંતિથી શા માટે નથી જીવતો? શા માટે તે બીજાને નડે છે? બીજાની જિંદગી બગાડે છે? જ્યારે આવા યુદ્ધ થાય છે ત્યારે તેમાં મૃત્યુ પામનાર બધાં દોષી જ નથી હોતા! અનેક નિર્દોષ નાગરિકો આ ખપ્પરમાં હોમાઈ જાય છે. પછી વાત ઈઝરાયલ અને હમાસ વચ્ચેની હોય કે રશિયા અને યુક્રેન વચ્ચેની.

અમૃતાએ અણગમા સાથે ટી.વી. બંધ કરી દીધું. તે ઊભી થઈને બારી પાસે આવી. બારીની બહારથી શહેરનો મુખ્ય રસ્તો દેખાતો હતો. તેણે જોયું કે, રસ્તાની વચ્ચો-વચ્ચ બે આખલાં બાખડ્યાં હતા. રસ્તાની બંને તરફ ભયભીત થયેલાં લોકો ઊભા હતા, તો કોઈક હિંમતવાન યુવકો બંને આખલાને છૂટા પાડવા માટે થોડે દૂર ઊભા રહીને હાકોટા પાડતાં પાડતાં તેમનાં ઉપર પાણી ફેંકતા હતા. થોડા સમય પછી બંને આખલા મહામહેનતે છૂટા તો પડ્યા પરંતુ બંનેનાં નસકોરમાંથી થતો ફૂત્કાર દર્શાવતો હતો કે બંનેનો આવેશ હજુ શમ્યો ન હતો. લોકોની અવરજવર યથાવત ચાલુ થઈ ગઈ. અમૃતા બારીમાંથી ખસીને પાછી આવી સોફા ઉપર બેસી ગઈ. તેણે પોતાનું માથુ સોફા પર નાખી આંખો મીંચી દીધી. જાણે આ બધી પરિસ્થિતિમાંથી દૂર ચાલી જવા માગતી હોય.

ઘણીવાર સુધી અમૃતા એમ જ સોફામાં પડી રહી. અચાનક જ ડોરબેલ રણકી ઉઠી. અમૃતાએ ઊભા થઈને બારણું ખોલ્યું. અમન સ્કૂલેથી પરત આવ્યો હતો. અમન- અમૃતા અને મનોજનો લાડકવાયો. તે કેન્દ્રીય વિદ્યાલયમાં ધોરણ-૧૨ સાયન્સમાં ભણતો હતો. અભ્યાસ ઉપર એન્જિનિયર બનીને તે પણ પોતાના પપ્પાની માફક જ આર્મીમાં જોડાવા માંગતો હતો.

અમન હાથ-મોં ધોવા અંદર ગયો. અમૃતાએ જમવા બેસવાની તૈયારી કરી. તે ડ્રોઈંગરૂમમાં લગાવેલ ફેમિલી ફોટોગ્રાફ સામે તાકી રહી. મનોજ આર્મીનાં [illegible] યુનિફોર્મમાં સજ્જ હતો. અમૃતાએ લાલ કિનારીવાળી મરૂન કાંજીવરમની સુંદર સાડી પહેરી, હતી અને બંનેની વચ્ચે અમન હાથમાં ત્રિરંગો લઈને ઊભો હતો. આખી દીવાલ આ એક જ તસવીરને લીધે જીવંત લાગતી હતી જાણે!

અત્યારે મનોજનું પોસ્ટિંગ બોર્ડર પર હતું. અમૃતા અને અમન સૈનિકો માટેની કોલોનીમાં રહેતાં હતા. મનોજ રજાઓમાં ઘરે આવતો. બાકીનાં દિવસોમાં અમૃતા અને અમન એકલાં જ રહેતા હતા. અમૃતા નવરાશનાં સમયમાં આજુબાજુ રહેતાં આર્મી પરિવારોનાં બાળકોને ભણાવવાનું કામ કરતી હતી. કારણ કે મનોજ સાથે લગ્ન થયા

Scanned by Scanner Go

એ પહેલા અમૃતા સ્કૂલમાં શિક્ષિકાની નોકરી જ કરતી હતી. પરંતુ લગ્ન બાદ ઘરેજ સાથે રહેવા માટે તેણે નોકરી છોડી દીધી હતી. છતાં પણ જ્યારે જ્યારે અમનને બોર્ડર પર પોસ્ટિંગ મળતું ત્યારે તો અમૃતાએ એકલા રહેવું જ પડતું.

અમન આવ્યો એટલે અમૃતાએ એને અમનને જમવાનું ચાલુ કર્યું. અમને પૂછ્યું,-

"મમ્મી, પપ્પાનો કંઈ કોલ કે મેસેજ આવ્યો?"

અમૃતા બોલી,-

"હા, માત્ર એક મેસેજ આવ્યો છે. "On a secret mission, can't talk, I am ok, don't worry.""

અમન બોલ્યો,

"OK, ડોન્ટ વરી મમ્મી, આ કંઈ પહેલી વખતનું નથી. પપ્પા ઘણીવાર આવી રીતે દિવસો સુધી પોતાના કામમાં વ્યસ્ત હોવાથી ફોન નથી કરતાં. તું ચિંતા શા માટે કરે છે?"

અમૃતા બોલી,-

"ખબર નથી પડતી બેટા! પરંતુ આ વખતે થોડું ટેન્શન જેવું થાય છે."

અમન બોલ્યો,-

"મમ્મી, તું નાહક ટેન્શન ના લે. પપ્પાએ પ્રોમિસ કર્યું છે ને કે આ વખતે તેઓ દીવાળી આપણી સાથે મનાવશે. પપ્પા ક્યારેય પ્રોમિસ નથી તોડતા. તેઓ ચોક્કસ આવી જશે. અચ્છા, મારે બહુ બધું ભણવાનું છે એટલે હું જાઉં છું."

અમૃતા બોલી,-

"હું પણ નીકળું જ છું. બાળકો મારી રાહ જોતા હશે."

મેઈન ડોરને તાળું મારીને અમૃતા બાળકોને ભણાવવા પહોંચી ગઈ.- બાળકોની સાથે તેનો સમય ક્યાં પસાર થઈ ગયો તેનો તેને ખ્યાલ પણ ન રહ્યો. તેનો મૂડ પણ નોર્મલ થઈ ગયો.

તે પાછી આવી રહી હતી ત્યાં જ કેપ્ટન વર્માના મિસિસ સામે મળ્યા.

તેઓ બોલ્યા,

"હલ્લો અમૃતા દીવાળીની તૈયારીઓ કેવીક ચાલે છે? તમારા બાળકોને હજુ ભણવા બોલાવો છો? હવે તો તેમને દીવાળીની છુટ્ટીઓ આપી દો!"

અમૃતા, હસતાં-હસતાં બોલી,

"હા, મિસિસ વર્મા, તમારી વાત સાચી છે. પરંતુ આ બાળકો એટલી જીદ કરી રહ્યા છે કે, એક દિવસની પણ રજા રાખવાનું મન નથી થતું."

"તો શું દીવાળીમાં પણ તમારા બાળકો ભણવાના છે?"

"મારું ચાલે તો હું તો ભણાવું જ, પરંતુ આ વાલીઓએ ના પાડી છે. એમના ઘરે એ બહાને ઘરનાં કામો કરાવવા દીવાળીની છુટ્ટીઓ જાહેર કરી દીધી બોલો!"

Scanned by Scanner Go

"આહો, જાણકી પોતાનાં હક્ક માટે પૂરતા સભાન છે, એ જાણીને આનંદ થયો. અરે હા! કેપ્ટન મનોજ દીવાળી તમારી સાથે ઉજવવાનાં છે કે, પોતાના રેજિમેન્ટનાં સોલ્જર્સ સાથે?"

"કહ્યું તો છે કે, અમારી સાથે મનાવશે પરંતુ આપણે જાણીએ જ છીએ કે, આપણી જિંદગીમાં સાથે તહેવારો ઉજવવાનું સૌભાગ્ય ક્યારેક જ પ્રાપ્ત થાય છે. એટલે જેવી પ્રભુની ઇચ્છા. તમારે શર્માસર આવવાનાં કે, દીવાળી પર?"

"હા! કેપ્ટન શર્મા તો દીવાળી ઉજવવા આવવાનાં જ છે અને આ વર્ષે અમારાં લગ્નને દશ વર્ષ પૂરા થાય છે એટલે અમારી દશમી લગ્નની વર્ષગાંઠ ઉજવીને જ પાછા ડ્યૂટી પર જશે."

એટલીવારમાં કેપ્ટન શર્માનો ચાર વર્ષનો દીકરો આલાપ મમ્મીનો હાથ ખેંચતા બોલ્યો,

"મમ્મી, ચાલોને આપણે ફટાકડાં લેવા જવાનું છે. ડેડી સાથે બહું બધાં બોમ્બ ફોડવાનાં છે." અમૃતાએ વ્હાલથી આલાપનાં માથે હાથ ફેરવ્યો. બંને એકબીજાને 'આવજો' કહીને છૂટા પડ્યા.

પછીનાં બે થી ત્રણ દિવસ મનોજ તરફથી કોઈ ફોન કે મેસેજ કંઈ જ ન આવતાં અમૃતાની ચિંતા વધતી ગઈ. ત્યાં જ દીવાળીના આગલી રાતે અમૃતા પર મનોજનો મેસેજ આવ્યો,

"આઈ વીલ કમીંગ ટુમોરો."

અમૃતા ખૂબ જ ખુશ થઈ ગઈ. તેણે ઝટપટ માળિયામાં ચઢીને દીવડાં ઉતાર્યા, રંગોળીનાં કલર લઈ આવી. ઘરમાં અચાનક જ ચેતના પ્રસરી ગઈ. અમૃતાએ ઘરની બહાર રોશની લટકાવી. મનોજને જ ભાવે તેવી મીઠાઈ બનાવવા તેનું લીસ્ટ તૈયાર કરી નાખ્યું.

વહેલી સવારમાં નાહી ધોઈને નવી સાડી પહેરી તે આંગણામાં રંગોળી બનાવવા બેસી ગઈ.

મિસિસ શર્મા તેને રંગોળી બનાવતા જોઈ તેની પાસે આવીને બોલ્યા,

"અરે વાહ! મિસિસ મનોજ, તમે તો ખૂબ જ સરસ રંગોળી બનાવી છે."

અમૃતા બોલી,

"કેમ તમારે રંગોળી નથી બનાવવી?"

"ના, હું તો કેપ્ટન શર્માની રાહમાં છું. એ આવશે એટલે અમે બંને સાથે મળીને રંગોળી બનાવશું. એ રંગોળી દોરશે અને હું તેમાં રંગો ભરીશ."

Scanned by Scanner Go

અમૃતા રંગોળી પૂરી કરીને ઘરમાં આવી. "મનોજને ભાવતી કઈ મીઠાઈ બનાવું?" એવું વિચારવામાં હતી ત્યાં જ તેનાં મોબાઈલમાં રીંગ વાગી.- મનોજનો ફોન હતો.

'ઓહ્ કેટલા દિવસે મનોજનો અવાજ સાંભળવા મળશે!' એમ વિચારતા તેણે ફોન રીસિવ કર્યો. ઉત્સાહમાં જ તે બોલી,

"મનોજ, તમે ક્યારે આવો છો? ફોનમાં હરખ છુપાવતી નહીં બોલતાં, દિપાવલીની શુભેચ્છાઓ તમારી આંખોમાં સમાઈને આપવી છે. અમન પણ ક્યારનો તમારી રાહ જુએ છે....."

અમૃતાનું બોલવાનું ચાલું જ રહ્યું પરંતુ સામેના છેડેથી ચૂપકીદી અનુભવતાં અમૃતા અટકી. તે બોલી,

"મનોજ તમે કંઈ બોલતા કેમ નથી? તમે આવો તો છો ને આજે?"

સામેથી કેપ્ટન મનોજનો શાંત ઠંડો અવાજ આવ્યો,

"હા, અમી, હું આજે જ ઘરે આવું છું."

અમૃતા બોલી,

"ઉફ્ફ..! તમે તો મને બિવરાવી જ દીધી હતી."

મનોજ તેની વાત વચ્ચે જ અટકાવતા બોલ્યો,

"સાંભળ અમી, તારે કેપ્ટન શર્માના ઘરે રહેવાનું છે. અમે લગભગ બે-એક વાગ્યા સુધીમાં પહોંચી જઈશું. તું ત્યાં સુધી મિસિસ શર્મા સાથે જ રહેજે. અમે જે મિશન પર હતાં તે મિશન સફળ રહ્યું છે, પરંતુ મિશન દરમ્યાન - કેપ્ટન શર્મા શહીદ થઈ ગયા છે. જય હિન્દ."

અમૃતા બોલી, "જય હિન્દ."

અમૃતા દરવાજા બહાર નીકળી. હાથમાં સાવરણી લઈને તેણે સારી સુંદર રંગોળીનાં રંગો સૂપડીમાં ભરવા માંડ્યા. ત્યાં જ આલાપ ત્યાં આવી ગયો. તે બોલ્યો,

"મમ્મ, કેટલી મસ્ત રંગોળી છે. રહેવા દો ને, શું કામ બગાડો છો?"

નિર્દોષ આલાપનાં મોઢા સામે જોતા જ અમૃતાનાં ગળે ડૂમો બાઝી ગયો.- તે ઝડપથી ઘરમાં ચાલી ગઈ. ડ્રોઈંગરૂમમાં બેઠેલા અમને ત્યારે જ ટી.વી. ચાલુ કર્યું. ન્યૂઝ હેડલાઈન આવી,

"ઈઝરાયેલે ગાઝા પર કરેલ હુમલામાં ૨૦૦ નિર્દોષ નાગરિકોનાં મૃત્યુની આશંકા."

અમૃતા સોફા પર ફસડાઈ પડી. બબડી....

"યુદ્ધમાં નિર્દોષ નાગરિકો મરે કે સિપાહી શહીદ થાય, આવના

Scanned by ScannerGo

તો બધાને એક સરખી જ ભોગવવાની આવે છે."

તે સાથે હુંયે ઊભી થઈ. બહાર આવી. મિસિસ શર્માના ઘરની ડોરબેલ વગાડી. મિસિસ શર્માએ દરવાજો ખોલ્યો. તે અત્યંત ઉમળકાથી અમૃતાને ભેટતાં બોલી,

"હેપ્પી દિવાળી મિસિસ અમૃતા."

અમૃતા આંખના ખૂણેથી બહાર આવવા મથતાં આંસુઓને મહાપરાણે રોકતા સાવ મ્લાન સ્વરે બોલી,

"હેપ્પી દિવાળી મિસિસ શર્મા......

કાશ! જગતમાંથી યુદ્ધ અને આતંકવાદ નાશ પામે તો હંમેશા હેપ્પી દિવાળી જ રહે."

— છાયા દવે

પાલિતાણા.

## જીવન-એક યુદ્ધ

સવારે ગાયમાતાને રોટલી આપી પરત ફરતી વખતે અચાનક જ મારી નજર આકાશ સામે મંડાઈ ગઈ. જોયું તો રવિ પોતાનાં કિરણોથી સૃષ્ટિને નવડાવી રહ્યો છે. બાળ સૂર્યનારાયણ સાથે થોડી વાતો કરી હું મારા કામે વળગી. બાળપણ જ તો...... સવાર સવારના ભાસ્કરને નિહાળો તો ખબર પડે કેટલી કોમળતા અને કેટલી કુણપ!!!!બાકી બપોરે ભરયૌવનના આદિત્ય સામે નજર તો માંડી જોજો, તમને એની યુવાનીના તેજ થી દઝાડી ન દે તો કેજો. સાંજે એ જ દિવાકર કેટલો દૈદિપ્યમાન થઈ વિદાય લે છે. જતા જતા ચંદ્રમાને આવકારતો પણ જાય છે. જનાર જ્યારે તંદુરસ્ત સ્પર્ધાથી આવનારને આવકારે છે ને ત્યારે બંને વચ્ચે એક ગાઢ સંબંધ બંધાય જતો હોય છે. અગોચર અને અકળ સંબંધ. પૂજા-પાઠ પતાવી બેઠક ખંડ તરફ આગળ વધવા ગઈ ત્યાં જ વહુએ હાથમાં થાળી પકડાવતા કહ્યું, “મુન્નાને જમાડી દો.” મારા પ્રિય કામને મેં સસ્મિત આવકાર્યું. મુન્નાના બાળપણમાં મારા બાળપણનું તાદાત્મ્ય શોધતી હું તેને મ્હોં માં કોળિયો મુકવા ફોસલાવવા

લાગી.દીકરો ટી.વી. પર સમાચાર જોઈ રહ્યો હતો તે મને થોડા ઘણા શબ્દો કાને અથડાતા હતા. ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ. આ યુદ્ધ શબ્દ કાને પડતા જ મારા કાનમાં જાણે ધાક પડી ગઈ. મારું સમગ્ર ધ્યાન ફક્ત આ યુદ્ધ શબ્દ પર કેન્દ્રિત થતાં જ મારા લલાટ ની રેખાઓ તંગ થઈ ગઈ. માનસપટ પર યુદ્ધ છવાઈ ગયું. એવું લાગ્યું કે જાણે હું આ શબ્દથી ખૂબ જ સારી રીતે પરિચિત છું. જાણે કે આ શબ્દને જ જીવી છું. જીવનકાળ દરમિયાન આ શબ્દ વારંવાર પગની ઠેસે આવી ચઢ્યો ને હું દરેક વખતે તેને દૂર હડસેલતી ગઈ.

હું પૂનમ. બસ પૂનમ જ. આખું નામ પૂછશો તો પણ એ જ કહીશ કે પૂનમ.બીજું કોઈ જ નામ આગળ કે પાછળ નહીં. હું વિચારવા લાગી કે આ 'યુદ્ધ' શબ્દ સાથે એવો તે શું નાતો બંધાયો છે કે પોતીકો હોય તેવું લાગે છે. હું અને યુદ્ધ વારંવાર એકબીજાની સમાંતર ચાલતા રહ્યા. બધી જ વિસ્મૃતિઓ એકાએક તાજી થવા લાગી. જન્મ સમયે જ મેં મૃત્યુ અને જીવન વચ્ચેનું યુદ્ધ આરંભ્યું. મૃત્યુને હરાવી હું તો વિજેતા સાબિત થઈ પણ મારી બા આ સંગ્રામ હારી ગઈ. બાપુજી મને એકલા હાથે ઉછેરી

રહ્યા હતા ત્યાં જ ચાર-પાંચ વર્ષમાં બાપુજીને મળવા કેન્સર આવ્યું અને બાપુજીને તેની સાથે જ લઇ ગયું. જીવનની શરૂઆત જ રણમેદાન જેવી થઇ તો પછી જીવનસફર લડાઈના મોરચા થી કમ કઈ રીતે હોઈ શકે? બાપુજીની વિદાયને બહુ ગંભીરતાથી લઈ શકું તેવડી મારી ઉંમર પણ નહોતી. મૃત્યુના ગાઢ અર્થ તરફ મારી બાળસહજ ચેષ્ટા મને લઈ જવા નહોતી માંગતી. જ્યારે મૃત્યુનો અર્થ સમજી ત્યારે થયું કે અફસોસ શેનો? બાપુજીની અણધારી વિદાયથી ઘર ખાલી. બધી જ રીતે ખાલી. હવે અહીંયા કંઈ જ ન બચ્યું. ન મા-બાપ, ન પૈસા, ન લાગણી, ન સંબંધો, ન પ્રેમ કે હુંફ, ન તો મારું બાળપણ, ન મારું ભવિષ્ય કે ન પછી હું.

" અરર....... હવે આ પૂનમ નું શું થાશે? કોણ રાખશે? એક કામ કરોને આપણી સાથે તેને જુનાગઢ લેતા જઈએ. આ ચીન્ટુડો નાનો છે તે તેને હિચકાવશે. બીજું તો શું થાય?" કાકી ના ભગ્ન હૃદયમાં અચાનક મારા માટે વ્હાલનો દરિયો હિલોળે ચડ્યો. કાકાએ હકારમાં માથું ધુણાવ્યું ને મારી જીવન યાત્રા શરૂ થઈ. ચિન્ટુ ના બાળપણમાં હું મારું બાળપણ પણ થોડું ઘણું જીવી લેતી. દુઃખના

આગમન માટે આંસુઓની દસ્તક જરૂરી છે.મારી આંખો એ તો જાણે હંમેશને માટે આ દસ્તકને દુર ક્ષિતિજ પાર કરી દીધી હતી.એ હંમેશને માટે કોરીધાકોર જ રહી.પાંચ વર્ષમાં ચિન્ટુડો તો મોટો થઈ ગયો પણ મારામાં કોઈ જ આવડત નથી તેવો અહેસાસ કાકીને થતા તેણે ફઈબા પાસે મારી ફરિયાદો વહેતી કરી. કાકીની વાણી એટલે અખંડ અને અવિરત જળધારા.તેમના શબ્દો અને લઢણ જ એટલા નિર્દોષ કે એક ક્ષણ માટે તો મને પણ મારી પરથી વિશ્વાસ ઉઠી ગયો.

" મા-બાપ વગરની દીકરી છે તે કોણ તેનામાં સંસ્કાર સિંચન કરે? કોણ સારા-નરસાનો ભેદ શીખવે?એ તો આપણે ત્યાં આવશે, આપણે સમજાવીશું અને શીખવાડીશું તો બધું આવડી જશે. આમ પણ હમણાં મારા આ ઘૂંટણના દુખાવાએ તો માઝા મૂકી છે. તો થોડી મને પણ ઘરકામમાં રાહત મળશે." ફઈબા એ ફુઆ તરફ મિટ માંડી પ્રસ્તાવ મૂક્યો. ફુઆએ હકારમાં માથું ધુણાવ્યું ને મારું સ્ટેશન બદલાયું. આમ તો કહેવાય છે કે સાચું નામ વામન સ્થળી. જ્યારે ભગવાન વિષ્ણુએ વામન અવતાર ધારણ કર્યો ત્યારે જે જગ્યાએ પ્રગટ થયા

ત્યાં આજે ભગવાન શ્રી વામનનું એકમાત્ર મંદિર આવેલું છે. કાળક્રમે અપભ્રંશ થતા થતા વામન સ્થળમાંથી આજે વંથલી થઈ ગયું જુનાગઢ થી ફક્ત પંદર કિલોમીટરના અંતરે આવેલું છે. ફઈબાનો દીકરો પાર્થ ઘણો મશ્કરો.ઘણી વખત મને કહેતો, " હું જ્યારે સ્ટેજ પ્રોગ્રામ કરીશ ને પૂનમ ત્યારે તને કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કરીશ." મારી કિશોરાવસ્થા મને આ સપના પર જરા પણ સંશય થવા દેતી નહીં.પાર્થની વાતો ચહેરા પર આછા સ્મિતનું આવાગમન કરાવતી. ફઈબાના ઘૂંટણ પર માલીશ થયું, ગરમ પાણીના શેક થયા, દવા થઈ, આરામ મળ્યો અને ઘુંટણે ફઈબાનો સાથ આપવાનું નક્કી કર્યું.દરેક ઘટનાઓ વચ્ચે કાર્ય કારણનો સંબંધ રહેલો હોય છે એવું પાર્થ ઘણી વખત કહેતો.મને ત્યારે તો કંઈ ન સમજાયું પણ આજે એટલું ચોક્કસ સમજાયું કે ફઈબાના ઘુંટણનુ સાથ આપવાનું કાર્ય મારી વિદાયનુ કારણ બની ગયું.

" હું શું કહું છું કે આપણો પાર્થ અઢાર વર્ષનો થયો ને પૂનમ પણ પંદરને આંબવા આવી. સમય જ ખરાબ આવ્યો છે.ન કરે નારાયણ ને કાલ સવારે ન થવાનું થયું તો સમાજને મોઢું શું બતાવવું?

એના કરતા તો ભાઈને ત્યાં આટો મારતા આવીએ ને આ પૂનમ ને સોંપતા આવીએ." સંપૂર્ણ શરણાગતિ સ્વીકારતા ફુઆએ વળી હકારમાં માથું ધુણાવ્યું. "અમને તો ખબર જ હતી કે મોટા ઉપાડે લઈ ગયા છો તે ખોટા સિક્કાની જેમ એક દિવસ અહીં જ પાછા આવવાના મેડમ."કાકીની વક્રદૃષ્ટિને હું શિરોધાર્ય કરી મારા સ્વાગત પ્રવચનને જીલતી રસોડામાં કામે લાગી ગઈ.દિવસ દરમિયાન તો ખાસ સમય મળતો નહીં પણ રાત્રે સુતા સુતા ઘણી વખત વિચાર કર્યા કે આજે મારા બા-બાપુજી હયાતી હોત તો જિંદગી કંઈક અલગ જ દિશામાં આગળ વધી રહી હોત. બાપુજીએ મારું નામ પૂનમ રાખ્યું, મારો જન્મ જ શરદ પૂનમના દિવસે થયેલો. બાપુજીને બિચારાને ધ્યાન બહાર રહી ગયું કે ચંદ્રને ગ્રહણ પણ પૂનમની રાત્રે જ લાગતું હોય છે.બા-બાપુજીના ફોટા સામે જોતી રમણીય જિંદગીની અનેકાનેક કલ્પનાઓમાં રાચતી હું સૂઈ જતી. દરેક દિવસની શરૂઆત થતી એક યુદ્ધની માફક. હું લડતી રહેતી મૌનની તલવાર અને સહનશીલતાની ઢાલથી. દિવસના અંતે વિજેતા થયાના આનંદને મારા ખોબામાં ભરી મારી કોરીધાકોર આંખો લઈ સૂઈ જતી.

" એ હવે આ ઓગણીસ પૂરા કર્યા આણે. ભાગી જશે તો વળી પાછી આના નામની ઉપાદિ. ક્યાંક ઠેકાણું ગોતો'તો લગ્ન કરી વળાવી દઈએ તો એક કામ પતે." કાકીની વાત કાકાને સો ટચના સોના જેવી લાગતા ફરી પાછું હકારમાં માથું ધુણાવ્યું.અમારે ત્યાં એક કહેવત છે કે, "આઈને કોઈ આણતુ નો'તુ ને આતાને કોઈ આલતું નો'તું. એ ન્યાયે મહેશને કોઈ આપતું નહોતું. આપે પણ કેમ? ભાડાની એક નાની ઓરડી, એમાં વૃધ્ધાવસ્થા જિલતી માં, બે અપરણિત યુવાન બહેન અને મહેશ રિક્ષાચાલક. આ તો એક વખત કાકા બહારગામ થી આવ્યા ને મહેશ ની રીક્ષા ઘર સુધી પહોંચવા કરી તે વાત વાતમાં ખબર પડી કે આપણે તો એક જ્ઞાતિના.તે કાકા એ લાગ જોઈને ચોકઠું કર્યું ફીટ.સમૂહ લગ્નોત્સવમાં મારું ગડગડીયુ નારીયેળ કાકા-કાકીએ મહેશને પધરાવી દીધું. મેં કાકાના ઘરેથી વિદાય લીધી. હંમેશ માટે, હંમેશની જેમ કોરીધાકોર આંખે.

"ભાભી ને તો વાંચતા લખતાય નથી આવડતું. સાવ અભણ છે ભાઈ તમને ખબર હતી?" તદ્દન નિખાલસતા અને નિર્દોષતાથી એ આધેડ

વયના વરરાજાએ હકારમાં માથું ધુણાવ્યું. ' ઉજ્જડ રણમાં એરંડો પ્રધાન' નાના નણંદબા સાત પાસ હતા તે મારો સ્વાગત-સત્કાર સમારંભ તેમના અધ્યક્ષ સ્થાને થયો.સાસરીયામાં મને ખાસ કંઈ તકલીફ જેવું લાગ્યું નહીં. 'મારું ઘર' મળવાથી હવે હું પણ આમ તો ખુશ જ હતી. હું દરેક ઉષાનું યુદ્ધના નવા પડાવની જેમ સ્વાગત કરતી અને દરેક નિશાને યુદ્ધના મધ્યાંતરની જેમ સ્વીકારતી. આમ જુઓ તો યુદ્ધ ક્યાં નથી? ક્યાંક સરહદો પર, ક્યાંક સમાજમાં તો ક્યાંક પરિવારમાં.આ તો અવિરત ચાલતી પ્રક્રિયા છે. માન, પ્રતિષ્ઠા, આબરૂ, સ્વાભિમાન, સત્તા, અધિકાર, હક, રુઆબ, દબદબો બધા માટે યુદ્ધ.અરે! અહીં તો ભાવનાઓ, લાગણીઓ અને સ્નેહ સાથે પણ યુદ્ધ ખેલાયાના દાખલા છે. ઇતિહાસ સાક્ષી છે. યુદ્ધના સ્વરૂપ બદલાય છે અને યુદ્ધમાં તમારી ભૂમિકા બદલાય છે.બાકી યુદ્ધ તો તમારે લડવું જ રહ્યું.જેમ જેમ ઉંમરમાં વર્ષો ઉમેરાતા ગયા તેમ તેમ નવા ચક્રવ્યુહો ખુલતા ગયા.સાસુમાની આલોકમાંથી વિદાય,બંને નણંદોના લગ્ન,દીકરાનું ભણતર-નોકરી, નાના સરખા મકાનની ખરીદી,દીકરાના લગ્ન બધી જ

ઘટનાઓની સાથે જીવન ભાગતું, કુદતુ અને દોડતું ગયું. વહુ,પત્ની,ભાભી,મમ્મી,દાદી તો બની પરંતુ અન્ય બીજી ઘણી સિધ્ધિઓ પણ મેં હાંસલ કરી. કામવાળી,નોકરાણી,બિચારી,ગરીબડી,પટ્ટાવાળી આ બધું જ બની. અંતમાં વિધવા પણ બની.બા-બાપુજી અને મહેશ ત્રણેયની યાદો મારા જીવનમાં એક સરખી સંઘરાઈ રહી. કોઈના તરફથી મળેલી ખુશીની પળો પણ યાદ નથી કે પછી કોઈએ મને દુઃખી કર્યાની ફરિયાદ પણ નથી.લગ્ન પહેલાંનું યુધ્ધ જેટલી ધીમી ગતિએ ચાલ્યું તેનાથી બમણી ઝડપે લગ્ન પછીનું યુધ્ધ દોડ્યું.એમ કહું કે મને સાથે લઈને ભાગ્યું.

"આ તમારી બાને કંઈક તો સમજાવો. કેટ કેટલી વખત કહીએ છીએ પણ કંઈ સમજતા જ નથી.મુન્નાને તેના ગંદા હાથથી જમાડે છે. આ ચમચી આપી છે તે શું કરવા? એ પણ તેને વિચાર નહીં આવતો હોય આખી જિંદગીમાં કંઈ જોયું હોય તો ખબર પડે ને!!!!!!"કોળિયો તો હાથમાં રહી ગયો હતો ને મુન્નો તો ક્યાંય રમતો હતો. એક જ કોળીયામાં મારો ભૂતકાળ ભ્રમણ કરી હું વહુના અવાજથી ફરી વર્તમાનમાં ફંગોળાઈ ગઈ. " જોયું તો

ઘણું.” હું મનમાં બબડી.દીકરાએ પુરુષ પ્રધાન સમાજનું પ્રતિનિધિત્વ કરતા ફરી હકારમાં માથું ધુણાવ્યું. આ હકાર મારા માટે વજ્રઘાત સાબિત થયો. એક ડુસકુ ગળામાંથી ઉઠ્યું પણ ત્યાં જ સમાઈ ગયું.સાઈઠ વર્ષે આજ પહેલી વાર લાગ્યું કે જાણે હું યુધ્દ હારી રહી છું. હું ઊભી થઈ, જો ટેબલનો સહારો ન લીધો હોત તો ક્યારનીય પટકાઈ ગઈ હોત. આ શું? આજ તો મારી આંખોએ પણ મારો સાથ છોડ્યો કે શું? મારી સાથે વિશ્વાસઘાત કરવા બદલ મેં મારી આંખોને ઠપકો આપ્યો.ના......ના.........તેમણે ક્યાં મને દગો દીધો છે?મારા હાથે જ મારી આંખો દબાવી જોઈ તેતો હંમેશની માફક પડી છે કોરીધાકોર. તો પછી શું ભીંજાયું? કોણ રડે છે? મારું મન, મારું હૃદય કે પછી મારો અંતરઆત્મા? કેમ આજે પલાયનવૃતિના વિચારો મગજમાં ઘેરો ઘાલીને બેઠા છે?

શું થયું? ક્યાં ભૂલ થઈ? ક્યાં અટકી ગઈ? શું ચૂકી ગઈ? શું બાકી રહી ગયું? શું ખૂટયું? ક્યાં ખોટી પડી? કેટકેટલાય પ્રશ્નો મેં મારી જાતને એક સામટા પૂછી નાખ્યા. જવાબમાં એક પછી એક ઘટનાઓના ચિત્રો મારા માનસપટ પર વહેતા થયા. સમગ્ર

જીવનયાત્રાના બોજતળે આજ હું દબાવા લાગી. મને થયું કે આ પુરુષો પણ કેટલા સ્વીકૃત સ્વભાવના હોય છે!!! કાકા,ફુવા,મહેશ,દીકરો બધા જ હંમેશા હકારમાં માથું ધુણાવતા રહ્યા. પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓની કયાંક તો પ્રધાનતા જોવા મળી...! એક સ્ત્રી તરીકે મને સ્ત્રીઓની આ સ્વચ્છંદતા પણ ગમી.તો પછી આજે અચાનક કેમ આટલા હવાતિયાં મારી રહી છું? ઢળતી સંધ્યાએ દીકરાનું માથું હકારમાં ધૂણ્યું ત્યારે જ કેમ ખુચ્યુ? મને થયું કે કદાચ મારી યુધ્ધ રચના ખોટી પડી. પછી થયું કે કયાંક યુધ્ધ જ ખોટી લડી કે શું? વિચારોની ભરમારમાં હું ડૂબવા લાગી. ત્યાંજ એકાએક અંતઃકરણના અગોચર ખૂણે કંઈક સળવળ્યુંને મને મારી ભૂલ સમજાઇ ગઈ. યુધ્ધ લડયું પણ જીવન જીવવાનું જયારે લડવાનું હતું મારા અસ્તિત્વને સાબિત કરવાનું......હવે? હવે શું? ભૂલી ગઈ ફઈબા નો પાર્થ પેલી કવિતા ગાતો રહેતો;

આવનારી કાલની સોગાત કરી;

એક નવી શરૂઆતની શરૂઆત કરીએ....

હું થાળી લઈ મુન્નાને જમાડવા લાગી. એ જ મારા 'ગંદા હાથે.'મારા ચહેરા પર યુદ્ધ જીત્યા ની લાલીમા આજે ફરી પથરાઈ ગઈ.........

# નીતિ

નીતિ. હા, નીતિ જ. હમણાં-હમણાં ખૂબ ગૂમસૂમ રહેવા લાગી હતી. ઉછળતું ઝરણું શાંત સરોવર થઈને બંધાઈ કેમ ગયું? નક્કી તેના મનમાં કંઇક દ્વન્દ્વ યુદ્ધ ચાલતું હતું. આવું તો ક્યારેય બન્યું નથી, કે નીતિ ઉદાસ હોય, ક્યાંય ખોવાયેલી હોય કે પછી અંતર્મુખ થઈને કંઈક વિચારતી હોય.

હંમેશા પતંગિયા જેવી હળવી ફૂલ, તેની વાતો તો ગુલાબની પાંખડી કરતાય પણ હળવી. રસ મધુર્યથી ભરેલી. મધની સળી જેવી. પગમાં પહેરેલી ઝાંઝરી રણકે એટલે કાનને વાવડ મળી જાય કે નીતિબેન હાજર છે. કાન તરત સરવા થાય, એના બોલ જીલવા. એ... કેય, એ... બીજો કેય, અરે... અરે... ત્રીજો કાનના તો ખોબા ભરાઈ જાય. એની વાતો જ એવી મીઠડી. નાની-નાની.

હવે તો બિચારા કાને પણ આગળા વાસી દીધા છે.

પહેલા ધોરણમાં નીતિ મીતામિસના વર્ગમાં હતી. ત્યારે દરેક શનિવારે બાલસભામાં સુંદર અભિનય ગીત રજૂ કરતી. શાળામાં શનિવારે ફ્રી યુનિફોર્મ રાખવામાં આવતો. જેથી બાળકો પોતાના અભિનય, વાર્તા, નાટક વગેરે કૃતિઓ પ્રમાણે વેશભૂષામાં સજ્જ થઈને આવી શકે. નીતિ પણ દર શનિવારે સુંદર મજાના ફ્રોક પહેરીને આવતી. લાલ, ગુલાબી, જાંબલી, વાદળી, રેશમી ઝાલરવાળા આવા ફ્રોકમાં નીતિ ખૂબ સુંદર લાગતી. અભિનય કરતી વખતે ગોળ-ગોળ ફરતી ત્યારે તેની ઝાંઝરીના રણકાર એના ગીતને સંગીત પૂરું પાડતાં. બે ઘડી તો મન એ ગીતોના દેશમાં લટાર મારી આવતું.. ઓહો! કેવી સુંદર રજૂઆત.

એ જ્યારે વાર્તા કહેતી ત્યારે તેની નાની-નાની આંગળીઓના વળાંકો, તેની આંખોના હાવભાવ દરેકને મંત્રમુગ્ધ કરી દેતા. નીતિને જોવા, સાંભળવા અને કૃતિઓને માણવા સૌ કોઈ ઉત્સુક રહેતા.

અત્યારે એ પાંચમા ધોરણમાં મિસ નીલાના વર્ગમાં છે. સાવ ગૂમસૂમ. પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનુ નહિવત. વર્ગમાં મિત્રો સાથે બોલવાનું બંધ. ઘરેથી લાવેલો નાસ્તો પણ કરવાનો નહીં. જાણે કોઈએ પતંગિયાની પાંખો જ કાપી નાખી. હમણાં તેણે પોતાની એકલતા સાથે બેસવાની નવી જગ્યા લીમડા નીચે શોધી નાખી છે. લીમડાના ફરફરતા પાન એકીટશે જોયા કરે છે. દાઢી નીચે આંગળી દબાવી માથું ઉપર નીચે કરે છે. જ્યાં જોતી હોય ત્યાં સ્થિર નજરે જોયા જ કરે છે. કોઈ તેની સાથે વાત કરવા જાય તો મોં ફેરવી અવળી બેસી જાય છે. નક્કી તેના મનમાં કાંઈક તો ચાલી રહ્યું હતું.

- હેલ્લો મિસનીલા, હું નીતિ ની મમ્મી બોલું છું. વાત કરી શકું?

- હા જરૂર. બોલો.

- મારે તમને નીતિ વિશે થોડી વાતો કરવી છે. થોડા દિવસોથી એ ઘરમાં કોઈની સાથે સરખી રીતે બોલતી નથી. હસવાનું તો સાવ ભૂલી જ ગઈ છે. હું તેની સાથે વાત કરવા જાઉં છું તો ચિડાઈ જાય છે અને નખ ચાવતી-ચાવતી ખૂણામાં ભરાઈ બેસે છે. મારું વાવાઝોડું સાવ શાંત થઈ ગયુ છે. કંઈ સમજ પડતી નથી.

- નીતિના વર્તનની મિસ નીલા સહિત સમગ્ર શિક્ષકગણને જેમ-જેમ જાણ થતી ગઈ તેમ-તેમ દરેક નવાઈ પામતા. ક્યારેય ધાર્યું ન હોય તેવું બની રહ્યું હતું. વાત દરેકની સમજની બહારની હતી.

મિસ નીલાએ નીતિને આમાંથી બહાર લાવવા મથામણ શરૂ કરી. ઘણા પ્રયત્નો કરી જોયા પરંતુ પરિણામ મળતું નહીં. જરા જુદી જ પ્રવૃત્તિઓ વિશે વિચાર્યું વર્ગમાં પચ્ચીસેક બાળકો હતા. સૌથી વધુ હોંશિયાર નીતિ હતી. એટલે મિસ નીલાએ તરકીબ અજમાવી ગેમ પ્લાન કરી. બધા બાળકોને ગ્રુપમાં જુદા જુદા ખૂણે ઊભા રાખી દીધા. વચ્ચે નીતિ.

ગ્રુપ-1 ને અભિનય ગીત ગાવાનું કહેવામાં આવ્યું. એટલે બાળકો એ ગીત ઉપાડયુ.

" અમે ગોળ ગોળ ગોળ ગોળ ફરીએ,

અમે તાળી દઈને રમીએ..."

ગીત પૂરું થયું. દરેક બળકોએ ગીત ઝીલ્યું હતું. એટલે મિસ નીલાએ દરેકને ચોકલેટ આપી. પણ નજર નીતિ પરથી હટી નહીં. નીતિ જેમની તેમ ઊભી રહી.

ગ્રુપ-2 ને વાર્તા કહેવાનું સૂચન મળ્યું એટલે મયંકે વાર્તા કહેવા માંડી." એક હતો બંટી. તે તેના દાદા દાદી સાથે રહેતો હતો. એક દિવસ તેના દાદા દાદી બંને એકસાથે બિમાર પડ્યા. બંને દવાખાનેથી દવા લઈ આવ્યા. ઘરે આવીને દવા પીધી. પણ દવા બદલાઈ ગઈ. દાદાની દવા દાદી પી ગયા અને દાદીની દવા દાદા પી ગયા. એટલે દાદી ને મૂછ ઊગી ગઈ અને દાદાને ચોટલો ઊગી ગયો.

બધા બાળકો હસીને લોટપોટ થઈ ગયા. મિસ નીલા પણ પેટ પકડીને હસ્યા. મયંકને ભેટમાં પેન્સિલ આપી. પરંતુ નજર નીતિ પરથી હટી નહીં. નીતિ જેમની તેમ...

ગ્રુપ-3 ને નાટ્યકૃતિ રજૂ કરવાનું કહેવામાં આવ્યું. દાદા, દાદી, મમ્મી, પપ્પા અને ભાઈ-બહેન કુટુંબ ગોઠવાઈ ગયું.

દાદા- બેટા નયન! મારા માટે એક રુદ્રાક્ષની માળા લેતો આવજે.

નયન- હા બાપુજી જરૂરથી.

દાદી- વહુ બેટા! મારી માટલી માં પાણી ભરીને આપજો ને.

સરિતા- હા બા હમણાં ભરી દઉં. રીના- રાહુલ તમે તમારું લેશન પૂરું કર્યું કે નહીં. ચાલો બંને પોતાનું લેસન પૂરું કરો તો.

રીના રાહુલ- ના મમ્મી, આજે ભણવાનો જરાય મૂડ નથી. ચાલોને ફરવા જઈએ.

સરિતા- શું કહ્યું ફરવા જવું છે? ના હો, મારે બહુ કામ છે અને બહેનપણીઓને ફોન પર કરવાના છે. તમે ઝડપથી લેસન પતાવો પછી મારે અને તારા પપ્પાને એક પાર્ટીમાં જવાનું છે

રીના-રાહુલ- મમ્મી અમે પણ આવીએ પાર્ટીમાં?

સરિતા- નહીં. તમારું ત્યાં શું કામ છે? આખા દિવસના થાકેલા અમે માંડ એન્જોય કરવા પામીએ છીએ, પતાવો ઝડપથી અને સુઈ જાઓ.

રીના-રાહુલ- પણ મમ્મી...

સરિતા- કહ્યું ને પાર્ટી-બાર્ટીમાં તમારે અવાય નહીં.

રીના- મમ્મી તું દરરોજ બહાર જાય છે. હરે છે, ફરે છે પણ અમને સાથે કેમ નથી લઈ જતી?

સરિતા- બસ. બહુ થયું. જમીને સુઈ જજો. બહુ પ્રશ્ન પૂછવાના નહીં.

અકળાયેલી નીતિ તરત જ બોલવા માંડી...

ટીવી જોવાનું નહીં.

ગીતો ગાવાના નહીં.

ગેમ રમવાની નહીં.

નાચવા કૂદવાનું નહીં.

વાતો કરવાની નહીં.

શેરીમાં રમવાનું નહીં.

વરસાદમાં નવાનું નહીં.

ફરવા જવાનું નહીં.

બગીચે જવાનું નહીં.

મોબાઇલ ને અડવાનું નહીં.

બેનપણી રાખવાની નહીં

તો અમારે કરવાનું શું? બધે નહીં, નહીં ને નહીં અને એ ચોધાર આંસુએ રડવા લાગી. ખૂબ રડી. મિસ નીલાએ તેને છાની રાખી. વ્હાલથી માથા પર હાથ ફેરવ્યો અને છાતી સરસી ચાંપી દીધી.

-વંદના વાઘેલા

8849802430

# કલાનું કુરુક્ષેત્ર

કલા.... ઉઠ બેટા... મારી બ્રેવ સોલ્જર... મમ્મીનો અવાજ સાંભળતા જ કલાએ  મમ્મીને જય શ્રી કૃષ્ણ કહી. પથારીમાંથી ઉઠીને નિત્યક્રમ શરૂ કરી દીધો. રસીલાબેન લાડકવાયી દીકરી કલાના ઉછેરમાં સહેજે કચાશ ન રહી જાય એની પુરી કાળજી રાખતા. કારણકે પિતાની છત્રછાયા વગર દીકરીને એકલે હાથે ઉછેરવાની હતી. કલા ધોરણ 10 ની વિદ્યાર્થીની હતી. બોર્ડનું આ વર્ષ તેના માટે અભ્યાસ કરતા વધુ. યુદ્ધનું વર્ષ હોય તેવું બની ગયું હતું. કારણકે કલા ધોરણ 10 માં આવી કે તરત જ તેમના પિતા ગૌરીશંકર ત્રિવેદીની શહાદતના સમાચાર આવ્યા હતા.

ગૌરીશંકરની શહાદતની ઘટનાએ આખુ ગામ એક પરિવારની જેમ રસીલાબેનની પડખે ઉભું રહ્યું હતું. પુરા રાષ્ટ્રીય સન્માન સાથે તિરંગમાં લપેટાઈને જ્યારે પાર્થિવ દેહ ગામમાં લાવવામાં આવ્યો ત્યારે આખું ગામ હિબકે ચડ્યું હતું પણ કલાની આંખોમાં કંઈક અલગ જ ગર્વ અને ખુમારીનો ઉજાસ હતો. તેમના પિતાનું પોસ્ટિંગ ઇન્ડો-ચાઈના બોર્ડર પર થયું હતું. થોડા દિવસ પહેલા સરહદ પાસેના એક ગામમાં ચીની સૈનિકો ઘુસણખોરી કરી રહ્યાના સમાચાર મળતા ગૌરીશંકર પોતાની ટુકડી સાથે ચીની સૈનિકો સાથે બાથ ભીડવા ચાલી નીકળ્યા. થયેલી અથડામણમાં ગૌરીશંકરે અપ્રતિમ બહાદુરીનું પ્રદર્શન કરતા વીસ ચીની સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા હતા અને કેટલાયને ઘાયલ પણ કર્યા હતા. પણ કમનસીબે આ અથડામણમાં ગૌરીશંકર શહીદ થયા હતા.

આર્મીમાં જોડાયા ત્યારથી બ્રાહ્મણ હોવા છતાં શાસ્ત્ર મૂકીને તેમણે શસ્ત્ર ધારણ કર્યા હતા. આમ તે જન્મે બ્રાહ્મણ પણ કર્મે ક્ષત્રિય હતા. નવાઈની વાત તો એ હતી કે પાંચ હજારની વસ્તીવાળા નાનકડા રામપુર ગામમાં ક્ષત્રિયો તો ઘણા હતા પરંતુ આર્મીમાં જોડાનાર એક ભૂદેવ હતા. તેમને નોકરી મળી ત્યારે તેમના પિતા ગિરજાશંકરે કહ્યું હતું. " આખા ગામમાં એક માત્ર ભૂદેવ પરિવાર આપણો છે. ગોરપદું કરીએ છીએ તેમાં ખુબ આવક થાય છે તો આ નોકરી શા માટે કરવી ?" પણ ગૌરીશંકર કંઈક અલગ માટીના બનેલા હતા. તેમણે પિતાને કહ્યું. " ગામની પાંચ હજારની વસ્તીમાંથી પ્રભુએ તેમને જ આ દેશસેવાના કામ માટે પસંદ કર્યા છે. તો તેમાં કંઈક ઈશ્વરીય સંકેત હોય જ. આ નોકરી જતી કરી હું ઈશ્વરનું અપમાન કઈ રીતે કરી શકું?" નિયમિત અખાડામાં જવાને કારણે તેમનું શરીર પણ કસાયેલું હતું. તેમની હાઈટ બોડી બધું એક આર્મીમેનને છાજે તેવું હતું. આર્મીમાં જોડાવાના તેમના આ નિર્ણયમાં પત્ની રસીલાબેન અને પુત્રી કલાનો પૂરો સાથ હતો.

પિતાના પગલે કલા પણ NDA (નેશનલ ડિફેન્સ એકેડમી) ની પરીક્ષા પાસ કરી દેશસેવામાં જોડાઈ દુશ્મનોના દાંત ખાટા કરવા માંગતી હતી. દાદા દાદી અવસાન પામ્યા હતા. પિતા શહીદ થઇ ગયા હતા અને ભાઈ કે બહેન હતા જ નહિ.

જે ગણો તે કલા અને રસીલાબેન બંને જ એક બીજાની દુનિયા. આટલી વિપરીત પરિસ્થિતિમાં પણ ખુબ મહેનત કરી કલા ધોરણ 10માં સમગ્ર રાજ્ય બોર્ડમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઇ હતી. તેમના ગામનું નામ ગુજરાત આખામાં ગુંજતું થઇ ગયું. ઘણી શાળાઓએ કલાને ધોરણ 11 માં ફ્રી એડમિશન અને શિષ્યવૃત્તિ આપવાની ઓફર કરી. ઘરમાં મમ્મી એકલી જ હોવાથી કલાએ રામપુર ગામની બાજુના જ પૂર્ણાવતી શહેરની એક નામાંકિત શાળામાં એડમિશન લીધું. સાથે પુસ્તકો. ટ્રાન્પોર્ટેશન તથા તમામ સુવિધા શાળા સંચાલન મંડળે નિઃશુલ્ક પુરી પાડી. કલાએ ધોરણ 11 સાયન્સમાં એડમિશન લીધું અને સાથે NCC (નેશનલ કેડેટ કોર્પ્સ) માં પણ કેડેટ તરીકે જોડાઈ ગઈ. કલામાં નામ મુજબ ઈશ્વરે અનેક કળાઓ તેને ગિફ્ટમાં આપી હતી. વક્તૃત્ત્વ હોય કે નૃત્ય. આઉટડોર ગેમ હોય કે કમ્પ્યુટર સોફ્ટવેરનું જ્ઞાન. કલા જેવી મલ્ટી ટેલેન્ટેડ વિદ્યાર્થીની શાળામાં ભાગ્યેજ મળતી.

નવી શાળામાં પણ ટૂંક સમયમાં જ શાળાનો સ્ટાફ અને તમામ વિદ્યાર્થીઓ વચ્ચે કલાનું નામ ગુંજવા લાગ્યું હતું. શાળામાં વર્ષના અંતે એન્યુઅલ ફંક્શનનું ભવ્ય આયોજન થયું. શાળાના એન્યુઅલ ફંક્શનમાં જ્યારે કલાની શાળાના મોટા ભાગના વિદ્યાર્થીઓ બૉલીવુડના ગીતો પર ડાન્સ રજુ કરી રહ્યા હતા ત્યારે કલાએ પણ એક નૃત્ય રજૂ કર્યું જેમાં ગીતના શબ્દો હતા...

" ગાંડીવ લઇ હાથમા અર્જુન થા યુવાન.

તારી સાથે ઉભો છે યોગેશ્વર ભગવાન "

બાળપણથી જ કલાને ભગવાન કૃષ્ણ અને ભગવદ્ ગીતામાં અનન્ય શ્રદ્ધા હતી. ગીતાના સાતસોમાંથી સો શ્લોક તો કલાને બીજા ધોરણમાં અભ્યાસ કરતી ત્યારે જ કંઠસ્થ હતા. ભગવાન કૃષ્ણ તેમના માટે ભગવાન નહિ. મિત્ર હતા. પોતાના સુખ - દુઃખની તમામ લાગણીઓ તે સખા કૃષ્ણ સાથે શેર કરતી. ભોજન સમયે કે રાત્રે સૂતી વખતે કૃષ્ણની મૂર્તિ તેમની સાથે જ રાખે. પોતાના મનમાં કોઈ પણ બાબતે દુવિધા હોય ત્યારે પ્રિય મિત્ર કૃષ્ણ પાસે માર્ગદર્શન માંગે અને પ્રભુ ક્યારેક શિક્ષક. ક્યારેક મમ્મી તો ક્યારેક મિત્રની જીભ પર વસી તેમની દુવિધા ઉકેલી આપે. કલાના પિતા તેને નાનપણમાં એક ગીત સંભળાવતા.." પતા નહિ કિસ રૂપમેં આકાર નારાયણ મિલ જાયેગા.." અને કલા સાથે બનતું પણ એવુ જ.

કલા જયારે ધોરણ 12 માં આવી ત્યારે NCC તાલીમના ભાગ રૂપે શહેરથી દૂર એક હિલ સ્ટેશન પર કેમ્પમાં જવાનું થયું. પરેડનો કાર્યક્રમ પૂરો થયાં બાદ થોડા વિરામ પછી ફાયરિંગની પ્રેક્ટિસ ચાલુ થઇ એ દરમિયાન એક દુઃખદ ઘટના બની. કલાની જ એક મિત્ર દ્વારા ગન ચલાવતી વખતે હાથ ધ્રુજી જતા ગોળી નિશાના પર લાગવાને બદલે નજીકમાં ઉભેલી કલાના પગમાં લાગી. કેમ્પનું સ્થળ અંતરિયાળ અને નિર્જન હતું. તાત્કાલિક નજીકમાં કોઈ પ્રાથમિક સારવાર ઉપલબ્ધ

સમયસર પહોંચી એ વ્યક્તિને દબોચી લીધો. પોલીસની પ્રાથમિક તપાસમાં એ શુભમ નામનો એક વ્યક્તિ હતો અને ચોરીના ઇરાદે ત્યાં આવ્યો હોવાનું ખુલ્યું. પણ કલા પાસેથી પોલીસે માહિતી મેળવી ત્યારે તેમને આ તથ્ય ન લાગ્યું અને ઘટનાની જાણ તાત્કાલિક ATS (એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ) ને સોંપવામાં આવી.

વધુ તપાસ હાથ ધરતા અને જપ્ત થયેલા સાહિત્ય પરથી જાણવા મળ્યું કે એ વ્યક્તિ સત્તારખાન અન્સારી નામનો પાકિસ્તાની આતંકવાદી હતો. પોલીસે તેમને જેલમાં ધકેલી આગળની કાર્યવાહી શરુ કરી. પોલીસ અને સૈન્યના લોકોએ કલાની સાથે સ્થળ પર જઈ તપાસ કરતા ઘટના સ્થળેથી જીવતો બૉમ્બ મળી આવ્યો. તરતજ બૉમ્બ ડિફ્યુઝલ સ્કવોડના જાંબાઝ સિપાહીઓએ બોમ્બને ડિફ્યુઝ કરી નાખ્યો. સૌને હાશકારો થયો.

કલા આજે સૈન્યમાં જોડાયા વગર જ ગામના અસંખ્ય લોકોનો જીવ બચાવવામાં નિમિત્ત બની. આવા શુભ કાર્ય માટે તેમની પસંદગી કરવા બદલ તેમણે સખાનો આભાર માન્યો અને આજે તેમનું અપંગ હોવાનું બધું દુઃખ વિસરાઈ ગયું. બીજા દિવસે પૂર્વ આયોજન મુજબ જ સ્વતંત્રતા પર્વની ઉજવણી થઇ.

આજે કલાને સ્ટેજ પરથી CM ના હસ્તે તેમને બે પુરસ્કાર મળ્યા. એક તેમની હિંમત અને સમય સૂચકતા બદલ સૌર્ય પુરસ્કાર અને બીજો રાષ્ટ્રપતિના હસ્તે તેમના પિતાની બહાદુરી બદલ મરણોત્તર કીર્તિચક્ર. રામપુર ગામના દરેક રહેવાસીના ચહેરા પર કલા પ્રત્યે એક જ લાગણી દેખાતી હતી...

તુ સારે જહાં સે પ્યારી મેરે ભારત કી બેટી.

તુ સારે જહાં પે ભારી મેરે ભારત કી બેટી...

સાચે જ માતૃભૂમિનું ઋણ ચૂકવવા માટે કોઈ હોદ્દો મળે જ એ જરૂરી નથી હોતું. કોઈ કાર્ય કરવા માટે દ્રઢ મનોબળ હોય તો નિયતિ રસ્તો કરી જ આપે છે.

***

અષ્ટમી વાર્તાલેખન સ્પર્ધા


- આલેખન : હિરેન આર. નથવાણી
- શિક્ષક : ધી વી સી ટેક્નિકલ હાઈસ્કૂલ - મોરબી
- કોન્ટેક્ટ નંબર : 99241 12312
- E mail ID : hirennathvani11@gmail.com

# યુધ્ધ

એડમીશન ઓપન થવાનો સમય તો દસ વાગ્યાનો હતો પણ આજે સવારના આઠથી જ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના ભાષા ભવનમાં વિદ્યાર્થીઓનો ધસારો વધી ગયો હતો. બધાના મનમાં કંઈ કેટલાંય યુદ્ધ ચાલી રહ્યાં હતા ! એમનો એક પ્રશ્ન લગભગ સરખો જ હતો. મેરીટમાં મારો નંબર ક્યા હશે ? યુવાન યુવક - યુવતીઓ એક બીજાની સામે પોતાની ઈમ્પ્રેશન પડવા માટે જાણતાં – અજાણતાં નખરાઓ કરી રહ્યાં હતાં. વિરતીએ આંખના ઈશારાથી પિંકીને એક યુવાન તરફ નજર કરવા કહ્યું. સુરજના કિરણોથી સુસજ્જ રૂપાળી પિંકી વધારે રૂપાળી લગતી હતી. એના ખભા સુધી લાંબા રેશમીવાળને હાથ ફેરવીને પોતાની લાંબી ડોકને એ તરફ ફેરવીને ઝીણી આંખે જોઈને, પોતાના ગુલાબી હોઠ મરડીને વિરતીને ચીટલો ભરીને કહ્યું : "તારા માટે વાત ચલાવું ?" બંને હસી પડ્યા. બહારથી મને કંઈ પરવાહ નથી એવો દેખાવ કરનારા ઘણાંય વિદ્યાર્થીઓને વિરતીએ અંદરથી ડરેલ જોયા છતાંય 'મિત્રને જો હોગા, વો દેખા જાયેગા.' કહીને આશ્વાસન લેતા ને આપતા કેટલાંય યુવાનોને વિરતી નિહાળી રહી હતી. મનમાંને મનમાં પોતે પણ ડરતી હતી ક્યાંક મને એમ.ટી.બી.માં એડમીશન નહિ મળે તો ? આ વિચારથી જ પોતે ધ્રુજી ઉઠી.

ત્યાં જ માઈકમાં સૂચના અપાય કે બધા ડાબી બાજુએ લાગેલા નોટીસ બોર્ડમાં આપેલાં મેરીટના ક્રમમાં પોતાના બધા સર્ટીફિકેટ અને ઝેરોક્ષ સાથે લાઈનમાં આવી જાય. બસ 30 મિનિટમાં પ્રવેશની પ્રક્રિયા શરુ થશે. વિદ્યાર્થીઓનું ટોળું એ તરફ ઉમટ્યું.

એ રીતુ ! મારો નંબર જોઈ લે તો...અરે યાર !..મારો ટો નંબર ખાસ્સો દુર છેની .....શું કરવાની .. એ સુરેખા મેરા નંબર દેખ લે ના ...આવા કેટલાંય અવાજો અને ભીડને વીંધતી વિરતી બોર્ડ પાસે માંડ પહોંચી. જોયું તો પોતાનો 30 મો અને પીંકીનો 29 મો નંબર હતો !

પછી ભીડને વીંધતી વીંધતી વિરતી પિંકી પાસે આવી. થોડી વારમાં બધા લાઈનમાં ગોઠવાઈ ગયા. પ્રવેશ પ્રક્રિયા શરુ થઇ. હવે લાઈનમાં ઊભેલા દરેકના મુખ પર ચિંતાની રેખાઓ ખેંચાયેલી જોઈને વિરતી ને પોતાના ધબકારા સંભળાવા લાગ્યાં. આજે એને એક પોઈન્ટનું મહત્વ બરાબર સમજાઈ રહ્યું હતું ને હરસુખ સરની વાત યાદ આવી રહી હતી : " જીવનમાં એક માર્ક્સ તો શું એક પોઈન્ટનું પણ ઘણું મહત્વ છે. એક પોઈન્ટ પણ તમારી દિશા અને દશા બદલી શકે છે ! " વિરતીએ પોતાની આગળ અને પાછળ ઊભેલા વિદ્યાર્થીઓ પર દ્રષ્ટિ કરી. બધા લગભગ એક – બે પોઈન્ટથી જ આગળ પાછળ હતા. વિરતીએ મનોમન સાહેબને વંદન કર્યા.

ધીમે - ધીમે લાઈન આગળ ખસવા લાગી. પિંકીની આગળ રહેલી મોમેડિયન છોકરીના નોકિયાના ફોનની રીંગ વાગી. એ ગભરાયેલા અવાજે હિન્દીમાં વાત કરવા લાગી : " અમી ! અબ મૈં ક્યા કરું ? એમ.ટી.બી. મેં ઓપન કી સીટ ફૂલ હોનેવાલી હૈ ! અગર મેરા નંબર આને તક એમ.ટી.બી. કી ફૂલ હો ગઈ તો ? કહીને તે છોકરી રડવા લાગી. એમ.ટી.બી. સુરતની અઠવા લાઈન્સ વિસ્તારમાં આવેલી સુવિખ્યાત કૉલેજ છે. એમાં એડમિશન લેવું એ દરેક વિદ્યાર્થી પોતાનું સદ્ભાગ્ય માને છે. પેલી છોકરીની વાત સાંભળીને વિરતીને ફાળ પડી..ત્યાં પિંકીએ તેની સામે જોયું. બંને શું થશે ? પ્રશ્નાર્થ સાથે એક – બીજા સામે જોતાં રહ્યાં.

વિરતીને પાછળ રહેલી છોકરીએ આગળ જવા કહ્યું. વિરતીને આજે પહેલીવાર ઉચ્ચ જ્ઞાતિમાં જન્મ લેવાની સજા મળી રહી હોય એવી લાગણી અનુભવાઈ. તેને કર્ણની યાદ આવી. ' બિચારો કર્ણ ! તમામ પ્રતિભા હોવા છતાં નીચ જ્ઞાતિમાં હોવાના કારણે એક શ્રેષ્ઠ ધનુર્ધારીનું બિરુદ ના મેળવી શક્યો..' એસ.સી., ઓ.બી.સી., એસ.ટી. વાળાને પોતાનાથી ઓછા

ટકા હોવા છતાં મનગમતી કોલેજમાં એડમીશન મળી જશે અને હું ઉચ્ચ જ્ઞાતિમાં જન્મ લેવાને કારણે....એણે મનોમન એક નિસાસો નાખ્યો અને આર્ટીફિશીયલ સ્માઈલ સાથે પાછળ રહેલી છોકરી સામે જોયું.

ફરીથી પેલી મોમેડિયન છોકરીના ફોનની રીંગ વાગી : "ક્યા ઓપન કી એક હી સીટ બાકી હૈ ? યા ..અલ્લા...અબ ક્યા હોગા ? ..મેરા નંબર આને તક એમ.ટી.બી. ફૂલ હો ગઈ તો ?.. તું કહા પે લેને વાલી હૈ ? ક્યા નવયુગ ? શીતલ ઔર અર્ચના ભી વહા પે લેને વાલે હૈં ? ઠીક હૈ ...મૈં અબ્બાજાન સે બાત કરતી હૂં.."

પિંકીએ વિરતી સામે જોયું. વિરતીએ ધીમેથી પિંકીના કાનમાં કહ્યું : " જો એ નહિ લે તો તને સીટ મળી જશે."

પિંકી : " મારે તો ડીગ્રી લેવી છે પણ તું હોઈ ત્યાં. આમેય મારો ભાઈ મને રેગ્યુલર કોલેજ કરવાની ના જ પાડે છે. તારી સાથે હોઈશ તો હું ગમે તેમ ભાઈને મનાવીને પણ માસ્ટર રેગ્યુલર કરીશ. મને તારા વગર ના ગમે." કહીને મીઠી સ્માઈલ આપી.

વિરતી પોતાની સખીનો પોતાના માટેનો પ્રેમ જોઈ જ રહી ! તેના મનમાં રહેલો સંઘર્ષ અતિ તીવ્ર થયો. " જો પેલી છોકરી કે પિંકી ત્યાં એડમીશન નહિ લે તો મારો નંબર લાગી જશે ! પણ શું મને આ શોભશે ? હું મારી બેસ્ટ ફ્રેન્ડનું અહિત કેમ કરી શકું ? ના..ના..ભલે એમ.ટી.બી. મારી સપનાની કૉલેજ રહી. વર્ષોથી સાહિત્યકારો પાસે ભણવાની ઝંખના હતી તે આના થકી સરળતાથી પૂરી થઇ શકે એવી છે પણ સાવ આવું તો હું ના જ કરી શકું. એને હું દગો કેવી રીતે દઉં ? ના..ના..આવું ના હોવું જોઈએ. એને તો કેટલું સરસ મળશે ! અને હું ..." પિંકીએ પાછળ ફરીને વિરતી સામે જોયું. વિરતીએ પોતાના હોઠ પર આંગળી મૂકીને પિંકીને ચૂપ રહેવા કહી બીજા હાથે આગળ વધવાનો સંકેત કર્યો.

વિરતીએ નિરાશા ભરી દ્રષ્ટિ આકાશ તરફ નાખી ત્યાં એની અંદરથી જ અવાજ આવ્યો : "જે થવું હોઈ તે થાય મારે મિત્ર ધર્મનું પાલન કરવું જ જોઈએ. ' મિત્ર એવો શોધવો જે ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ પડ્યો રહેને દુઃખમાં આગળ હોય !' જો હું મારી ફ્રેન્ડ સાથે દગો કરીશ તો સારી કોલેજમાંથી માસ્ટર તો કરી લઈશ, સારી લેખિકા કે કવયિત્રી પણ બની જઈશ પણ મરણ પર્યંત એનો ભાર નહિ ઊંચકી શકું." લાઈન ધીમે ધીમે આગળ વધતી હતી.

હવે બંને એડમીશન લાઈનમાં પાંચમાં છઠ્ઠા ક્રમે હતી. આગળ રહેલી છોકરીના ફોનની રીંગ સંભાળીને કાર્યકર્તા ગુસ્સે થયા. તમારાં ફોન સાયલેન્ટ કરી દો. આવો ઘોંઘાટ ના જોઈએ. પેલી છોકરી ફટાફટ ફોન ઉપાડીને ધીમે - ધીમે વાત કરવા લાગી. છતાંય તેનો ધીમો અવાજ વિરતીને સ્પષ્ટ સંભળાયો હા...સુન મૈં નવયુગ મેં લેને વાલી હૂં ..આપ લોગ વહા પે હિ લોગે ના ? ઘૂમ મત જાના ...અચ્છા તો ઠીક હૈ. મૈં વહા પે હિ લેતી હૂં..તે છોકરી હવે સ્વસ્થ થઈને આગળ વધી. વિરતીની અસ્વસ્થતા વધી..

પિંકીએ વિરતી સામે જોઇને કહ્યું : " આપણે પણ ત્યાં જ લેવું છે ને ? "

વિરતીએ થોડા કડક શબ્દોમાં કહ્યું : " આવા વેવલા વેડા ના કરીશ. જો તું નહિ લે તો હું લઇ લઈશ." પિંકી ચૂપ થઇ ગઈ બંને આગળ વધ્યાં. પિંકી : " સારું તું લઇ લે, હું એક્સટર્નલ કરી લઈશ."

વિરતીએ સત્તાવાહી સ્વરમાં કહ્યું :" છાની માની લઇ લેજે, આવી સરસ કૉલેજ ભાગ્યશાળીને જ મળે." પિંકી એની સામે જોતી રહી .. આગળ વધોનો અવાજ સાંભળી પિંકી આગળ વધી ..આગળ ચાલતી પિંકી પોતાનાથી ડગલે.. ડગલે ભાગ્યની જેમ દૂર જાતિ લાગી. વિરતીની આંખમાં અંધારા આવવા'લાગ્યાં ..બધું ધૂંધળું લાગવા લાગ્યું.

ઘસડતાં પગે વિરતી આગળ ચાલી. ટેબલ પર બેઠેલ કર્મચારીને પોતાના ઓરીજનલ સર્ટીફીકેટ બતાવીને પેલી છોકરી બીજા ટેબલ પર આવી ત્યાં પોતાની ગમતી કોલેજ પસંદ કરીને આગળ વધી. તેની પાછળ રહેલી પિંકી પણ ટેબલ પર બેઠેલ કર્મચારીને પોતાના ઓરીજનલ સર્ટીફીકેટ બતાવીને આગળ વધી.

બીજા ટેબલ પર બેઠેલ કર્મચારીએ કહ્યું : " ક્યા  એડમીશન લેવું છે ? પીન્કીએ લીસ્ટ પર નજર કરી.  એમ.ટી.બી. પર નજર તેની અટકી.

કર્મચારીએ કહ્યું : "એમ.ટી.બી.માં ઓપન કેટેગરી માટે એક સીટ ખાલી છે."

પિંકીએ વિરતી સામે જોયું. વિરતીનું ધ્યાન એની સામે જ હતું, આંખોમાં આંસુ આવી ગયા. પિંકી જોવે નહિ એ રીતે તેને મોં ફેરવીને લૂછી કાઢ્યા..ને મીઠી સ્માઈલ આપીને કહ્યું લઈ લે !" પિંકી વિરતી સામે જોતી જ રહી ..

ટેબલ પર બેઠેલાં કર્મચારીએ મોટા આવજે વઢીને કહ્યું : " હજી સુધી નક્કી નથી કર્યું ? " પિંકી બે સેકંડ ડરી ગઈ ! પછી સ્વસ્થ થઈને કૉલેજ પસંદ કરીને આગળ વધી.

વિરતી બીજા ટેબલ પર આવી. કર્મચારીએ તેને પ્રશ્ન કર્યો: "ક્યા લેવું છે ?" વિરતીએ ડરતાં - ડરતાં પૂછ્યું, એમ.ટી.બી.માં જ..ન..ર..લ..ની.? કર્મચારીએ જવાબ આપ્યો : "હા એમ.ટી.બી.માં એક જનરલની સીટ છે. આપું ? "

લેખિકા : વૈશાલી ચીમનભાઈ કાબરીયા

શિક્ષિકા : અંબા સ્કૂલ ફૉર ઍક્સલન્સ,

ત્રિમંદિર સંકુલ,

અડલજ.

નામ : પ્રજાપતિ પિયુષ કુમાર બાબુભાઈ
સરનામું : મુ. પો.સાણંદ
15 સુખરામનગર સોસાયટી
સાણંદ.
તા.સાણંદ
જી.અમદાવાદ
M.:9427051662
વિષય : ટૂંકીવાર્તા

*{ હૃદયની કરુણતા }*

કોરોનાના મહાયુધ્ધ બાદ આજે ઘણા સમય પછી રવિશંકર રાવળ કળા સાહિત્ય ભવન ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભિન્ન ભિન્ન પ્રકારની પેન્સિલોદ્વારા આબેહૂબ ચિત્ર બનાવી રંગપૂર્તિ કરવાની હતી. અમદાવાદ તેમજ આજુબાજુના જિલ્લામાંથી પણ ચિત્ર રસિક કલાકારો પોતાની આગવી લાક્ષણિકતા સાથે આવ્યા હતા.
કોઈ નખશિખ ધોળાં તો કોઈ નખશિખ કાળા, કોઈ ઊંચાઈમાં આકાશને આંબતાં તો કોઈ લઘુતામાં ધરતીને બાથ ભીડતા. કોઈ મુંડન કરાવી મસ્તક પર શિખાને ધારણ કરતા તો કોઈ ભગવાન શિવની જેમ જટા ધારણ કરતા. કોઈ ફાટેલા જીન્સ અને ટૂંકા ટીશર્ટ સાથે તો વળી કોઈ ઝભ્ભા લેંઘામાં સજ્જ હતા. ચિત્ર દોરવાની તૈયારીમાં વ્યસ્ત હતા.ભગવાને પણ આ રંગબેરંગી ચિત્રકારો ઘડીને પોતાની ચિત્રકલાને આ પૃથ્વી પર જાણે રમતી કરી હોય તેવું લાગતું હતું.

હવે ચિત્ર દોરવા માટે સભાખંડમાં બેસવાની પરવાનગી મળી ગઈ હતી. બધા ચિત્રકારો વિશાળ સભાખંડમાં ગોઠવાઈ ગયા હતા. પ્રાસાંગિક ઉદ્બોધન બાદ "માનવીય હૃદયની કરુણતા "આ વિષય આપવામાં આવ્યો. જેના પર દરેક ચિત્રકારોએ મનપસંદ ચિત્ર બનાવવાનું હતું. તેમજ પોતાના બનાવેલ ચિત્રનું એક જ લીટીમાં વર્ણન કરવાનું હતું. બધા ચિત્રકારો પોતપોતાની સામગ્રી જેવી કે કાગળ, પેન્સિલ,રબર,માપપટ્ટી, પીંછી, કલર, પાણી વગેરે લઈ અલગ અલગ જગ્યાએ બેસી ગયા. ઘણા ચિત્રકારો પેન્સિલથી આમ તેમ રેખાઓ આંકવા લાગ્યા. આપણી દ્રષ્ટિએ કહીએ તો કાગળને બગાડવા લાગ્યા, પણ હજી આ તો શરૂઆત હતી. નિર્જીવ કાગળમાં જીવંત ચિત્ર આજે ચીતરવાનું હતું. દરેક કલાકાર પોતાના ચિત્રમાં જીવ રેડી દેવા તૈયાર હતો. ચિત્રખંડના એક ખૂણામાં માથે મુંડન કરાવેલ ગરીબ પરિવારનો એક યુવક હજુ પોતાની સામગ્રી પાથરીને જ બેઠો હતો. અડધો કલાકથી માત્ર વિચાર જ કરતો હતો. કદાચ શું દોરવું તેની કલ્પના કરતો હશે ! નામ પૂછતા માલુમ પડ્યું કે તેનું નામ કબીર ઉપાધ્યાય હતું.સમય પસાર થવા લાગ્યો. હવે કબીરે પણ પોતાની પેન્સિલ અને પીંછીનો જાદુઈ દાબડો ખોલી દીધો હતો. ધીમેધીમે સમય પસાર થવા લાગ્યો આમતેમ દોરેલી રેખાઓ આકાર લેવા લાગી. ક્યાંક ક્યાંક લાગણીના ફણગા ફૂટવા લાગ્યા તો ક્યાંક ક્યાંક કરૂણતા ઘેરી થવા લાગી. કોઈ ચિત્રકાર ચાની ચૂસકી લેતાલેતા આડીઊભી રેખાઓમાં રંગ પૂરવા લાગ્યો. તો કોઈ ચિત્રકાર લાંબી સિગારેટના લાંબા કસ ખેંચી ચિત્રને જીવંત બનાવવા લાગ્યો. પ્રત્યેક ચિત્રકારના મનમાં કોઈને કોઈ હૃદયને અસર કરી જનાર કરુણ દ્રશ્ય અવશ્ય હતું. જે આબેહૂબ આજે પોતાના કાગળ પર કંડાળવાનું હતું. સમય પસાર થવા લાગ્યો અંતે પાંચ કલાકના સતત પરિશ્રમ બાદ લગભગ બધા જ કલાકારોએ પોતાની અદભુત કારીગરીદ્વારા કરુણતાના રંગોને

સાકારિત કરી દીધા હતા. કોરોનાકાળમાં 'પિતાને ગુમાવનાર પુત્ર' કે પછી 'ગાયના મૃત્યુ બાદ વિહવળ વાછરડું'. 'વૃદ્ધાવસ્થા દરમિયાન યમરાજની રાહ જોતા વૃદ્ધ' કે પછી 'કન્યાવિદાય વેળાએ માતા-પિતાની સ્થિતિ'. 'ભૂકંપમાં ઘર પડી જતા પરિવાર સાથે ઊભેલ પિતા. કે પછી 'પાણી સાથે પાઉં ખાતો ગરીબ માણસ.' 'કસાઈના વાડામાં ઊભેલી ભેંસ.'કે પછી 'હોટલની બહાર ભૂખ્યા બાળકની વ્યથા.' ' વરસાદની રાહ જોતો ખેડૂત.' કે પછી 'બાળવિધવાને જોઈને દુઃખી થતી માતા.' 'દારૂડિયા પતિના તોફાન' કે પછી 'અકસ્માતમાં બચેલ બાળક.' 'બહેનના મૃત્યુ બાદ રાખડી વિહોણો હાથ.' કે પછી 'દીકરાની અર્થીને કાંધ આપતો પિતા.' ' માતાની ચિતાને કઠોર હૈયે જોતો અનાથ.' કે પછી 'ઠંડીમાં ઠરતું બાળક.'

જી હા,આવા અનેક પ્રકારના કરુણતા દર્શાવતા ચિત્રો આ ચિત્રકારોએ સાકારિત કરી મૂક્યા હતા. બધા જ ચિત્રો અવાચક સંદેશ આપી રહ્યા હતા. દરેક ચિત્ર જોઈ, એક જ લીટીમાં તેની અભિવ્યક્તિ વાંચી, હૈયું ભરાઈ આવતું હતું. કેટલા સુંદર આકારિત કર્યા હતા આ કલમના કસબીઓએ કરુણતાના એ ભાવ ... કઠોર હૈયાનો માનવી પણ બરફની જેમ પીગળવા લાગે.. ત્રણ ત્રણ મહાન ચિત્રકારો જે નિર્ણાયક હતા. તેઓ આ ચિત્રોને વારંવાર જોયા જ કરતા જીવનમાં પહેલીવાર તેઓ પણ સ્પષ્ટ નિર્ણય આપવા માટે અસમંજસમાં હતા. એકાવન ચિત્રોમાંથી સત્તર અને સત્તરમાંથી શ્રેષ્ઠ સાતની પસંદગી કરવામાં આવી હતી. ખરેખર હવે નિર્ણાયકો માટે કપરાં ચડાણ હતા. એક થી ત્રણ નંબર કોને આપવા? તેની મથામણ ચાલતી હતી.એક ચિત્ર ઉપાડી નીચે મુકતા,બીજું ઉપાડી નીચે મુકતા. વારંવાર ચિત્રમાં રહેલી બારીક રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવતી. છેવટે એક થી ત્રણ નંબર નક્કી કરવામાં આવ્યા. ચાર દિવસ બાદ રવિશંકર રાવલ કળા સાહિત્ય ભવનમાં એકાવન ચિત્રોને આર્ટ ગેલેરીમાં લોકદર્શન માટે ખુલ્લા મુકવામાં આવશે અને તે જ દિવસે આ ત્રણ શ્રેષ્ઠ ચિત્રકારોનું સન્માન પણ કરવામાં આવશે. આવા સમાચાર દરેક ચિત્રકારને આપી દેવામાં આવ્યા. પ્રત્યેક ચિત્રકાર પોતાનો નંબર એક થી ત્રણમાં અવશ્ય આવશે તેવી ખેવના સેવવા લાગ્યો.

સમય વાયુવેગે પસાર થવા લાગ્યો. આજે રવિશંકર કલા સાહિત્ય ભવનનો સભાખંડ ખીચોખીચ માનવ સમુદાયથી ભરેલો હતો. એકાવન ચિત્રકારો પહેલી હરોળમાં સ્થાન ધરાવતા હતા. ત્યારબાદ તેમના પરિવારજનો અને કલાપ્રેમી જનમેદની આર્ટ ગેલેરીમાં આ બધા જ ચિત્રકારોની તસ્વીરો જોઈ અને સભાખંડમાં બેસી કોનો નંબર આવશે તેની કલ્પનાઓ ચલાવતી હતી. સરસ્વતી માતાની પ્રાર્થના બાદ કાર્યક્રમની શરૂઆત થઈ ગઈ હતી. જે ત્રણ ચિત્રકારો તે દિવસે નિર્ણાયક બન્યા હતા તેઓ પોતાના હાથમાં તે અદ્ભૂત ચિત્રને આકારિત કરનાર ચિત્રકારોના એક થી ત્રણ નામનું કવર હાથમાં લઈને બેઠા હતા. સભાગૃહમાં બેઠેલા પ્રત્યેક વ્યક્તિ પોતે મનમાં ધારેલા ચિત્રકાળનો જ પ્રથમ નંબર, બીજો નંબર કે ત્રીજો નંબર આવશે. તેવા અનુમાન લગાવી રહ્યા હતા.

એક સમયે આર્ટ ગેલેરીમાં જેમના ચિત્રો શોભતાં, એવોર્ડ વિજેતા એવા નિર્ણાયક ચિત્રકાર શ્રી માધવભાઈ ગઢવી વિજેતા ચિત્રકારના નામની ઘોષણા કરવા માટે પોતાના સ્થાન પરથી ઊભા થઈ લેક્ટર તરફ આગળ વધ્યા. સભાગૃહમાં સભાસદો ઊભા થઈ બે હાથથી તાલીઓ પાડવા લાગ્યા. બધાની આતુરતાનો હવે અંત આવવાનો હતો. શ્રી માધવ ગઢવી સરસ્વતી માતાની સ્તુતિદ્વારા પોતાના વક્તવ્યની શરૂઆત કરી. તેમણે કહ્યું કે "આજથી પાંચ દિવસ પહેલાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં એકાવન ચિત્રકારોએ પોતાની અદ્ભૂત કલાનું દર્શન કરાવ્યું, જે કલા અત્યારે પ્રદર્શનમાં મુકેલ છે. મારી દ્રષ્ટિએ તો બધા ચિત્રકાર વિજેતા છે, પ્રત્યેક ચિત્રકારે પોતાનો આત્મા રેડી અને અદ્ભૂત કૃતિનું સર્જન કરેલ છે. પાંચ કલાકની તે લોકોની આ પરીક્ષા હતી. તેમની પરીક્ષા તો પૂરી થઈ અને ત્યારબાદ ખરેખર અમારી પરીક્ષા શરૂ થઈ. ખરેખર કોને નંબર આપવો એની મૂઝવણ છેલ્લા ત્રણ દિવસથી અમને હેરાન કરતી રહી હતી. છેવટે અનેક બારીક નિરીક્ષણદ્વારા વર્ષોના અનુભવી ત્રણ નિર્ણાયકોએ ત્રણ ચિત્રકારોની કૃતિને પસંદ કરી છે. એનો મતલબ એવો ક્યારેય થતો નથી કે આ ત્રણ જ શ્રેષ્ઠ

ચિત્રકાર છે. હા, કદાચ તેમણે જે ચિત્ર દોર્યા છે, તેમાં કરુણતાનો ભાવ બીજા કરતા થોડો વિશેષ જોવા મળતો હશે. એટલી જ ભિન્નતા છે આમાં.

સાચું કહું તો "માનવીય હૃદયની કરુણતા"ના ચિત્રોએ અમને પણ હચમચાવી દીધા છે. અમારા હૈયા પણ ખરેખર રડવા લાગ્યા છે. ભીની આંખે અને હસતા ચહેરે હૃદયથી શત્ શત્ સલામ કરીને પરિણામની ઘોષણા કરવા જઈ રહ્યો છું. સૌ પ્રથમ "માનવીય હૃદયની કરુણતા." આ વિષય અનુસંધાન યોજાયેલ સ્પર્ધામાં ત્રીજા ક્રમે આવે છે
"કસાઈના વાડે ઊભેલી ભેંસ." ખરેખર અદ્ભૂત ચિત્ર બનાવ્યું છે આ ચિત્રકારે. એ ભેંસની આંખોમાં શબ્દોમાં વર્ણવી ન શકાય તેવું દુઃખ દેખાય છે. જેણે બચવાના બધા જ પ્રયત્ન છોડી દીધા છે. જેણે મનથી માની લીધું છે કે આજે હજાર હાથવાળો પણ બે હાથવાળા પાસેથી છોડાવી શકે તેમ નથી. તેથી ધમપછાડા પણ જેણે બંધ કર્યા છે.હવે મૃત્યુને શરણે થવાની વાર છે. લાચાર પશુ અને નિર્દયી કસાઈની આંખોમાં ક્રમશઃ કરુણતા અને ક્રૂરતા ભારોભાર છલકાય છે.

ત્યારબાદ બીજા ક્રમે આવે છે, "પુત્રની અર્થીને કાંધ આપતો પિતા." જગતમાં ખુમારીથી જીવન સંગ્રામો ખેડતા મજબૂત મનોબળવાળો પહાડ સમ પિતા પણ જ્યારે પોતાના ખભા ઉપર પુત્રની અર્થી લઇને ચાલે છે ત્યારે ખરેખર ભાંગી પડે છે. જગતનું સૌથી મોટામાં મોટું દુઃખ હોય તો પિતાની કાંધ પર પુત્રની સ્મશાન યાત્રા.સ્વમાનથી ઊંચું રાખેલ મસ્તક આજે નીચું જોઈને ચાલે છે. ભગવાન પરનો તિરસ્કાર તેના ચહેરા પર સ્પષ્ટ દેખાય છે.મૃત્યું બાદ પુત્રની શું ગતિ થશે ! તેની વ્યથા તેના હૈયે જડેલી છે.

અને પ્રથમ નંબરે આવે છે, "માતાની ચિતા સામે વ્યથીત હૈયે બેઠેલ અનાથ પુત્ર." જેના કુટુંબમાં કોઈ નથી તેવો પુત્ર આજે માતાના મૃત્યું બાદ અનાથ થઈ ગયો છે. નાનકડી ઝુંપડીમાં રહે છે. બે પગ ઉભડક રાખી. ટૂંટિયું વાળીને બેઠેલા પુત્રના ચહેરા ઉપર ક્રોધ મિશ્રિત કરુણતા દેખાય છે. જાણે ભવિષ્યની ચિંતા તેને સતાવતી હોય. જિંદગીને નિરસ જાણીને બેઠો હોય. મોઢામાં બાજરીના રોટલાને બટકું ભરી રહેલો, ચહેરા પર લાલીમાં સાથે ઝૂંપડીની બહાર, નદી કિનારે ચિતાની પાસે બેઠો છે. ચેહરા પર દુઃખની અનેક રેખાઓ દેખાય. પણ ભગવાન સામે કોઈ ફરિયાદ જ નથી,જાણે તેનો બેફિકર ચહેરો કહી રહ્યો છે કે હજુ એ પરમેશ્વર તારામાં તાકાત હોય તો વધુ દુઃખ આપી જો.

તો આ ત્રણેય મહાન કલાકારોને હું સભામંચ પર આમંત્રણ આપું છું કે આપશ્રી અહીંયા આવી તમારાં પારિતોષિક અને સર્ટિફિકેટનો સહર્ષ સ્વીકાર કરો. સભાખંડમાં આનંદની કીકીયારીઓ થવા લાગી. ઘણા દર્શકોના અનુમાનમાં સાચા ઠરેલા, તો ઘણા બધાના ખોટા પણ ઠરેલા. ઘણા પોતાના ચહેરા પર અસંતોષ પ્રદર્શિત કરવા લાગ્યા. તો ઘણા આનંદપૂર્વક હર્ષ,ઉલ્લાસ કરવા લાગ્યા. ત્રણે ચિત્રકારોએ સ્મૃતિચિન્હ , પારિતોષિક અને સર્ટિફિકેટ સ્વીકાર્યા. પ્રથમ નંબર લાવનાર કબીર ઉપાધ્યાયને વિશેષ પારિતોષિક અને સ્મૃતિચિન્હથી સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ નિર્ણાયક શ્રી માધવ ગઢવીએ એક સાહજિક પ્રશ્ન પૂછ્યો કે "માતાની ચિતા સામે બેઠેલો બાળક પોતાના મુખમાં બાજરીનો રોટલો શા માટે ખાય છે? આ એક વસ્તુની ખબર ન પડી. અને બીજું આ ચિત્ર દોરવાની પ્રેરણા તમને ક્યાંથી મળી? " આ પ્રશ્ન સાંભળતા જ કબીર ઉપાધ્યાયની દ્રષ્ટિ વિહ્વળ થઈ ગઈ. તે સભામંચ પર જ ચોધારા આંસુ સારવા લાગ્યો. થોડાક સમય બાદ પાણી પીને સ્વસ્થ થયેલ, કબીર ઉપાધ્યાય માધવ ગઢવીના પ્રશ્નોના જવાબ આપે છે. કબીર કહે છે " ખરેખર આ ચિત્ર કાલ્પનિક નથી, નાની ઉંમરે બાપ ખોઈ બેઠેલ હું, મારી માતા સાથે જીવનનાં વર્ષો આનંદપૂર્વક પસાર કરી રહ્યો હતો,પણ અમારી ખુશી કદાચ પરમેશ્વરને પસંદ નહોતી. જેથી કોઈ સંજોગવસાત્ મારી બંને કિડની નકામી થઈ ગઈ. મારી માતાએ પોતાની કિડની મને આપી નવજીવન આપ્યું. હું તો સ્વસ્થ અને તંદુરસ્ત થઈ ગયો પણ મારી માતા ધીમે ધીમે સૂકાવા લાગી અને જીવનસંઘર્ષ કરતાં કરતાં એક દિવસ મૃત્યું પામી.નદી કિનારે એક ઝૂંપડીમાં અમે બંને રહેતા. તે જ ઝૂંપડીની આગળ ચિતા ખડકી પરમેશ્વરે આપેલ આ વ્યથાને હું જડ બની સહન કરતો

રહ્યો. હા,મારા મુખમાં બાજરીનો રોટલો છે કારણ મૃત્યુના આગલા દિવસે જ મારી માતાએ પોતાના હાથથી ઘડેલો તે અંતિમ રોટલો હતો. આજ બાદ ક્યારેય મારી માતાના હાથનો રોટલો મને ખાવા મળવાનો ન હતો. જે રોટલામાં મારી માતાનો પ્રેમ છુપાયેલો હતો. તે પ્રેમ અને રોટલો ક્યારેય પ્રાપ્ત થવાનો ન હતો. એ છેલ્લો અમીનો ઓડકાર હતો. જે મને જીવનસંઘર્ષ લડવા માટે તન અને મનથી મજબૂત કરી રહ્યો હતો.બસ આજ છે મારા જીવનની યથાર્થતા. ખરેખર આ એક ચિત્ર નથી પણ મારા જીવનની ક્યારેય ન ભુલાય તેવી કરુણતા છે."

આટલું બોલતા જ સભાખંડની અંદર રહેલ પ્રત્યેક વ્યક્તિના હૈયા અને આંખો ભીની થઈ ગઈ. હર્ષ ઉલ્લાસપૂર્વક બધાએ ઊભા થઈને તાલીઓ પાડી.

માધવ ગઢવીની આંખો ભીની થઈ ગઈ. જીવનની વાસ્તવિક કરૂણતા સાંભળીને. તેમણે પરમેશ્વરનો આભાર માન્યો. ખરેખર યોગ્ય વ્યક્તિને પ્રથમ નંબર આપ્યો તેનો આનંદ થયો.

સ્વર્ગવાસી માતાને હૃદયપૂર્વક નમન કરી કબીર ઉપાધ્યાય સભાગૃહમાંથી બહાર નીકળ્યો..

[અસ્તુ]
[ વંદે માતરમ]

બાંહેધરી :
હું બાંહેધરી આપું છું કે ઉપરોક્ત ટૂંકીવાર્તા મારી સ્વરચિત અને અપ્રકાશિત છે.

પિયુષ બાબુભાઈ પ્રજાપતિ
(9427051662)
સાણંદ.

# શીર્ષક : યુધ્ધની ભયાનકતા

ચોમેર અંધકાર છવાયેલો હતો. પીડા આપી રહેલા મારા દેહને ઢસડતી-ઢસડતી હું આગળ વધી રહી હતી. સીમાઓની આ ધરા મને સાત સમંદર સમાન ભાસતી હતી. ચારે કોર એક બિહામણી શાંતિના પગરવ સંભળાતા હતા. મારા અશ્રુ તથા ઘા માંથી વહી રહેલું લોહી એ માટીમાં ભળી રહ્યા હતાં. હિંમત તૂટી ગઈ હતી તથા મનમાં અનેક નકારાત્મક વિચારોએ સામ્રાજ્ય જમાવ્યું હતું. સ્વદેશ તથા પરદેશ વચ્ચેના "યુધ્ધની" ભીષણ ભયાનકતા પહેલી વાર મેં નજરોનજર જોઈ હતી. એ અકલ્પનીય દ્રશ્યો વારંવાર આંખો સામે આવતા ને હું ધ્રુજી ઉઠતી! ઓહ! જો યુધ્ધના દૃશ્યો આવા તો પીડિતોની પીડા કેવી!

મારો દેહ દર્દથી કણસતો હતો. આખરે, મોતને તથા દુશ્મનોને હાથ તાળી આપી હું સરહદેથી નીકળી રહી હતી! અચાનક ધધધધ...ગોળીઓનો વરસાદ જાણે મારી નીકટ વરસી પડ્યો. બંને દેશો વચ્ચેનું યુદ્ધ આમ તો સમાપ્ત થયું હતું પરંતુ એકબીજાને દુશ્મન માની બેઠેલા લોકોના હ્રદયમાં તો યુધ્ધની જ્વાળાઓ હજી પ્રજ્વલિત હતી. કેટલાક સ્વેચ્છાએ આ યુધ્ધમાં જોડાયા હતા તો કેટલાક વગર વાંકે મોતને ભેટ્યા હતા. મેં આકાશ તરફ નજર કરી. મોંસૂઝણું થવા આવ્યું હતું. એકાએક થોડો ઢાળ આવ્યો અને હું ગબડતી-ગબડતી નીચાણવાળા વિસ્તારોમાં પહોંચી અને એક મોટો પથ્થર મારા કપાળે વાગ્યો. મને મારી જાત પર ગુસ્સો આવ્યો. શા માટે હું અહીં આવી?

એકાએક મારી નજર આછેરો પ્રકાશ ફેંકતી એક ઝૂંપડી પર પડી. હું વિમાસણમાં પડી! શું આ સ્વદેશ હશે કે પછી કોઈ અન્ય દેશની સરહદ? જો આ મારા દેશની માટી ન હોય તો પરદેશીઓ મને જાસુસ સમજી અનેક અત્યાચારો ગુજારશે અને મારી સામે પીડાદાયક મોત ઊભું રહેશે! હું ઝૂંપડીની પાછળ સંતાઈ ગઈ અને અંદરનો સંવાદ સાંભળવા લાગી. મેં કાણામાંથી અંદર દ્રષ્ટિ પરોવી અને દ્રશ્યો જોતાં હું સમસમી ગઈ! ઝૂંપડીની એક બાજુ એક આધેડ દેહ તથા બીજી બાજુ એક કિશોરીનો દેહ એકસાથે ભીંસાતો હતો. કેટલાક લોકો ભુખિયા વરુની જેમ આ અબળાઓ પર સામટા ત્રાટક્યા હતા! મારી આંખોમાંનો અશ્રુબંધ તૂટવા લાગ્યો. સ્ત્રીઓ પરનાં અત્યાચારો જોઈ હું ધ્રૂજી ગઈ! અજવાળું થાય એ પહેલાં એ હેવાનો ભાગી ગયા.

અંદરથી પીડાદાયક રુદન સંભળાવા લાગ્યું. મોટી વયની સ્ત્રી એ કિશોરીને સાંત્વના આપવા લાગી. હું એ પીડિતાઓ પાસે પહોંચું એ પહેલાં જ સામેના ઝૂંપડાંમાંથી સ્ત્રી, પુરુષનાં ઝઘડવાનો અવાજ આવ્યો. મારા પગ એકાએક અવાજની દિશા તરફ મંડાયા.

"મહેરબાની કરી નાનકાને દવાખાને લઈ જાઓ નહીંતર એ નહીં બચી શકે."

"હા હા... રાજુની મા હું જાણું છું પણ તને ખબર જ છે મારી પાસે તેની સારવાર કરાવવાનો રૂપિયો પણ નથી. યુધ્ધના લીધે કેટલાય મહિનાઓથી કોઈ આવક નથી. ઉપરથી દુશ્મનો જે હતું એ પણ ચોરી ગયા. બસ હવે, તો થાય છે કે મોત કાલે આવતું હોય તો આજે આવે."

મેં મારી આંગળીમાંથી વીંટી કાઢીને તેમને આપી.

"બેન આપ કોણ?"

"પરિચય કેળવવા માટે આખી જિંદગી પડી છે. હમણાં તો આ બાળકનો જીવ બચાવવો વધુ અગત્યનો છે."

બંને જણા મારા પગમાં પડીને આભાર માનવા લાગ્યાં, તથા એક ફાટેલી ગોદડીમાં બાળકને લપેટી દબાતે પગલે રવાના થયાં.

સૂર્યનો પ્રકાશ હવે ચોમેર ફેલાયો હતો. કેટલાક લોકો બારીની બહાર ડોકીયા કરીને, મને શંકાસ્પદ નજરે જોવાં લાગ્યાં. તૂટેલાં ઘરો, ફાટેલાં વસ્ત્રો, આંખોમાં દેખાતો અજીબ ડર, નિરાશા, ઉદાસી તથા હાડપિંજર જેવી થઈ ગયેલી લોકોની કાયા વગર પૂછ્યે જ મને એમની આપવીતી જણાવી રહ્યાં હતા. યુધ્ધમાં શારીરિક, માનસિક ઘવાયેલા લોકો પર હું નજર ફેરવતી હતી ત્યાં જ મારી પર પથ્થરમારો શરુ થયો.

"આ...હ, આ..ઉચ.

ના... ના... મને ના મારશો હું તો તમારી મિત્ર બની તમારા દુઃખોમાં સહભાગી થવા આવી છું."

હું પીડાથી કણસવા લાગી એટલે પથ્થરમારો બંધ થયો. હું તો તમારી વેદનાને વાચા આપવા આવી છું. મારું નામ કૃષ્ણા. યુધ્ધનું અણ કહેવાયેલું, ન લખાયેલું સત્ય સમાજ સુધી પહોંચાડવાનું મેં બીડું ઝડપ્યું છે. મને તમારી મિત્ર સમજો હું તમારા સુધી ચોક્કસ મદદ પહોંચાડીશ.

"મદદ હા... હા... હા... મદદ!"

એક માજી અટ્ટહાસ્ય કરતાં મારી નજીક આવ્યાં. આ યુધ્ધે ઘડપણમાં મારા બધાં સહારા છીનવી લીધાં. અરે! યુવાનો તો શું આ યુધ્ધે તો કુમળા છોડોને પણ કચડી નાંખ્યાં. બેન અહીંના વિસ્તારોમાં એક પણ ઘર એવું નહીં હોય જ્યાંથી કોઈની અર્થી ન ઉઠી હોય અને હા... સરકારી ચોંપડે જેની કોઈ જાણ પણ ન હોય. અરે! અમે સૌ પણ જાણે મરવાની રાહે જીવન વેંઢારી રહ્યાં છીએ. શું મદદ કરશો બેન તમે અમારી?

હું નિરુતર રહી. માજીની સાથે સૌ કોઈની આંખો ભીની થઈ!

"બેન, યુધ્ધની અસર માત્ર સીમાઓ પર જ નથી થતી. સૈનિકોના શહીદ થવાથી કેટલાય પરિવારજનો લાચાર બની જાય છે. બાળકો અનાથ ને સ્ત્રીઓ વિધવા થાય છે, યુવાધન હોમાય છે અને વળી, સરહદોના ગામ પર તો જાણે દુશ્મનો તેમનું સામ્રાજ્ય જમાવી બેસે છે. કઈ કેટલાય દેહો રાત્રીના અંધકારમાં ભીંસાઈ જાય છે. બાળકો પર કબજો જમાવી નાનપણથી જ તેમને પુસ્તકોની જગ્યાએ હથિયાર થમાવી દેવામાં આવે છે. વિદ્યા પ્રાપ્તિની ઉંમરમાં તેમને યુધ્ધમાં બલિદાન આપવા સજ્જ કરી દેવાય છે. દરેક યુધ્ધના અંતે ત્રાસવાદી, કોમવાદી, રેફ્યુજી, નિરાશ્રીતો કે અલગ અસ્તિત્વ સામે બંડ પોકારનારા જન્મ લે છે. બસ હવે, તો થાય છે કે માનવોનું રક્ત પીનારા આવા યુધ્ધોનો કાયમી અંત આવે."

લોકોની પીડાને હું મારી આંખોનાં કેમેરામાં કેદ કરવા' લાગી. યુધ્ધમાં લોકો શું ગુમાવે છે એ દરેક બાબત મેં હ્રદયમાં લખી લીધી. બપોરનો સમય થવા આવ્યો હતો. ઘણા દિવસો બાદ

આજે મને થોડું ખાવા મળ્યું. ગામના વૈદ્ય એવાં સલીમચાચાએ મને દુઆ પઢીને ઔષધી લગાવી આપી. યુધ્ધ સેવિકા એવી મરીયમ પણ મારા ઘાવ પર મલમ લગાવવા લાગી. મરીયમે પણ યુધ્ધમાં પોતાના પ્રેમીને તથા પરિવારને ગુમાવ્યા હતા. તે સરકારી છાવણી સુધી પહોંચી શકેલા દર્દીઓની સેવા કરી તેમને બચાવવાનો પ્રયત્ન કરતી અને પોતે તો રોજ મરતી. મરીયમની વેદનાને શબ્દોમાં આલેખવું જ મને અશક્ય લાગ્યું. ખબર નહીં આવા તો કેટલાય અસ્તિત્વને યુધ્ધની જ્વાળાઓ ભરખી ગઈ હશે.

અચાનક થોડી ચહલપહલ સંભળાઈ. ગામના મુખી એવા રામુકાકાની દીકરી રીનાને પ્રસવ પીડા ઉપડતા કેટલીક બહેનો તેની મદદે દોડી. હું અને મરીયમ પણ ત્યાં પહોંચ્યા. તેમની એકબીજા પ્રત્યેની લાગણીઓમાં મને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નાં દર્શન થયા. રીનાની તબિયત થોડી ગંભીર જણાતા જાણકાર બહેનોએ તેને હોસ્પિટલ લઈ જવા જણાવ્યું. ગામનાં પુરુષો પણ આવા યુધ્ધના માહોલમાં બહાર જતા ગભરાતા હતા. છતાં કેટલાક દયાળુ ને હિંમતવાન લોકોએ રીનાને હોસ્પિટલ સુધી પહોંચાડવાનું બીડું ઝડપ્યું.

સુરજદાદા હવે, વિદાય લઈ રહ્યાં હતા તથા સંધ્યાદેવી ધીમેધીમે પોતાનું સામ્રાજ્ય ફેલાવી રહ્યાં હતાં. રીના માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવી. રીનાને બહાર લઈને આવે એ પહેલાં જ બહારથી દર્દભરી ચીસ અને ભાગદોડ સંભળાવા લાગ્યા.

"ભાગો, ભાગો ગામમાં કેટલાક ગુંડાઓ અને આતંકવાદીઓ ઘૂસ્યા હોય એવું લાગે છે."

સૌના જીવ પડીકે બંધાયા! લોકો પોતાના ઘરનાં દરવાજા બંધ કરવા લાગ્યા. મુખી પણ ફમને ઝાંપો બંધ કરવા દોડ્યા પરંતુ એ પહેલાં તો કેટલાક બદમાશો તેમને મારવા લાગ્યા. અમે, સાવચેતીપૂર્વક અંદરનો દરવાજો બંધ કરી દીધો. સૌની સાથે મારા ધબકારા પણ વધ્યાં. મૃત્યુ જાણે દ્વારે જ આવીને ઉભું હતું.

વાતાવરણમાં છવાયેલી સ્મશાનવત શાંતિમાં રીનાની ચીસો ગુંજવા લાગી.

"ભાઈ, અમારા પર દયા કરો. મારી દીકરીની હાલત ગંભીર છે. જો સમયસર દવાખાને ન પહોંચ્યા તો બંને નિર્દોષ જીવ..."

"હા...હા... હા..."

એક લુચ્ચું અટ્ટહાસ્ય વાતાવરણમાં ગંદકીની જેમ ફેલાયું. મુખી તેમના પગે પડી રહેમની ભીખ માંગવા લાગ્યા પરંતુ એ બુકાનીધારી પોતાની બંદૂકના જોરે મુખી પર રોફ જમાવવા લાગ્યા.

"સાંભળ મુખી, સરકાર સુધી અમારી માંગણીઓ પહોંચાડવાની જવાબદારી તારી, નહીંતર તારા આખા ગામને અમે સ્મશાનઘાટમાં ફેરવી દઈશું."

રીનાની પ્રસવપીડા વધતી જ જતી હતી. રીનાનું બાળક ગર્ભમાં એવું ફસાયું હતું કે ગામની અનુભવી દાયણોને પણ ઓપરેશન કરાવવું જ યોગ્ય લાગ્યું. કલાકો સુધી મુખી કરગરતા રહ્યા અને એ રાક્ષસો હસતા રહ્યા. ત્યાં જ એક બીજો બદમાશ હથિયારોની તથા ચોરાયેલા કીમતી આભૂષણોની બેગ લઈ મુખીની ઓસરીએ આવ્યો. અન્ય લોકો તેને સલામ કરવા લાગ્યાં. નાનકડો એ યુવાન કદાચ એમનો સરદાર હોય એવું લાગ્યું. તેણે પણ મુખી તરફ

બંદૂક તાકી.

"ભાઈ, તું મારો જીવ લઈ લેજે પણ હમણા મને જવા દે મારી દીકરીને મોટા દવાખાને વખતસર નહીં પહોંચાડુ તો..."

રીનાની કારમી ચીસો ફરી સંભળાઈ.

"જ્યાં સુધી તમારી સરકાર અમારી વાત નહીં માને ત્યાં સુધી તમે અમારા કબજામાં છો".

સમય વીતવા લાગ્યો.મને પણ એવું લાગ્યું કે પહેલા રીના ઉપર જશે અને પછી વારાફરતી અમે બધાય.

રીનાએ સંપૂર્ણ જોર લગાવી ફરી ચીસ પાડી અને પેલો બંદૂકધારી ઓરડા તરફ આવ્યો. તેણે એક જ ધક્કો માર્યો ને ઓરડાની કળ ખૂલી ગઈ. અંદર રહેલી બધી બહેનો ચીસો પાડવા લાગી. કેટલીક બહેનોને તો તેણે ધક્કો માર્યો અને ઓરડાની બહાર ફેંકી દરવાજો આડો પાડી દીધો.

એણે અમારી તરફ નજર કરી.

"ગભરાશો નહીં, હું કહું એમ કરતા જાઓ. તે રીનાની વધુ નજીક આવ્યો અને તેને પ્રસુતિ માટે ભાનમાં લાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેણે પોતાની બેગમાંથી કેટલોક સામાન કાઢ્યો તથા મરીયમની સાથે રહેલી બહેનોને રીનાના બાળકનાં પ્રસવ અંગે સમજાવવા લાગ્યો. દોઢ કલાકની મહેનત બાદ રીનાએ આતંકવાદી જેવા લાગતા એ યુવાનની મદદથી સુંદર બાળકને જન્મ આપ્યો. અચાનક તેની પર કોઈનો ફોન આવ્યો. બાળકને હાથમાં લઈ તે મુખીની નજીક પહોંચ્યો. બાળકને ચુંબન કરી તેણે બાળક મુખીના હાથમાં મૂક્યું. મુખી તો બદમાશ જેવા એ દેવદૂતને જોઈ રહ્યા. એ યુવાને પોતાના સાથીઓને ત્યાથી જવાનો ઈશારો કર્યો.

એ ગુંડો હતો કે આતંકવાદી! કે પછી ડોક્ટરી તાલીમ લીધેલ કોઈ યુવાન! કોઈને ન સમજાયું. સૌ કોઈને એ એક દેવદૂત સમાન લાગ્યો. મારા માનસપટલ પર પણ એ ચહેરો કંડારાય ગયો.

થોડા દિવસ હું ત્યાંના અન્ય લોકોને મળી તેમના જીવન વિશે જાણવાનો પ્રયત્ન કરવા લાગી. મેં નિશ્ચય કર્યો કે હું સમાજ તથા સરકાર સુધી લોકોની વેદનાને ચોક્કસ પહોંચાડીશ તથા તેમને ન્યાય પણ અપાવીશ.

સવાર થતા અહીંથી કેમનું નીકળવું, એની યોજના હું બનાવતી હતી ત્યાં જ કોઈ મારા ગાલ પર જોરથી મારીને મને હલાવવા લાગ્યું.

"કૃષ્ણા ઓ કૃષ્ણા. ઊઠ હવે સવાર થયું. ઓફિસ નથી જવાનું?"

હું ઝબકીને જાગી!

"અરે! લેખિકાબેન તમે ફરીથી કોઈ સ્વપ્નમાં ખોવાઈ ગયાં'તા કે શું?"

ઓહ! હું તો ઘરે છું અને સહીસલામત છું! આભાર ભગવાન. અરે! પણ યુધ્ધનાં આટલા ભયાનક દ્રશ્યો! હે પ્રભુ સારું થયું કે આ સપનું હતું.

ઈશ્વરનો આભાર માનીને પથારીમાંથી હું ઊભી થઈ. તૈયાર થઈને ઓફિસ જવા નીકળી. યુધ્ધનાં એ ભયાનક દ્રશ્યો આખો દિવસ મારી છાતીએ શૂળ બનીને ભોંકાવાં લાગ્યા. શું આ સપનું સાચું હતું કે પછી મારી કોઈ ભ્રમણા હતી?

આખરે, એક કર્તવ્યનિષ્ઠ પત્રકાર તથા લેખિકા તરીકે મેં યુધ્ધનો સાચો તાગ મેળવવા સરહદ પર જઈને યુધ્ધમાં શારીરિક, માનસીક કે અન્ય રીતે ઘવાયેલાઓની મુલાકાત કરવાનો નિશ્ચય કર્યો.

લિ. મિસ્ત્રી જિજ્ઞાસા શશીકાંત 'રાધા'

શીર્ષક = સ્ત્રી

શોભનાબાના મગજમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું. આ માત્ર વિચારો જ નહોતાં, અંતરના છેક અતાગ તળીયેથી ઉદભવતી લાગણીઓ પણ હતી. આ લાગણીઓને લીધે રાત્રે બરાબર ઊંઘી પણ શકાયું નહોતું. ક્યાંક લાગણીઓ તરડાઈ હતી, વિશ્વાસ તરડાયો હતો, સબંધ પર મસમોટાં લિસોટા પડ્યાં હતાં અને તેમ છતાં પણ આશાનો, સ્નેહનો, મમતાનો એક નાનકડો સૂર્ય શોભનાબાના હૃદયમાં ઉગવા મથી રહ્યો હતો.

લાલચોળ સૂજેલી આંખો સાથે તેમનો દિવસ ઉગ્યો. બારીમાંથી દેખાતાં ભાણદેવની રતાશ જેવી જ રતાશ તેમની આંખોમાં ઘોળાઈ રહી હતી. તેજપ્રતાપ હજી જાગ્યા નહોતા. શોભનાબાએ નાહી-ધોઈને પૂજા કરી, ચા બનાવી એટલી વારમાં તેજપ્રતાપ પણ જાગીને ચાના ટેબલ પર ગોઠવાઈ ગયા હતાં. તેજપ્રતાપે જોયું કે રોજ મઘમઘતા સ્મિત સાથે ગુડ મોર્નિંગ કહીને ચા આપતાં શોભનાબા આજે મૂરઝાયેલા લાગતા હતાં. મોઢા પરથી તેજ ગાયબ હતું અને સ્મિત જાણે બળજબરીપૂર્વકનું લાગતું હતું. તેમણે ધીમેક રહીને વાતની શરૂઆત કરી.

" શું વાત છે બાઈસા? આખી રાત ઊંઘ્યાં નથી લાગતા. આખો ચહેરો કેમ બદલાઈ ગયો છે આજે તમારો? "

શોભનાબાએ ફિક્કું હસીને વાત ઉડાવી દીધી એટલે તેજપ્રતાપે ફરી પૂછ્યું,

" બાઈસા, તમારું હાસ્ય પણ નકલી લાગે છે આજે."

શોભનાબા બોલ્યાં,

" કાંઈ નહીં રાયજી, બસ જરાક માથું દુખતું હતું. "

હંમેશા આંખમાં આંખ મિલાવીને જ વાત કરનાર શોભનાબા આજે નજર ચુરાવી રહ્યાં હતાં. તેજપ્રતાપને ખબર હતી કે શોભનાબા તદન ખોટું બોલી રહ્યાં હતાં પણ સવાર - સવારમાં વધુ દલીલો કરીને દિવસ ખરાબ કરવાનું તેમને યોગ્ય ન લાગ્યું.

જેવી મન:સ્થતિ તેજપ્રતાપની હતી એવી જ મન:સ્થતિ શોભનાબાની પણ હતી. જેમ તેજપ્રતાપને શોભનાબા બદલાયેલા લાગતા હતાં તેમ શોભનાબાને પણ તેજપ્રતાપ  પારકા હોય એવું લાગી રહ્યું હતું. ખાલી તેજપ્રતાપ જ નહીં, જિંદગીનું સમીકરણ જ બદલાઈ ગયું હતું.

શોભનાબા ચૂપચાપ ચા પીવા માંડ્યા. તેમના મજબૂત, સુંદર શરીરને જાણે કે રાતોરાત વૃદ્ધત્વ ઘેરાઈ વળ્યું હતું. સુંદર બંગડીઓથી શોભતો તેમનો હાથ ચાનો કપ પકડતાં-પકડતાં ધ્રુજી ઉઠ્યો. થોડીક ચા ઢોળાઈ પણ ખરી. બાજુમાં પડેલા નેપ્કીનથી સાડી પર ઢોળાયેલી ચા લૂછવા જતાં વધુ ચા ઢોળાઈ. તેજપ્રતાપની નજર આ બધું નોંધી રહી હતી. વધુ પૂછતાછ કર્યા વિના તે ઓફીસ જતાં રહ્યાં.

સોનબાઈ આવીને કેટલીયે વાર રસોઈમાં શું બનાવવું છે એ પૂછી ગયા પણ શોભનાબાનું ધ્યાન એમની વાતમાં હતું જ નહી.

" બાઈસા, આજે જમવામાં શું બનાવવું છે?"

થોડીકવાર એમને એમ જ બેસી રહ્યાં બાદ તેમણે કહ્યું,

" સોનબાઈ, રાયજીને ભાવે ઈ બનાવી દયો આજ."

આટલું કહીને તેઓ પોતાના રૂમમાં જતાં રહ્યાં.

રોજ રાંધવા આવતાં સોનબાઈ પણ બાઈસાની આવી હાલત જોઈને નવાઈમાં ડૂબી ગયાં. રોજ તો બાઈસા માથે ઉભા રહીને રસોઈ કરાવડાવતાં અને તેમને મદદ પણ કરતાં. આજે કદાચ બાઈસાની તબિયત બરાબર નહીં હોય એમ વિચારીને એ પણ રસોડામાં જતાં રહ્યા.

ભાંગેલા પગે અને તૂટેલાં હૃદયે શોભનાબા પોતાના રૂમમાં જઈને રીતસરના જાણે કે સોફામાં ફસડાઈ જ પડ્યાં. આંસુ અટકવાનું નામ નહોતાં લેતાં અને મગજ હતું કે જે બસ પ્રશ્નોનો મારો જ ચલાવ્યે રાખતું હતું.

" શું સત્ય હતું? હાથમાં રહેલી આ તસવીર કે આજદિન સુધી રાયજીના અઢળક સ્નેહ વચ્ચે જીવાયેલાં અઢાર વર્ષો? "

મગજ કહેતું હતું કે બન્ને સાચા હતાં. હૃદય તરફડી ઉઠતું હતું કે જો આ બન્ને સત્ય હોય તો પોતાની જીંદગીના વર્તુળમાં ફૂટી નીકળેલાં આ અણિયાળા ખૂણાનું આખરે કરવું શું? સત્યને બદલી શકાય તેમ નહોતું અને સત્યને સ્વીકારવું પણ અઘરૂં હતું. સત્ય કડવું જરૂર હતું પણ તેમના માતૃત્વ માટે વરદાન લઈને આવ્યું હતું. ફરીથી ગાદલા નીચે છુપાવેલો પેલો કાગળ કાઢ્યો. સાથે એક ફોટો પણ હાથમાં આવ્યો. કાલે પત્ર મળ્યો ત્યાંથી લઈને તે અત્યાર સુધી કેટલીયે વાર પત્ર વંચાઈ ચૂક્યો હતાં છતાં ફરી વાંચ્યો.

શોભનાજી,

પ્રતાપજીના સાથમાં આપ કુશળ જ હશો એમાં કોઈ બેમત નથી. મારો પડછાયો પણ આપના જીવનમાં નહીં પડવા દેવાનું જાતને વચન આપ્યા છતાં જિંદગીએ એવી કગાર પર લાવીને મૂકી દીધી છે કે તમારી ઓથ માંગ્યા વિના કે આ સત્ય ઉજાગર કરવા સિવાય કોઈ આરો નથી રહ્યો. તમારા કાળજે પથ્થર મૂકીને વાંચજો હવે.

તમારા રાયજી એ મારા પ્રતાપજી છે. હા, એમની જિંદગીની હું બીજી સ્ત્રી છું. તમારી જાણ બહાર અમે બન્નેએ એકબીજાને ભરપૂર ચાહ્યાં. પાંચ વર્ષ અમે જોડાયેલાં રહ્યાં. એ દરમિયાન હું મા બનવાની હતી. પ્રતાપજી આ વાતથી ખૂબ નારાજ હતાં.ઘણો ઝગડો થયેલો અમારે. આબરૂની બીકે તેઓ નહોતા ઇચ્છતા કે આ બાળક દુનિયામાં આવે પણ હું કોઈપણ ભોગે એને જન્મ આપવા માંગતી હતી. મારી જીદને લીધે તેમણે સબંધ તોડી નાંખ્યો. પછી એમને કાંઈ પણ જણાવ્યા વિના હું એક સહેલી પાસે વિદેશ જતી રહી. ત્યાં મેં નમ્રતાને જન્મ આપ્યો. એ અત્યારે સાત વર્ષની છે. આટલા વર્ષોમાં હું કે પ્રતાપજી ક્યારેય સંપર્કમાં આવ્યા નથી.

મને છેલ્લા સ્ટેજનું કેન્સર છે. મારી આગળ - પાછળ કોઈ નથી. મારી દિકરી નમ્રતાને હૃદયની બીમારી છે. મારું મૃત્યુ તો હવે નિશ્ચિત છે પણ મારી પાસે એટલા શ્વાસ કે એટલી સંપત્તિ નથી કે હું મારી દીકરીની સારવાર કરાવી શકું. પ્રતાપજી કદાચ નમ્રતાને સ્વીકારવા તૈયાર નહીં થાય પણ એક મરતી મા તમને બે હાથ જોડીને પોતાની દીકરી માટે મદદ માંગે છે. એમને મનાવવાની જવાબદારી હવે તમારી. તમારા સુખી લગ્નજીવનનું ત્રીજું પાત્ર બનવાની સજા તો હું ભોગવી રહી છું છતાં એ માટે હૃદયપૂર્વક હું તમારી માફી માંગુ છું. પ્રતાપજીને પણ માફ કરી દેજો. તમારા જેવી સુશીલ, અને સંસ્કારી સ્ત્રીનો છાંયો મારી દીકરીને મળે તો એ આ દુનિયાના

તાપથી બચી જશે. આ સાથે નમ્રતાનો ફોટો મોકલી રહી છું. એની પાછળ મારું સરનામું અને ફોન નમ્બર લખેલો છે.

લિ. તમારી ગુનેગાર, છતાંય આપની
રહેમ નજરની અપેક્ષા રાખતી,
" નિલોફર "

શોભનાબા એકીટશે નમ્રતાના ફોટાને જોઈ રહ્યાં. રાયજીની માફક નમ્રતાને પણ ડાબી નેણ પરતલ હતો. શોભનાબા સ્વગત બોલી ઉઠ્યા,

" નેણ - નક્શે અદ્દલ રાયજી જેવી દેખાય છે. "

નાનકડું સ્મિત તેમના હોઠ પર ફરફરી ગયું. આખરે કાંઈક નિર્ધાર સાથે તેમણે રિસીવર ઉઠાવ્યું,

" રાયજી, જરાક ઘરે આવોને. થોડીક વાત કરવી છે."

તેજપ્રતાપને લાગ્યું કે કદાચ બાઈસાની તબિયત વધુ ખરાબ લાગે છે. મારતી ગાડીએ તે ઘરે પહોંચ્યા. રાયજીને ગમતી ઘાટા ગુલાબી રંગની સાડીમાં શોભતા બાઈસા બેઠકરૂમમાં હિંચકે ઝૂલી રહ્યાં હતાં. તેમને સ્વસ્થ જોઈને રાયજીને થોડીક નિરાંત થઈ. રાયજી બાજુમાં સોફા પર ગોઠવાયા. બાઈસાએ પેલો પત્ર અને ફોટો તેમના હાથમાં ધરી દીધો. રાયજીની હાલત તો કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ. તેમણે સફાઈ આપવા હોઠ ખોલ્યા પણ એ પહેલા શોભનાબા બોલી ઉઠ્યા,

" રાયજી, હું તમારા મોઢેથી માત્ર એટલું જ જાણવા માંગુ છું કે શું આ સત્ય છે?"

રાયજી પાસે હા પાડ્યા સિવાય કોઈ વિકલ્પ નહોતો.

" હા બાઈસા "

" રાયજી, મેં આટલાં વર્ષ જેનું પડખું સેવ્યું હોય એ માણસ મા બનનારી પ્રેમિકાને મઝધારે છોડી દે એવો કાયર નીકળે એ મારાથી કેમ સહન થાય? હવે આ ભૂલને સુધારી લઈએ એ જ સારુ. જાવ હવે એ બેયને માનભેર અહીં તેડી લાવો. મારી દીકરીને અને તમારા પ્રેમને."

રાયજીએ આવી પ્રતિક્રિયાની આશા જ નહોતી રાખી. તેમને એમ કે બાઈસા મોટો ઝગડો કરશે. તેમની મૂંઝવણ પામી ગયા હોય એમ બાઈસા બોલી ઉઠ્યા,

" પથ્થર એટલા પીર કર્યા છતાંયે ભગવાને મારો ખોળો ખાલી જ રાખ્યો. હવે આ દીકરી મળી છે એને કેમ ગુમાવું? હું એને મારી દીકરીની જેમ સાચવીશ અને નિલોફરની સગી બેનની જેમ સેવા કરીશ."

" બાઈસા, પણ દુનિયા શું કહેશે? "

" મને વાંઝણી કહીને મેણાંનો માર મારનારી દુનિયાની પરવા નથી મને હવે. "

રાયજી હજી આ વાત સ્વીકારી શકતાં નહોતાં કે એક પત્ની પોતાના પતિની પ્રેમિકા અને તેની દીકરીને સ્વીકારવા તૈયાર થઈ હતી.

" બાઈસા, તમે ખરેખર નમ્રતાને  અપનાવી શકશો? "

" એક માની નજરથી જોવો રાયજી. મારું અંતર તેને છાતીએ લગાડવા અધીરું બન્યું છે."

" અને નિલોફરને?"

બાઈસા મીઠું હસીને બોલ્યાં,

" દુનિયામાં માણસાઈ જેવી પણ કોઈ વસ્તુ હોય છે હો રાયજી. હું માણસ પણ છું, સ્ત્રી પણ છું અને મા પણ."

રાયજી મનોમન બાઈસાની માણસાઈ, સ્ત્રીત્વ અને માતૃત્વને વંદી રહ્યાં. બાઈસાની આંખોમાં માતૃત્વનો મહેરામણ રમણે ચડ્યો હતો.

# * ખરતા તારા *

વૈશાખ સુદ પૂનમનો દિવસ હતો... આખું ફળિયું ઢોલ, નગારા અને શરણાઈના નાદથી ગુંજતું હતું.. નાનકડું મકાન ચારે બાજુથી શણગારાયું હતું. ઘણા વર્ષો બાદ ઘરમાં શુભ પ્રસંગના પગમંડાણ થયા હતા. ઘણે વર્ષોથી લડાતા અનોખા જીવન યુદ્ધનો આજ અંત થયો હતો.. ઘરમાં સૌ ખુશીથી લાલ પાઘડી અને લીલા, પીળા કુર્તામાં આમ-તેમ ઝૂમી રહ્યા હતા.. સૌના હૈયાનો હરખ મુખ ઉપર મેક અપની જેમ સ્પષ્ટ દેખાતો હતો...

એવામાં પેલી રીતારી બૂમ પાડતી આવી., 'રે અલ્યા ક્યાં છે? આ કન્યાના પિતા વેણીભાઈ ક્યાં છે? હજુ તૈયાર નથી થયા..! આ જાન બારણે આવી ગઈ છે... ચાલો ભાઈ, ઝટ કરો... આ બ્રાહ્મણ ક્યારનો આવી ગયો છે...'

'હા... હા... આવું છું... આ હું આવ્યો..' નો સાદ નાખતા, માથે તાજની, વિવેકશીલ એવી ચંદનવર્ણી પાઘડી અને રેશમી, આછા પીળા રંગના કુર્તા પર કોટિ પહેરેલા, હાથ મિલાવી બધાનું સ્વાગત કરતા, મીઠા વેણથી બધાને સત્કારતા વેણીભાઈ મંડપ પાસે પહોંચી ગયા.. જાન મંડપમાં આવી ગઈ હતી... ડી.જે ની મોજ માણતા, નાચતા-કૂદતા યુવાન જાનૈયાઓ મંડપમાં સૌ પ્રથમ પહોંચી ગયા.. વડીલો, સજ્જનો શિસ્તબદ્ધ ચાલતા, એકબીજાને હરખથી આલિંગન દેતા, વરરાજા પક્ષના હોવાનો ગર્વ લેતા મંડપમાં પ્રવેશ્યા...

વેણીભાઈને જીવનમાં બે દીકરીઓ જ હોઈ, તેમના નાના ભાઈ મનિષના પુત્રો પોતાના થનાર જીજાજીને લેવા માટે મંડપના દ્વાર સુધી ગયા.. આમ્રવૃક્ષના પાનથી, પવિત્ર જળનો છંટકાવ કરી, ઘરની મહિલાઓ દ્વારા ચરણ ધોયા બાદ વરરાજા લગ્નવિધિ માટે બેઠા અને બ્રાહ્મણે પણ મંત્રોચ્ચાર કરતાં, 'કન્યા પધરાવો સાવધાન' એમ કહ્યું... એટલે વેણીભાઈએ બૂમ પાડી, મઓ બેટા વિનિશા તૈયાર થઈ ગઈ છે ને, એને મંડપમાં લઈ આવો.. એટલે મનિષભાઈના પુત્રો તેમના કાકાની દીકરી વિનિશાનો હાથ ઝાલીને મંડપમાં લઈ આવ્યા... અને બ્રાહ્મણે—

વિધિવત્ લગ્નવિધિ શરૂ કરી.

મંત્રોચ્ચાર પૂર્ણ થયા બાદ બ્રાહ્મણે કહ્યું, હવે વરરાજા કન્યાના ગળામાં મંગલસૂત્ર પહેરાવશે... અને એમને પોતાની ધર્મપત્ની માની સાત જન્મના, સાત ફેરાના વચનો લેશે... એટલે વરરાજાએ મંગલસૂત્ર લઇ વિનિશાને પહેરાવવા માટે હાથ લંબાવ્યો અને... એટલામાં... અચાનક જ,

જાણે વિનિશાની આંખે અંધારા આવી ગયા.. એ મૂર્છિત થઇ જમીન પર પડી... અને તરત જ ચીસ પાડતી વિનિશા ઊંઘમાંથી જાગી ગઈ.. એની આંખો બાવરી બની આમ તેમ જોતી હતી... ત્યાં જ વિનિશાની નજર સામેના ઘડિયાળ પર પડી.. સવારના સાત વાગી ગયા હતા... જોબ પર જવાનો સમય થઇ ગયો હતો.. રાત્રે ઓફિસનું કામ કરતાં લેટ થઇ ગયું હતું... એણે ભૂતકાળ અને ભવિષ્યકાળનો સમન્વય સ્વપ્નમાં જોયો હતો..!

વિનિશા એટલે મધ્યમવર્ગની, રૂપવાન પરંતુ હઠીલી, જિદ્દી છોકરી.. આજ એમની જીવનદોર મુઠ્ઠીમાંથી સરકીને પાંત્રીસ વર્ષના આરે પહોંચી હતી.. વિનિશાના પિતા વેણીભાઈ રિટાયર્ડ ક્લર્ક હતા... વિનિશા ઓફિસ જવા તૈયાર થઇ ગઈ... એણે હાથમાં છાપુ લઇ બેસેલા વેણીભાઇ પાસે જઇ પૂછ્યું, 'પપ્પા, ગઇકાલે આપણા ઘરે મિલયના પેરેન્ટ્સ આવ્યા હતા ને...? તમે એમને શો જવાબ આપ્યો.? એ લોકો શું કહેતા હતા..? તમે એમને 'હા' તો નથી પાડી ને...' ...એક મિનિટ તો વેણીભાઇ મૌન રહ્યા.. પછી વિનિશા તરફ જોઇને, ઉદાસ મને, લાચારીથી બોલ્યા,' દીકરા..! હું કેવી રીતે 'હા' પાડી શકું..? તારી રજામંદી તો જોઈએ ને... અને તું તો... બિચારો મિલય, પોતાના મા-બાપને લઇ ત્રીજી વાર આપણા ઘરે તારો હાથ માંગવા આવ્યો છે... આટલું સાંભળી વિનિશા પિતાની વાતને અણસુણી કરી, મોં ખાટું કરી, નાસ્તો કર્યા વિના ઓફિસ જવા નીકળી ગઈ...

વેણીભાઈ મૂર્તિમંત બની એમને તાકી રહ્યા... જેમને રિટાયર્ડ થયાને પણ પાંચ-સાત વર્ષ થયા હોય... અને જેમની યુક્ત વયની બે-બે દીકરીઓ સાસરુ શોભાવવાને બદલે હજુ ઘરે જ પડી હોય.. એ બાપની લાચારીને કોણ સમજી શકે..?

2.)

વિનિશાનું શું થશે... એ વિચારથી શોકમગ્ન વેણીભાઈ ભાવિ વિચારોના વિષાદ સિંધુમાં લીન થઇ ગયા... એટલામાં જ, એમની મોટી દીકરી માલવિકાએ વેણીભાઈના ખભે હાથ મૂક્યો, અને કહ્યું, 'પિતાજી, શા વિચારમાં ડૂબ્યા છો..? આ ચા લઇ લો... આપણે સાંજે વિનિશા સાથે નિલય વિશે એનો શો વિચાર છે, એ બાબતે ચર્ચા કરીશું... તમે ચિંતા કરો મા.. બધું સારું થશે... અને હા.. આ દવા ટેબલ પર મૂકું છું.. નાસ્તો કરી લઇ લેજો...

પરંતુ યુધિષ્ઠિરે કહેલું તેમ, 'તૃણ કરતા પણ બહુ થનારી ચિંતા છે..! આ સંદર્ભે, વેણીભાઈની ચિંતા ઘટવાનું નામ ન લેતી હતી... એમની મોટી દીકરી માલવિકાના ડિવોર્સ થયાને નવ-દશ વર્ષ થવા આવ્યા હતા.. ઘરબારની તપાસ કર્યા બાદ જ, એક બિઝનેસમેન સાથે માલવિકાના લગ્ન કરાવ્યા હતા... પરંતુ ઘરબાર ગાડી અને નોકરોનો ઠાઠ-માઠ છોડીને માલવિકા માત્ર દોઢ-બે વર્ષમાં જ પોતાની સાત-આઠ મહિનાની બાળકીને લઇને ઘર ભેગી થઈ હતી.. વિચારભેદ અને મતભેદ વધી જતા પતિ-પત્ની વચ્ચે અણગમાની, મનભેદની ખીણ ખોદાઈ ગઇ હતી.. માલવિકા પોતાની દીકરી સાથે પરત આવતાં વેણીભાઈની માંડ ઘટેલી ઉપાધિમાં ચક્રવૃદ્ધિ વ્યાજની જેમ વધારો થયો હતો...!

માલવિકાના જીવનનો મલાલ એ હતો કે, લગ્ન એની મરજી વિરુદ્ધ કરવામાં આવ્યા હતા... પરંતુ મા-બાપ તો દીકરીનું ભલું જ ઇચ્છે ને... અને અહીં તો વેણીભાઇ પોતે જ મા અને બાપ બંનેની ભૂમિકા નિભાવી રહ્યા હતા... એમના ધર્મપત્ની નિરુબાને સ્વર્ગ સિધાવ્યાને તો વીસ વર્ષ થઇ ગયા હતા... એમના ગયા પછી વેણીભાઈએ બેઉ ખભે જવાબદારીઓ ઉપાડી હતી.. શિસ્ત, સંસ્કાર અને શિક્ષણનું કંઇ કેટલું સિંચન કરવા છતાં ક્યાંક તો ખામી વર્તાતી હતી...

માલવિકા આમ તો દેખાવડી પરંતુ સીધી-સાદી.., સ્વભાવથી ઋજુ.. ભૌતિક સુવિધાઓ, મોજ-શોખ એમને ખપતાં ન હતાં.. એ ખૂબ સ્વાભિમાની.. એ કોઇની ટીકા-ટિપ્પણી કે જોહુકમી ન-ચલાવી લે... સૌના તરફથી એને પ્રેમ, લાગણી અને આદરની અપેક્ષા. જેના પરિણામે એ ક્યારેક દિલ દુભાતા તરત જ નિરાશ થઇ જતી.. હૃદયથી ભાંગી પડતી.. અને આથી જ નજીવી બાબતને લઈ એ-

સાસરું છોડી પિયર પાછી આવી ગઈ હતી...

વેણીભાઈને પોતાની દીકરી જીવથીય વહાલી હતી... પરંતુ ભાગ્યના વહેણમાં વેણીભાઈના આ જીવન પુષ્પો ક્યારે દુઃખના પહાડ બની ગયા... એ સમજ ન પડી... દીકરીની વધતી જતી ઉંમર કરતાં વધુ ભાર એને જમાનાનાં મહેણાં-ટોણાંનો હતો.. ઘરની બહાર નીકળતાં જ લોકો જાણે પ્રશ્નોની હારમાળા લઈને ઊભા રહેતાં

'વેણીભાઈ, શું થયું... વિનિશાના લગ્ન ગોઠવાયા કે નહીં..'

'ભાઈ! દીકરીની વધતી ઉંમર એટલે તો મા-બાપના ગળે વધતો જતો પહાડનો બોજ!'

'વેણીભાઈ! દીકરી તો સાસરે જ શોભે..!'

'વિનિશાએ તો લગ્ન કરવા જ નથી કે શું...? દીકરી આખી જિંદગી કુંવારી રહે એ તો અભિશાપ ગણાય!'

'એકે ધક્કો આપ! બે-બે દીકરીઓનો બોજ કેમેય કરીને ઉપાડશો. જિંદગીનોય શું ભરોસો...!.. વગેરે પ્રશ્નોની શૃંખલા વેણીભાઈના કાળજાને જાણે ખંજરથી ચીરતી જતી હતી...

વિનિશા મોજ-શોખમાં માનનારી, વિચાર-વાણીની થોડી છૂટ-છાટ લેનારી... ભૌતિક સુખ એને વધુ આકર્ષતું હતું. એમાં કોમ્પ્રોમાઈઝ ન કરનારી યુવતી... પરંતુ આજે નિલયના માંગાને લઈને એના પિતાની વાત ઉપર એ વિચાર કરી રહી હતી. એક.. બે જ નહિ, છ થી સાત માંગાનો એણે અત્યાર સુધીમાં અસ્વીકાર કર્યો હતો.. નિલય એના જેટલી જ ઉંમરનો વેલ સેટ યુવક હતો.. વળી, સમયની રેત અટકતી ન હતી.. ભર યુવાની, સૌંદર્ય અને રૂપ-યૌવનના મૂળ સ્વરૂપમાંથી એ પસાર થઈ ચૂકી હતી... એની યુવાની હવે ઢળવા લાગી હતી... અને જાણે જીવન પણ! જીવનમાં સેટ થવાનો, સંસાર માંડવાનો આ જ ઉચિત સમય છે એમ ઓફિસમાં બેઠી એ વિચારી રહી હતી, એવામાં જ....

'એક્સ્ક્યુઝ મી મેમ..'

'કેન આઈ ટેક યોર ફ્યુ મિનિટ્સ...'

'આઈ વોન્ટ ટુ મીટ યોર મેનેજર, મિ. સહાની..' — ના શબ્દો વિનિશાના કાને પડ્યા.. શબ્દોની આ મીઠાશ, નરમાશ એણે—

માણી હતી... એગના કર્ણ કાનોથી પરિચિત હતા... ચિનિશાએ માથું ઊંચક્યું અને સામે જોયું તો મસ્ત ગોગલ્સ, બ્લુ ટાઈ અને રેડ એન્ડ બ્લેક કોમ્બિનેશનવાળો, ઊંચા કદનો ગોરો હેન્ડસમ યુવાન ત્યાં ઊભો હતો... વર્ષો બાદ એ ચહેરો જોતાં જ ચિનિશાનું મોં ખુલ્લું રહી ગયું...!

આઈ. ટી. ના ફાઈનલ વર્ષની એક્ઝામ હતી... ચિનિશા અમદાવાદ એમની ફોઈના ઘરે રહેવા ગઈ હતી... ત્યાં બાજુની સોસાયટીમાં રહેતા એક યુવાન, કુશ્ર સાથે એની ફ્રેન્ડશીપ થઈ... અને એ ફ્રેન્ડશીપ પ્રેમમાં પરિણમી... એ સમયે કુશ્ર એન્જિનિયર-ની ડિગ્રી પ્રાપ્ત કરવા છતાં સ્ટ્રગલ કરી રહ્યો હતો... એનું બેક ગ્રાઉન્ડ બહુ સદ્ધર ન હતું... કુશ્ર સુશીલ અને ટેલેન્ટેડ હતો... જિંદગીને ડહાપણથી જીવવામાં માનનારો યુવક હતો... એ જીવનમાં કંઈક કરી છૂટવા ઇચ્છતો હતો... પરંતુ વિધાતાએ હજુ એની અરજી સ્વીકારી ન હતી...! કુશ્ર ચિનિશાને ખૂબ જ ચાહતો હતો, તેમે જિંદગીના બધા જ સુખો આપવાના સ્વપ્નો સેવતો... જ્યારે ચિનિશા કુશ્રને પ્રેમ તો કરતી હતી પરંતુ બે-ત્રણ વર્ષથી ચાલતો સ્ટ્રગલ, નબળી આર્થિક સ્થિતિ, ભૌતિક સુવિધાનો અભાવ ચિનિશાના મનને ખૂંચતો હતો... ચિનિશાને તો સુખ-સુવિધા, ઐશ્વર્ય, નોકર-ચાકરોની સેવાનો સ્વાદ પસંદ હતો... પાછળથી એમની ફોઈએ કુશ્રના ઘર તરફથી ચિનિશા માટે માગું મોકલાવ્યું હતું... પરંતુ ચિનિશાને કુશ્ર સાથે પોતાનું ભાવિ ઉજ્જવળ ન લાગતાં માગું ઠુકરાવી દીધું હતું... ત્યારબાદ આઘાત પામેલા કુશ્રએ ચિનિશાને એક પણ વાર ફોન સુધ્ધાં કર્યો ન હતો... પરંતુ ચિનિશાને બહુ ફરક પડ્યો ન હતો...!

એવામાં ફોનની રીંગ વાગી, 'હલો બેટા... આમ કહેતાં કુશ્રએ એની દીકરી સાથે મીઠી વાતો કરી... તેમની વાતો સાંભળતા હવે ચિનિશાને કંઈ કહેવા, સમજવાની આવશ્યકતા ન હતી... એક ધ્રુણભર થયેલા ભીના હૃદયે એ કુશ્રને કંઈ કહે કે પૂછે એ પહેલાં જ મિ. મહાનીએ એને ઓફિસમાં બોલાવી લીધી... આ બે-ચાર મિનિટોમાં ચિનિશાએ કુશ્રની આંખોમાં પોતાના પ્રત્યે કોઈપણ પ્રેમ જોયો ન હતો... કુશ્ર એમની સાથે અજાણી વ્યક્તિ જેમ વર્ત્યો હતો... અને ચિનિશાને પણ કુશ્ર પોતાના સાંસારિક જીવનમાં ખુશ હોવાનો અહેસાસ થયો... એવામાં જ મિટિંગ પૂર્ણ થતાં કુશ્ર ઓફિસમાંથી મિ. મહાની-

સાથે હાથ મિલાવતો બહાર નીકળ્યો... અને સીધો જ ઓફિસની બહાર ઊભેલી લક્ઝરીયસ કારમાં બેસી હવા થઈ ગયો...! એણે વિનિશા તરફ દ્રષ્ટિ સુધ્ધાં ન કરી... એમનો રસ્તો સ્પષ્ટ હતો.. પરંતુ વિનિશાની જિંદગી જાણે અધ-રસ્તે પડી હતી... ન આ પાર, ન પેલે પાર...

એવામાં છુટ્ટીનો સમય થઈ ગયો.. વિનિશા ઘરે જવા રવાના થઈ.. બસમાં બેઠા બેઠા એના મનમાં અસંખ્ય વિચારો સૂર્યની ફરતે પૃથ્વીની પરિક્રમાની જેમ ફરી રહ્યા હતા... રે...રે.. હવે હું શું કરું ? જીવનમાં મેં ક્યારેય ડહાપણ ન બતાવી... મારી જ બુદ્ધિ બહેર મારી ગઈ હતી... આ કુશને જુઓ, ભપકાદાર ગાડી, રૂઆબદાર જોબ.. મેં એને નકાર્યો...? આ સુખોની લાલસા, ભૌતિકપણને સ્વીકાર કરવાની ઝંખના જ જિંદગીને દુઃખોથી ભરી દે છે! કુશ સિવાય પણ મેં કેટલા માગાંને નકારી દીધા.. હવે તો આ યુવાની પણ ઢળી રહી છે. સમયના ધૂળની ડમરીઓ જાણે ચહેરાની કરચલીઓ બની ગઈ છે...! અને, આ મિલય કંઈ ખરાબ નથી... સમવયસ્ક છે, વેલ સેટ છે...

અને અચાનક, અરે, આવતીકાલે તો મારી બર્થડે છે... છટ! નાખો જિંદગીની સિક્યુરિટિ ચૂલામાં..! હું કાલે જ મિલય માટે હા કહીને પપ્પાને સરપ્રાઈઝ બર્થ ડે ગિફ્ટ આપીશ.. પપ્પા ખૂબ જ ખુશ થશે, મારા આ નિર્ણયથી એમની બધી જ ચિંતા મટી જશે... તો પાક્કું, હું મારી જિંદગી મિલય સાથે જ વિતાવીશ... મારા સ્વપ્નનો સંસાર એમની સાથે જ સજાવીશ... કાશ! મેં આ નિર્ણય વહેલો લીધો હોત! આમ છતા, કરોડો વિચારોની ભીંસમાં પોતે આજે યોગ્ય નિર્ણય લીધો છે, એ રાહતથી પલભર માટે પોતાનાં મગજ અને આંખોને વિરામ આપ્યો...

એવામાં માંડ બે મિનિટ થઈ ને મોબાઈલ રણક્યો, હલો... હલો... હા સંભળાય છે.. બોલો...શું ? પણ... થયું શું છે તે તો કહો...? હા..હા.. હું આવું છું, રસ્તામાં જ છું... બસ, દસ મિનિટમાં ત્યાં પહોંચું છું... તરત જ વિનિશા સીટ પરથી ઊભી થઈ ગઈ... અને બેલ મારી દીધો.. ચીં...ઈં.. ઈં કરતી બસ અટકી ગઈ... બે-ત્રણ - પેસેન્જર ભડક્યા પણ... બ્રેક મારતાની સાથે જ બસમાંથી ઊતરી વિનિશાએ સામેની બાજુ દોટ લગાવી... ખરેખર શું થયું હશે...?

મનિષકાકાએ મને હોસ્પિટલમાં જ આવવા ફોન કીધું હશે..? જેવા વિચાર વમળો સાથે વિનિશા રીક્ષામાં બેસી ગઈ...

તરત જ વિનિશા સીધી હોસ્પિટલ પહોંચી ગઈ... ત્યાં ચોમેર શાંતિ હતી... દરેક સૌની આંખો એકીટશે આમ જાણે કોઈ આશાનું કિરણ ઊગવાની આશાથી મીટ માંડી રહી હતી... સૌ મૌન હતા... સૌની આંખોમાં રડવાની લાલાશ જેવી આંસુઓની ઝડી દેખાતી હતી... ત્યાં દૂરથી આવીને વિનિશાના ફોઈએ એના ખભા પર હાથ મૂક્યો... બાજુમાં માલવિકા નીચી નજરોવાળું ઉદાસ હૈયે ઊભા હતા... મનિષભાઈ અને એમના દીકરાઓ શક્ય કોશિશ કરી રહ્યા હતા... તેઓએ ડૉક્ટરોની લાઇન લગાવી દીધી હતી... શહેરના બેસ્ટ કાર્ડિયોલોજિસ્ટને તેઓએ બોલાવ્યા હતા... મનિષભાઈએ ડૉક્ટરોને કહ્યું, 'ડૉક્ટર સાહેબ કંઈ પણ કરીને મારા મોટાભાઈ વેણીને બચાવી લો.. પૈસાની ચિંતા ન કરતા.' ડૉક્ટરે કહ્યું, 'જુઓ, વેણીભાઈને મેજર હાર્ટ એટેક આવ્યો છે.. તેને બચાવવા અમે સો ટકા પ્રયત્નો કરીશું...બાકી બધું...' આટલું કહી ડૉક્ટરો ઓપરેશન થિયેટરમાં પ્રવેશ્યા...

ડૉક્ટરોની વાત સાંભળતાં જ વિનિશાના હૈયામાં શોકનો જ્વાળામુખી ફાટ્યો... આ ડૉક્ટરો શું કહે છે, મેજર એટેક...? આ બધું મારા લીધે જ થયું છે? પપ્પાની આ દશા માટે હું જ જવાબદાર છું... ધિક્કાર છે મને, ધિક્કાર છે! પ્રભુ! એકવાર પપ્પા સારા થઈ જાય... હું એને મારો લગ્ન વિશેનો રાજીપો બતાવીશ... એના ચરણ સ્પર્શ કરી માફી માંગીશ...' ના વિચારોથી વિનિશા જાણે પ્રશ્ચાતાપની નદીમાં વહેવા લાગી! એવામાં માલવિકાએ વિનિશાની નજીક આવી કહ્યું, 'વિનિશા, પપ્પાની આ દુર્દશા આપણા લીધે જ છે... દીકરી તો ગૃહલક્ષ્મી હોય, સુખનો સાગર હોય... પરંતુ આપણે... આપણે તો આપણા ભગવાનને જ મોતના મુખમાં ધકેલી દીધા... એને એકેય સુખ ન આપ્યું... એના દિલમાં ડોકિયું ન કર્યું...'

વિનિશા આપણાં માટે પપ્પા ઘણા દિવસથી ચિંતિત હતા જ... એમાં આજે સવારે નિલય વિશે તારા દીર્ઘ મૌન બાદ એમની ચિંતા વધી... બે-ત્રણ દિવસથી એમણે દવા પણ બરાબર લીધી ન હતી.. એના લીધે અચાનક તબિયત કથળતા તેઓ –

અચાનક જમીન પર ઢળી પડ્યા... આટલું સાંભળતાં જ વિનિશાને એના પિતાની વાતનું સ્મરણ થયું... ઘણીવાર રાત્રે ઘરના ગાર્ડનમાં બેઠા-બેઠા વેણીભાઈ વિનિશાને આકાશમાં ખરતો તારો દેખાડતાં કહેતા હતા, 'દીકરા, સંસાર ફલક સમ વિશાળ છે... પરંતુ, જિંદગી ક્યારે ખરતા તારાની જેમ ખરી પડે એ નિશ્ચિત નથી. 'દીકરા, તું તો જાણે છે કે માલવિકાના ભાવિ જીવનની અને તારા લગ્નની મને સતત ચિંતા રહે છે... બેટા, તારે હવે જિંદગી વિશે ગંભીર થવું જોઈએ...' અને વિનિશા વેણીભાઈને અવાર-નવાર ઉત્તર આપતી, 'પપ્પા, જિંદગી એક જ વાર મળે છે અને જો એ સુખી, સમૃદ્ધ અને ઐશ્વર્યવાળી ન હોય તો એનો શો અર્થ...' બસ, વારંવાર આવા ઉત્તર આપનારી વિનિશા જાણ્યે-અજાણ્યે વેણીભાઈને વધુ ને વધુ ગમગીની, ચિંતાની ખાઈમાં ધકેલી દેતી હતી.

વિનિશાને હવે પોતાની જાત પ્રત્યે જ ઘૃણા થતી હતી... એવામાં માલવિકાએ વિનિશાના હાથમાં ચિઠ્ઠી ધરી કહ્યું, પપ્પાએ પોતાના હાથમાં આ ચિઠ્ઠી પકડી રાખી હતી... વિનિશાએ તીવ્ર અધીરાઈથી એ ચિઠ્ઠી વાંચવાનું શરૂ કર્યું, તેમાં લખ્યું હતું, 'બેટા, એક બાપ તરીકે હું મારી યુવાન દીકરીઓની સામે મોઢે આ વાત કહી ન શક્યો... પણ દીકરા, 'જિંદગીએ જીવવાની નહિ, જીરવવાની વાત છે. જીવન એ આપણું ઇચ્છિત વરદાન નથી, પરંતુ વિધાતાની દેન છે... જીવનમાં સમાધાન, સમર્પણ અને સંતુલન આવશ્યક છે... સંસાર જીવનનો સાર છે... દીકરા વિનિશા, તું જલ્દીથી તારો સંસાર માંડી લેજે... અને... અને... નિલયના ઘરેથી ફોન હતો.. એમણે... એમણે લગ્ન માટે 'ના' પાડી છે... તેં જવાબ આપવામાં બહુ મોડું કરી નાખ્યું.. બેટા વિનિશા... મારી વિદાય... આ અંતિમ ઇચ્છાને માન આપશે ને... દીકરા, તું સંસાર માંડશે ને...' આટલું વાંચતાં જ વિનિશાનું હૈયું ફાટી ગયું, એની ભૂલ હવે એને સમજાતી હતી..! જાણે એ જ એના પિતાની ગુનેગાર હતી..

બરાબર એવામાં રાત્રિના બાર વાગ્યાના ટકોરા થયા... વિનિશાની જિંદગીનું નૂતન વર્ષના પગમંડાણ થયા... જ્યારે બીજી બાજુ, ઓપરેશન થિયેટરની લાઈટ બંધ થઈ... બધાનું ધ્યાન ઓપરેશન થિયેટરના દરવાજા પર ગયું... જોવામાં ડૉક્ટરો બહાર આવ્યા... તેઓએ એક ક્ષણ માટે સૌ તરફ દૃષ્ટિ કરી, અને ઝડપથી કોન્સલ્ટેશન રૂમમાં ઘૂસી ગયા... એટલે વિનિશા,

માલવિકા અને અનિલભાઈએ તરત જ એમની પાછળ દોટ લગાવી... વિનિશાની અંદર જવાની હિંમત ન થઈ, પરંતુ અનિલભાઈ અને માલવિકા અંદર ગયા... વિનિશાના હૃદયના ધબકારા એકસો વીસને વટાવી ગયા હતા... હૃદય ફાટ-ફાટ થતું હતું... આંખો પહોળી થઈ ગઈ હતી... શું થયું હશે પપ્પા ક્યારે ભાનમાં આવશે? મારી સાથે ક્યારે વાત કરશે? શું મને માફ કરશે? મારા બદલાયેલા જીવન પરથી, મારા નિર્ણયથી પપ્પા ખુશ તો થશે ને? જેવા વિચારોના હલોકાની વચ્ચે જ બારણું ખુલ્યું... અને માલવિકા બહાર આવ્યા... મૂર્તિની જેમ... માત્ર લાલચોળ મોટી આંખો, આંખોમાં અશ્રુઓના ઝરઝરાં દેખાતાં હતા... થર-થર ધ્રૂજતા હાથ-પગ અને દાંતને કચકચાવતી એ સીધી આવી વિનિશાના ખભા પર ઢળી પડી... અને આકાશ ભેદી નાખે એટલા મોટેથી આક્રંદ પોકારી ઉઠી, 'પા... પા...'...

વિનિશાની મુઠ્ઠીઓ વળી ગઈ... પગ તળેથી જમીન સરકી ગઈ... હોંશ ખોંઠા પડી ગયા... હૃદય બેસી ગયું... જિંદગી વ્યથાઓના ગહન વમળોમાં જકડાઈ ગઈ... આશાના કિરણો પાતાળે ઉતરી ગયા હતા... ધાર્યું મેળવવાની જીદે સર્વસ્વ-ગુમાવ્યું હતું... ઘરનો મોભ એમને છોડી ગયો હતો... જીવન સિંધુના કોઈ કિનારા રહ્યા ન હતા... વિનિશા માટે જિંદગીએ ફરી એક વાર રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું...

— જય શ્રીરામ...

## માતૃભક્તિ

સરોવરના શાંત પાણીમાં જરા સરખો કાંકરીચાળો થાય અને પાણી ડહોળાઈ જાય તેવી જ કંઈક દશા મીનાની હતી. છેલ્લા દોઢ મહિનાથી જ્યારથી તેના દીકરા મોક્ષની સગાઈ રીયા સાથે થઈ હતી ત્યારથી શાંત પડેલા દિલ દિમાગ વચ્ચે લાગણી અને પરંપરાનું યુદ્ધ જામ્યું હતું પરંપરાને આગળ વધારી જે થાય તે જોયા કરવું કે લાગણીને સંપૂર્ણ માન આપી જરૂર પડીયે સામે પ્રવાહે તણાઈને વહુની જિંદગી કાદવના કમળ વચ્ચે પણ ખીલવવી.

મીનાને એ દિવસો યાદ આવ્યા જ્યારે તે પરણીને મોક્ષના પિતાના ઘરમાં એટલે કે, આનંદના ઘરમાં આવી હતી. આનંદનો સ્વભાવ ગણો તો લાખ રૂપિયાનો, કારોબાર કરોડો રૂપિયાનો અને દેખાવ રીતભાત લાખ અને કરોડના સરવાળા જેવો પણ જ્યારે વાત તેની પોતાની માતાના વિશ્વાસ પરની આવે ત્યારે તે અંધ ભક્ત બની જતો. માતાના ખોટા સાચા કોઈપણ શબ્દો, કોઈપણ આરોપ, કોઈપણ આંસુ તેના મન સાચા હીરાથી પણ વિશેષ હતા. આનંદને માતાના શબ્દો, તેના વિચારો, તેની માન્યતા એટલે પથ્થરની લકીર સમાન હતા. તેની સામે તેની પત્ની કે અન્ય કોઈનું રતિભાર પણ મહત્વ અથવા કહોને કે અસ્તિત્વ જ રહેતું નહોતું!

મીનાની સગાઈ તથા લગ્ન વચ્ચે પૂરેપૂરો એક વર્ષનો સમયગાળો હતો. આ સમય દરમ્યાન જ તેને પોતાના ભાવિ પતિની માતૃભક્તિનો ઘણો ખરો અંદાજ આવી ગયો હતો પણ એ સમયે એવો હતો નહીં કે, ચાલો નથી ફાવતું, નથી જામતું કે નથી ગમતું તો આપણે જીવનના રંગમંચ પર ભજવાતા નાટકમાંથી બહાર નીકળી જઈએ. નાટકમાં આગળ નાટકયાત્મક વણાક આવશે અને સૌ સારા વાના થશે. બસ, એ જ આશાએ નાટકનો કીરદાર નિભાવીએ જવાતું હતું. મીનાએ પણ એ જ આશા સાથે પોતાના જીવનનો મહેલ રંગે ચંગે આનંદ સાથે ચણવાનું શરૂ કર્યું. પોતે ભરતકામ પેઇન્ટિંગમાં તો અવ્વલ હતી, તો વળી એકાઉન્ટિંગનું કામ પણ પપ્પા પાસેથી વારસામાં મળ્યું હતું એટલે એવી તમન્ના હતી કે લગ્ન પછી આનંદને મનાવી પોતે ઘર બહારની દુનિયામાં પણ પોતાના સ્વપ્નનો મહેલ ચણશે. લગ્ન પછીનું એક વર્ષ તો ઘરની રીતરસમ સમજવામાં ઘરના સભ્યો અને ઘરના વાતાવરણને અનુકૂળ થવામાં ફરવામાં પસાર થઈ ગયો. મીના જાણતી હતી કે પોતે સોનાના પિંજરામાં જીવી રહી છે અને આ પિંજરાને ખોલવું હવે જરૂરી છે એટલે તેને પતિ આનંદને સમજાવવાનું, મનાવવાનું અને અંતે કરગરવાનું ચાલુ કર્યું કે, પોતાની કોઈ વાતે કાંઈ પણ અગવડ નથી પરંતુ તેના પોતાના સ્વપ્ન છે, કંઈક કરવાની તમન્ના છે. ઘરની બહારની દુનિયામાં પગ મૂકી દુનિયાદારી જોવા, જાણવાની, માણવાની મહેચ્છા છે. હાઇ રે! કિસ્મત મીનાની આ ઈચ્છા આનંદની માતૃભક્તિ સામે વામણી પુરવાર થતી હતી. અંગત સમયમાં આનંદ સંપૂર્ણપણે મીનાનો અને એકમાત્ર તેનો જ હતો. જ્યારે વાત માતાની અનુમતિ લેવાની આવે અને માતા જ્યારે વહુને ઘરની બહાર નીકળી કે ઘરમાં રહીને પણ વધારાનું કામ કરવાની મનાઈ ફરમાવે ત્યારે આનંદથી આગળ બોલાતું નહીં ને મીનાથી સહન થતું નહીં...

હવે આ પરિસ્થિતિનો એકમાત્ર અને આનંદદાયક ઉપાય એ જ હતો કે, મીના પોતાના સ્વપ્ન; પોતાની ઇચ્છા; અંધારિયા પટારામાં મૂકી; બાકીનું જીવન જેમ વીતી રહ્યું છે તેમજ પતિ અને સાસુની ઈચ્છાને સર

માથા પર ચડાવી પસાર કરે! આવી વાત માટે જિદ્ કરવી, સાસરિયાં કે પતિને ઝુકાવવા, ઘરની બદનામી કરવી એના સંસ્કાર કે સ્વભાવમાં હતું જ નહીં એટલે પીંજરું જેવું હતું એવું એણે કમને પણ સ્વીકારી લીધું. હા, હજી કંઈક કરી બતાવવાની,બહારની દુનિયામાં ઉડવાની ઈચ્છા અંદરખાને પણ દબાયેલી તો હતી જ. આ બધી ગડમથલ વચ્ચે લગ્ન જીવનના બે વર્ષની ફલશ્રુતિ રૂપે મીના અને આનંદના જીવનરૂપી બગીચામાં મોક્ષ નામનું મધમીઠું ફળ ઊગ્યું હતું. હવે મીના મોક્ષરૂપી ફળને સુશિક્ષિત, સુસંસ્કારી અને સુયોગ્ય બનાવવામાં દિવસો મહિનાઓ અને વર્ષો પસાર કરવા લાગી. ઘરમાં બીજી કોઈ વાતે તો ખોટ હતી નહીં એટલે મીનાનો સંસાર આનંદથી પસાર થતો હતો.

મોક્ષ જ્યારે પાંચ વર્ષનો થયો અને મોક્ષના દાદીને જયારે એવું લાગવા લાગ્યું કે, હવે પોતે શરીરથી અસકત થવા લાગ્યા છે ત્યારે તેમણે એક સાંજે ઘરમાં એકલતાનો લાભ લઈ મીનાને પોતાના રૂમમાં બોલાવી. લગ્નના સાત વર્ષમાં નહીં ને આજે પહેલી જ વાર સાસુએ ખાનગીમાં વાત કરવા મીનાને જ્યારે તેના રૂમમાં બોલાવી ત્યારે તેને ફાળ પડી હતી! ખબર નહીં ને કેમ આજે તેને મમ્મીજીનું વર્તન કંઈક અજીબ લાગતું હતું. અજીબ એટલે બીજું કંઈ નહીં પણ વધુ પ્રેમભર્યું અને વધુ ઉષ્માભર્યું! જે તેણીએ સગાઈ થયાથી આજ દિન સુધીમાં અનુભવ્યું નહોતું. એટલે મનમાં બચેલી રહી સહી બીક પણ નીકળી ગઈ હતી. તે રૂમમાં જઈ મમ્મીજીની સામે બેઠી ત્યારે પણ તેને નોખો અનુભવ થયો. આજ દિન સુધી વહુ સાથે અંતર રાખનારી સાસુએ તેને પોતાની પાસે બોલાવી; બાજુમાં બેસાડી; માની જેમ; તેણીની માથે, બરડા પર, ગાલ પર પ્રેમથી; અધિકારપૂર્વક હાથ ફેરવ્યો... હવે તો મીનાની હાલત કફોડી બની હતી. કેમ કે, આજ દિન સુધી તેને સાસુ પાસેથી આવા વર્તનની અપેક્ષા તો નહોતી રાખી પણ આવું થશે એવો સ્વપ્ને પણ વિચાર નહોતો કર્યો અને આ વાતથી તેના સાસુમાં પરિચિત હતા એટલે તેમણે જ બોલવાનું શરૂ કર્યું.

સાસુમા : તને આજે નવાઈ લાગતી હશે ને કે, મારા સાસુ ગાંડા થઈ ગયા છે કે શું?

મીના : (ઓછું બોલવા ટેવાઈ ગયેલી મીનાએ ગભરાટથી જવાબ આપ્યો) ના મમ્મી, આવું કેમ બોલો છો?

સાસુમા : તું ભલે મોઢેથી ના પાડે પણ મનમાં તો સમજે છે કે નક્કી આ ડોશીની આજે ડાગરી ચસકી ગઈ છે.

મીના : (થોથવાતા)અરે... અરે... મમ્મી, એવું કશું જ નથી એવું કેમ બોલો છો?

સાસુમા : ભલે ભલે બેટા, (આજ દિન સુધી ફક્ત 'મીના' અને 'તમે'નું સંબોધન સાંભળવા ટેવાયેલી મીના આશ્ચર્યચકિત થઈ જાય છે.) (મીનાના હવભાવ નિહાળીને) મને ખબર છે જ્યારથી મેં તને રૂમમાં બોલાવેલી છે ત્યારથી તું ગભરાયેલી તો છે જ પરંતુ બેટાના સંબોધનથી તું વધુ આશ્ચર્ય અનુભવે છે એ હું જાણું છું. કારણ કે, આજ દિન સુધી મેં તારી સાથે સાસુ તરીકેનું જ વર્તન કર્યું છે અને તને મારાથી દુર જ રાખી છે. જે મને નહોતું મળ્યું એ મારે તને આપવું જોઈતું હતું તો પણ મારી સાથે જે થયું એ જ મેં તારી સાથે કર્યું અને તારા સ્વપ્નને પત્તાના મહેલની માફક કડડભૂસ કરી નાખ્યા.

મીના : ના... ના... મમ્મી એ બધું ભૂલી જાવ. મને કોઈ જ રંજ કે કોઈ ફરિયાદ નથી.

સાસુમા : બેટા, આજે મને બોલવા દે. જે વાત આજ સુધી મેં આનંદને કે તારા સસરા જીવતા હતા ત્યાં સુધી તેમને પણ નથી કરી એ વાત આજે તને કરવા બોલાવી છે.

બેટા, આજે સવારથી મને આભાસ થાય છે કે, હવે મારી જીવન સંધ્યા આથમવા આવી છે. મને લાગ્યું કે, મારા પ્રાણપંખેરુ ઉડી જાય એ પહેલા જો મારા મનની વાત હું તને કહી દઉં તો કદાચેય તારા મનના એકાદ ખૂણે મારા માટે, મારા વર્તન વ્યવહાર માટે કોઈ કડવાશ રહી ગઈ હોય તો એ દૂર કરીને જાવ.

તારે વચ્ચે કશું જ બોલવાનું નથી. હંમેશની જેમ મને જ સાંભળવાની છે. આજ સુધી તે મારા સાચા ખોટા નિર્ણય, કસમયના ફરમાનને પણ ઉથાપ્યા નથી. ને કોઈ દીકરી કરે એનાથી પણ વિશેષ તે આ ઘરને, મને અને તારા વરને સાચવ્યો છે. આનંદની અંધ માતૃભક્તિને લીધે, તેનાથી તને પડેલી અગવડને પણ તે અવગણી છે એટલે આજે છેલ્લી વાર તારા એ જ સ્વભાવે મને શાંતિથી સાંભળજે. આટલું બોલતા મીનાના સાસુ હાંફી ગયા. મીનાએ તેમને પાણી આપ્યું અને આગ્રહ કર્યો કે, અત્યારે તેઓ આરામ કરે પણ કાયમના જિદ્દી સ્વભાવ વાળા સાસુ ન માનીએ તે ન જ માન્યા અને આગળ વાત ચલાવી.

આ વાત આજથી 35 વર્ષ પહેલાંની છે જ્યારે હું તારા સસરાને પરણી આ ઘરમાં આવી હતી. એ સમયે એવો નહોતો કે સગાઈ પછી રોજ ફરવા જવાય તો ફોનમાં વાત કરવાનો તો વિચાર જ ક્યાં આવે? એટલે સગાઈ અને લગ્ન વચ્ચે ખાસ વાતચીત કે મુલાકાતનો અવસર જ પ્રાપ્ત થયો નહોતો. હા, મને પણ સાસરીમાં આર્થિક, સામાજિક કે શારીરિક કશી જ તકલીફ ન હતી પણ તારો વર જેમ અતિશય માતૃભક્ત છે તેમ તારા સસરા પણ અંધ માતૃભક્ત હતા. એ સમયે હું પણ સંસ્કૃત વિષય સાથે ગ્રેજ્યુએટ હતી અને મને મેરીટ પર સરળતાથી સરકારી શાળામાં શિક્ષક તરીકેની નોકરી મળતી હતી. પરંતુ વિધાતાએ મારી કિસ્મત કંઈક અલગ જ લખી હશે તો સાસરીમાં વિરોધના વંટોળની શરૂઆત થઈ અને એ દાવાનળનો પહેલો અગ્નિ ચાપ્યો મારા સાસુએ કારણ તેમને પણ તેમના સાસુએ આ ઘરમાં આવ્યા ત્યારથી ગુલામની જેમ ફક્ત કામના ઢસરડા જ કરાવીએ કર્યા હતા. એટલે નફરતની એ આગ મારા સંસારમાં પણ લગાડી. એ સમયમાં ગ્રેજ્યુએટ હોવું અને સરકારી નોકરી મેળવી એ બહુ મોટી વાત ગણાતી એટલે હું તો સાતમાં આસમાને ઉડતી હતી પણ સાસુની 'ના' એ મને ધરતી પર પછાડી. પછી તો ઘરને, વરને સંભાળવામાં જ મારી જિંદગી ખર્ચાવા લાગી. મને એ વાત ખૂબ કોરી ખાતી પણ હું બીજું કશું જ કરી શકું તેમ હતી નહીં એ અધૂરું હોય એમ લગ્નના ત્રણ વર્ષ સુધી મને સંતાન ન થયું એટલે મહેણાં – ટોણાં પણ વધવા લાગ્યા. ઘરની બહારની દુનિયામાં હું ઘરરખ્ખું ગૃહિણી હતી અને ઘરનાને મતે હું વાંઝણી, કમભાગી, ફૂવડ હતી. આમ કરતાં વધુ એક વર્ષ વીત્યું અને મારા દિવસો ફર્યા. મને સારા દિવસો ચાલુ થયા પણ ઘરનાના વાણી વર્તનમાં સારા દિવસો ન આવ્યા તે ન જ આવ્યા. બરાબર નવમો મહિનો બેઠો અને પેટમાં શૂળ ઉપડ્યું એટલે તારા સસરા મને હોસ્પિટલ સુધી મૂકી ગયા પણ પછી મને ત્યાં એકલી મૂકી કામે નીકળી ગયા. સાંજ સુધી રાહ જોયા પછી આનંદનો જન્મ થયો અને મારા સાસુ હોસ્પિટલ આવ્યા. મને થયું હવે મારા માટે ઘરમાં પણ આનંદના દિવસો ચાલુ થશે. કદાચ વિધાતાને મારું એ સુખ પણ મંજૂર નહોતું કેમ કે, આનંદના જન્મ પછી જેમ બિઝનેસ વિસ્તરવા લાગ્યો એમ તારા સસરા પણ વધુને વધુ સમય બહારગામ રહેવા લાગ્યા. બિઝનેસની વધુ સફળતા માટે જ પણ એ

આઘાત મારાથી સહન ન થયું અને મેં ગાંઠ વાળી કે હવે હું મારા દીકરાને એવો 'માતૃભક્ત' બનાવીશ કે એની સામે સ્વર્ગની અપ્સરા કે કુબેરનો ખજાનો આવે ને તો પણ એ ચલિત તો ન થાય પણ એમાં લપસવા સુદ્ધાનો વિચાર ન જ કરે. કુદરતને પણ જાણે એ જ ગમતું તું એમ આનંદ એના પિતાથી પણ ચડિયાતો માતૃભક્ત બન્યો. એ તો તે પણ આનંદ સાથેના તારા ત્રેવીસ વર્ષના સહવાસમાં વારંવાર નોંધ્યું પણ હશે, અનુભવ્યું પણ હશે અને નિભાવ્યું પણ હશે. બસ, હવે મને આ વાત અંદરખાને કોરી ખાતી હતી એટલે આજે આ વિતકકથા તને કહી હું હળવી થઈ ગઈ છું બેટા...

આ શબ્દો, આ ક્ષણ અને આ વિધાન પૂરું જ થયું અને મીના કંઈક પ્રતિભાવ આપવાનું વિચારે એ પહેલાં તો તેના સાસુનો જીવ ખોળિયું છોડી અનંતની યાત્રાએ ઉપડી ગયો હતો. સાસુના નિશ્ચેટ શરીર સામે મીનાએ નક્કી કર્યું હતું કે, 'પોતાના દીકરાને એવો માતૃભક્ત નહીં બનાવે જેનાથી આ ઘરમાં આવનારી દીકરીને પોતાના સ્વપ્નની બલી ચડાવી પડે.' સાસુના મૃત્યુના વીસ વર્ષ પછી આજે મીના એક મોટા ધર્મસંકટમાં ફસાઈ હતી. દીકરા મોક્ષની સગાઈ રીયા સાથે થઈ ચૂકી એને દોઢ મહિના જેટલો સમય પસાર થઈ ચૂક્યો હતો અને મીનાને દમનો રોગ લાગુ પડ્યો. ડોક્ટરે એને ધૂળ અને ધુમાડાથી દૂર રહેવાનું કહ્યું હતું. હવે આ વાત મોક્ષે સાંભળી ત્યારથી એ રીયાની પાછળ પડ્યો હતો કે, 'પુરબહાર તરફ આગળ વધતી તેની સી.એ. તરીકેની કારકિર્દી પર તેણે પૂર્ણવિરામ મૂકવું અને પોતાની માતાની સેવા કરવી તથા ઘર સંભાળવું.' આમ થવાથી બે સ્ત્રી હૃદય ઘવાયા હતા. મીનાએ મોક્ષ સાથે જ્યારે ચર્ચા કરી ત્યારે જાણ્યું કે પોતાની દાદીની વિતકકથા એણે પણ અજાણતા સાંભળી હતી ત્યારે અણસમજમાં જ તેના દિલ  દિમાગ પર માતૃભક્તિ શબ્દ છવાઈ ગયો હતો અને માતાની જાણ બહાર તે વારસાકીય માતૃભક્ત બન્યો હતો. આજે હવે મીનાની કસોટીનો સમય હતો તેના દિલ દિમાગ વચ્ચે લાગણી અને પરંપરાનું જે યુદ્ધ જામ્યું હતું તેમાં તેણે લડવું કે હથિયાર હેઠા મૂકી દેવા? અંતે મીનાએ પોતાના સ્વભાવ વિરુદ્ધ જઈને પણ મોક્ષને સમજાવ્યો, મનાવ્યો અને સત્ય હકીકત ગળે ઉતારી. રીયાને તેની કારકિર્દી આગળ વધારવામાં મદદરૂપ થવાનું તથા ઘર પરિવારમાં અન્ય સગવડ ઊભી કરી જીવન રથના બધા પૈડા સમતોલ રાખવા સમજાવ્યું. મોક્ષ આ વાત સાથે સહમત થયો અને પોતાની માતૃભક્તિ સાર્થક કરી.

DK (રાધા)

## 'પ' પરીનો 'પ'

એક હતો છોકરો. નામ એનું નકુલ. છેને, એને અક્ષરો યાદ રહેતા નહોતા. એ વાંચવા બેસે ત્યારે અક્ષરો એને દુશ્મન જેવા લાગતા. 'ત' તલવાર લઈને તાકી રહ્યો હોય, 'ભ' ભાલો લઈને એની પાછળ પડ્યો હોય, 'મ' મિસાઈલ જેવો લાગે. 'બ' તો છેને, એને બૉમ્બ જેવો લાગતો. પોતે જાણે **યુદ્ધના** મેદાનમાં ન હોય? એવું એને લાગતું. એટલે એને વાંચવાનું બિલકુલ ગમતું નહીં.

એક દિવસ નકુલ પુસ્તક લઈ વાંચવા બેઠો. વાંચવાની ઘણી કોશિશ કરી. પણ, વાંચવાની મજા જ ન આવી. છેવટે, કંટાળી ગયો. એને ઊંઘ આવવા લાગી.

અચાનક જાદુ થયો. એની ચોપડીમાંથી બધાં અક્ષરો હવામાં ઊડવા લાગ્યા!

'ઢમ...ઢમ ઢેનટેણેન...' 'ઢ' અક્ષરે ઢોલ વગાડ્યું. એ સાથે જ ચાર-પાંચ અક્ષર ઊડતા ઊડતા અટકી ગયા. હળવે-હળવે નકુલની નજીક આવ્યા.

'નમસ્તે! નકુલભાઈ' 'ન' અક્ષરે બે હાથ જોડી કહ્યું.

'મજામાં ને?' 'મ' અક્ષરે ખબર અંતર પૂછ્યા.

'હેં નકુલભાઈ! ગલીપચી કરું?' 'ગ' અક્ષરે હસીને કહ્યું.

આ બધું જોઈ નકુલ તો ગભરાઈ ગયો.

'ગભરાઈશ નહિ. આ અક્ષરોની દુનિયા છે. મારું નામ 'પ' છે. ચાલ, હું તને અમારી દુનિયા બતાવું.' એક પરી પ્રગટ થઈને કહેવા લાગી.

પછી, નકુલનો હાથ પકડી 'પ' પરી ઊડવા લાગી. વાદળ પાસે ગઈ. વાદળમાંથી 'વ' આકારની ચોકલેટોનો વરસાદ થતો હતો! નકુલ તો મધમીઠી ચોકલેટ ખાઈને રાજી-રાજી થઈ ગયો. ત્યાંથી આગળ ગયાં તો, 'અ' આકારના આઈસ્ક્રીમના પહાડ હતાં. પહાડની નીચે 'ન' આકારની નદી હતી. નદીમાં છેને, પાણી નહિ પણ, નારંગીનો રસ હતો! નકુલ આઈસ્ક્રીમ ખાતો ખાતો પહાડ પર ચડવા લાગ્યો. થોડું ચડે ને લપસે. લપસે એવો પડે નદીમાં. વળી પાછો, ચડવા જાય ને પાછો લપસે! પણ છેને, એ તો નદીમાંય જલસા કરે. પેટ ભરીને નારંગીનો રસ પીવે ને નારંગીના રસમાં નહાય પણ ખરો!

આમ, થોડીવાર સુધી નદી ને પહાડની રમત ચાલી. પછી, નકુલ અને પરી ત્યાંથી આગળ ગયાં. રમકડાંથી ભરેલાં મેદાનમાં પહોંચ્યાં. પણ, આ શું? બધાં રમકડાં 'ર' આકારના જ હતાં! 'ર' આકારના રૉબોટે હાથ જોડી નકુલને રામ રામ કર્યા. નકુલે પણ હાથ જોડી રામ રામ કર્યા. પછી, નકુલે 'ક' આકારની કાર રમવા લીધી. કાર રિમોટવાળી હતી. નકુલે એક બટન દબાવ્યું ને કાર કબૂતરની જેમ ઘુ...ઘુ...ઘુ.. કરતી ઉડવા લાગી! એ જોઈ નકુલ તો તાલી પાડી નાચવા લાગ્યો. એ નાચતો હતો એટલામાં ખખળખખડ કરતો 'ખ' આકારનો ખટારાએ એની પાસે આવીને પી...પી... પીપોડું વગાડ્યું.

ફટાફટ નકુલ બાજુમાં ખસી ગયો. પછી, ખટારાનું પીપોડું કાઢી લીધું. રમકડાંમાંથી 'ઘ' આકારની ઘંટડી શોધી. પીપોડાની જગ્યાએ ઘંટડી લગાવી દીધી. પછી, ખટારાને બળદગાડાની જેમ ફેરવી ખડખડાટ હસવા લાગ્યો. એ જોઈને 'પ' પરીનેય હસવું આવી ગયું. રમકડાંના ઢગલાંમાં રહેલું 'સ' આકરનું સસલું, 'હ' આકારનું હરણ ને 'ઉ' આકારનો ઉંદર પણ હળવે-હળવે 'હા...હા..' કરી હસી પડ્યાં. જાણે કે, બધાં પ્રાણીઓનું સરઘસ નીકળ્યું ન હોય! એવું લાગતું હતું.

નકુલ અને પરી બંને મજાથી રમતાં હતાં. અચાનક ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. વાદળમાંથી 'ઝ' આકારનાં ટીપાં વરસવા લાગ્યાં. પરીએ ઝટ-ઝટ 'છ' આકારની છત્રી ખોલી. બંને પલળતા બચી ગયાં. થોડીવાર થઈ ને નકુલને પાણી ભરેલાં ખાબોચિયામાં છપછપ કરવાનું મન થયું. એ તો છેને, છત્રીમાંથી બહાર નીકળી ગયો. પાણીમાં છપાછપ કરી ગાવા લાગ્યો,

**છેને, છત્રીમાં તો છાનામાના,**
**પલળો તો ખરા બાળ નાના-નાના.**

પછી તો છેને, પરીનેય છપછપ કરવાનું મન થયું. એય છત્રી છોડી છપછપ કરવા લાગી! વરસાદ બંધ થયો ત્યાં સુધી રમ્યાં. પછી, કકડીને લાગી ભૂખ.

પરી નકુલને 'ઘ' આકારના ઘરમાં લઈ ગઈ. ઘરની ટોચ પર 'ધ' આકારની ધોળી-ધોળી ધજા ફરકતી હતી. મંદિર જેવું ઘર જોઈ નકુલને વંદન કરવાનું મન થયું. નકુલને વંદન કરતો જોઈ પરીએ પણ વંદન કર્યું. પછી, બંને ઘરમાં ગયાં. 'થ' આકારની થાળીમાં ભોજન પીરસાયું. ધરાઈને ઘી, ગોળ, રોટલો ને ઘારી ખાધાં. છેલ્લે 'લ' આકારના લાડુ ખાવાનું શરૂ કર્યું. ઘીથી લસપસતાં લાડુ ખાતાં હતાં ત્યાં દરવાજાની ઘંટડી સંભળાઈ. પરીએ દરવાજો ખોલ્યો. 'ટ' આકારની ટોપી પહેરી ટપાલી ઊભો હતો.

'તમારી ટપાલ આવી છે.'

ટપાલમાં 'ણ' આકારનું એક મોટું ખોખું હતું. રાણી પરીએ એ ટપાલ મોકલી હતી. પરીએ ખોખું ખોલ્યું તો અંદરથી 'જ' આકારની જલેબી નીકળી. જમવાનું હજુ ચાલુ જ હતું.

'વાહ! સોનામાં સુગંધ ભળી.' નકુલે જલેબી ખાતા ખાતા કહ્યું.

'વાહ! જલસો પડી ગયો. પરીએ પણ જલેબી ખાઈને કહ્યું.

ખાધાં પછી, બંનેને ઊંઘ આવી. 'ષ' આકારની પથારી પર સુઈ ગયા. બંને ઘસઘસાટ ઊંઘતા હતાં ત્યારે 'ઠ' આકારનો ઠળિયો 'ડ' આકારનું ડમરુ વગાડવા લાગ્યો. 'ળ' આકારનો નળ 'શ' આકારની શરણાઈ વગાડતો હતો. જળની જેમ નળમાંથી શરણાઈના સૂર રેલાતા હતા. મધુર સૂર રેલાતા હતા એવામાં એક ક્ષાત્રપે યુદ્ધનું રણશીંગુ ફુક્યું. એ સાથે જ ક્ષરોનું યુદ્ધ શરૂ થઈ ગયું.

'અરે! મારું માથું ભમી ગયું. મને અક્ષરો યાદ નથી રહેતાં. મારે મારા ઘરે જવું છે.' આ બધો શોરબકોર સાંભળી નકુલે ચીસ પાડી. પરી પણ જાગી ગઈ.

'ભલે, પણ હવેથી તને યાદ રહી જશે. હું એક જાદુ કરું છું. પછી તને તારા ઘરે મૂકી આવીશ.' એમ કહી પરીએ એનો 'દ' આકારનો દંડ હવામાં ઘૂમાવ્યો. એ સાથે જ યુદ્ધ અટકી ગયું અને એક 'ચ' આકારની ચકલી આવી. એણે નકુલના કાનમાં એક જ્ઞાનમંત્ર ફૂક્યો. પછી એ ઊડી ગઈ. એ સાથે જ એક જાદુ થયો. બધાં અક્ષરો એક પછી એક નકુલ સામે નાચવા લાગ્યાં.

'ફટાક...' 'ફ' આકારનો ફટાકડો નાચવા આવ્યો ને ફટ દઈને ફૂટી ગયો!

'ઓ, બાપ રે!' નકુલ ગભરાઈ ગયો.

એના હાથમાંથી પુસ્તક નીચે પડી ગયું. ઊંઘમાંથી એ જાગી ગયો. એનું સપનું તૂટી ગયું. એણે નીચે પડેલું પુસ્તક હાથમાં લીધું. વાંચવાનો પ્રયત્ન કર્યો. એ સાથે જ જાણે જાદુ થયો!

'અરે વાહ! હવે મને બધાં અક્ષર યાદ રહી ગયા. હું ફટાફટ વાંચી શકું છું.' નકુલનું સપનું સાચું પડ્યું.

એણે મનોમન 'પ' પરીનો આભાર માન્યો. પછી આનંદથી નાચવા લાગ્યો.

- **મહેશ 'સ્પર્શ'**

મદદનીશ પ્રાધ્યાપક (ગુજરાતી)

સરકારી વિનયન કૉલેજ, વાવ

જિ. બનાસકાંઠા - ૩૮૫૫૭૫

મો. ૯૬૬૨૫૧૯૨૭૫

૯૬૩૮૯૯૪૬૫૯

Email: sparshsahitya@gmail.com

# શ્રધ્ધા - એક અતૂટ બંધન

શ્રધ્ધા અરે, બેટા શ્રધ્ધા ક્યારની શું વિચારે છે ?મેં તને કેટલી વાર બોલાવી પરંતુ ખબર નહીં તારું ધ્યાન ક્યાં છે?

હા મમ્મી ,એક બાબત પર મારા હૃદય અને મગજ વચ્ચે સતત યુદ્ધ ચાલે છે. બસ હું એ જ વિચારોમાં ખોવાયેલી હતી.

યુદ્ધ કઈ બાબતમાં બેટા?

રોહનની બાબતમાં મમ્મી

રોહનની બાબતમાં ?પરંતુ તમે તો એકબીજાને પસંદ કરો છો અને આપણે હવે ફેમિલી મીટીંગ કરી વાત પણ આગળ વધારવાના છે.

હા મમ્મી, પરંતુ એ પહેલા અમુક બાબતો એવી છે જે ખરેખર વિચાર માંગી લે છે.

બેટા તું કંઈ સમજાય એ રીતે વાત કર. કોઈ મૂંઝવણ હોય તો મારી સાથે શેર નહીં કરે?

ચોક્કસ મમ્મી તને નહીં કહું તો કોને કહીશ? અને આમ પણ મારા માટે તું મારી મમ્મી પછી અને સાહેલી પહેલા છો.

વાહ ! મારી લાડલી દીકરી આ વાત બરાબર કરી.હવે જલ્દી બોલ મારી દીકરી ક્યાં મૂંઝાઈ ગઈ છે ?

મમ્મી હું કેટલા સમયથી તારી સાથે વાત કરવાનો વિચારતી હતી. મારા મનમાં ચાલતા આ યુદ્ધ વિશે તું જ મને સાચી સલાહ આપી શકશે.આજ સુધી તું જ હંમેશા મારી માર્ગદર્શક બનીને મારી સાથે ઉભી રહી છે. તારા પાસેથી જ હું જિંદગી જીવતા અને મુસીબતો નો સામનો કરતા શીખી છું. તું મારા માટે રોલ મોડલ છે

બસ, બસ હવે, મને માખણ લગાવવાનું બંધ કર અને મૂળ વાત પર આવ.

આટલું બોલતા સુજાતાબેન ની આંખો પણ ભીની થઈ ગઈ.

ના મમ્મી, માખણ નહીં પરંતુ આ હકીકત છે. આજે હું તારી સાથે વાત કરી મનની શાંતિ મેળવવા માંગુ છું.

સામે સુજાતા બહેને માત્ર સ્મિત કર્યું.

મમ્મી હવે મારી વાત ધ્યાનથી સાંભળ.

તું તો જાણે જ છે કે મારું ધ્યાન હંમેશા અભ્યાસ પર જ હોય છે.શાળા કે કોલેજ દરમિયાન મારે બસ મારા કામથી કામ રહેતું. હું ક્યારેય કોઈની બાબતમાં દખલગીરી કરતી જ નથી. હા મારી બેસ્ટ ફ્રેન્ડ એવી શીતલની વાત અલગ છે.મને શીતલ સાથે એટલે જ સારું બને છે કે અમારા બંનેના સ્વભાવ સરખા છે. અમે બંનેને એકબીજા પર ખૂબ વિશ્વાસ છે. અમે બંનેએ સાથે બી.એડ. પાસ કર્યા પછી શીતલ તો લગ્ન કરી પોતાના સંસારમાં સેટ થઈ ગઈ પરંતુ મેં સ્કૂલમાં શિક્ષકની નોકરી ચાલુ કરી અને મને ખરેખર બાળકોને ભણાવવાનો ખૂબ આનંદ આવે છે. એ પછી શીતલના ઘરે એક ફેમિલી ફંક્શનમાં રોહનને મળી. અમારો સ્વભાવ મેચ થાતા અમને સારું બનવા લાગ્યું અને અમને થયું કે અમે એકબીજા માટે પરફેક્ટ જીવન સાથી છે.

હા બેટા બરાબર છે. તો હવે પ્રોબ્લેમ ક્યાં આવે છે ?

રોહન એના ઘરમાં અમારી વાત કરી. તો રોહનના મમ્મી પપ્પાને મારાથી એક જ પ્રોબ્લેમ છે.

શું બેટા??

મારી નોકરી.એમનું એવું માનવું છે કે મારા પગારથી ઘરમાં કંઈ ફરક નહીં પડે.એમને એવું કહેવામાં થોડો સંકોચ આવે છે કે આટલા મોટા ઘરની વહુ શાળામાં એક સામાન્ય શિક્ષકની નોકરી કરે છે એ પણ માત્ર મામુલી પગાર માટે.

મમ્મી કોઈપણ શિક્ષક સાધારણ કઈ રીતે હોઈ શકે ?? શિક્ષકની નોકરી એ તો બહુ ગર્વની વાત છે. શિક્ષક કેટલા બાળકોના ભવિષ્યનું ઘડતર કરે છે. મને ખુદને કેટલી મજા આવે છે આ બાળકોને નવું નવું શીખવવાની અને એમની નિર્દોષ વાતો સાંભળવાની.

એ લોકો એવું કહે છે કે અમારી એક શરત છે કે શ્રધ્ધાએ પોતાની નોકરી છોડવી પડશે આપણું આટલું મોટું ઘર,આટલો મોટો બિઝનેસ, સમાજમાં આપણી આટલી પ્રતિષ્ઠા... આ બધા પ્રમાણે શ્રધ્ધાની નોકરી આપણા ઘરને શોભે નહીં.

સુજાતા બહેન પણ શ્રધ્ધાની વાત સાંભળી થોડા ઉદાસ થઈ ગયા એ પોતે પણ એક શિક્ષક હતા અને શિક્ષકનું મહત્વ અને કાર્ય સારી રીતે જાણતા હતા.

તેમણે શ્રધ્ધાને પૂછ્યું," આ બાબતમાં રોહનનું શું કહેવાનું છે બેટા"

મમ્મી રોહન મને સારી રીતે સમજી શકે છે. રોહનને મેં આપણા ઘરની બધી જ હકીકત જણાવી દીધી છે. અમે બંને ભાઈ બહેન નાના હતા ત્યારે કાર અકસ્માતમાં પપ્પાનું મૃત્યુ થયું. આપણા પર તો જાણે આભ તૂટી પડયુ. તુ સ્વમાની હતી એટલે ક્યારેય કોઈ પાસે હાથ લાંબો કરવાનું તો વિચારી જ ના શકે. મારા નાનાએ તને જે વસ્તુ કરિયાવરમાં આપી હતી એ હતા સંસ્કાર અને શિક્ષણ. તું તારા જમાનામાં પણ એમ.એ. પાસ હતી અને એ પછી તે તારા બધા ઘરેણા વેચી બી.એડ. ની ફી ની વ્યવસ્થા કરી અમારા બંનેનો ઉછેર કરતા બી.એડ પાસ કર્યું એ પણ ખૂબ સારા ટકા સાથે. એ પછી તરત જ તને શાળામાં શિક્ષકની નોકરી મળી ગઈ. શરૂઆતમાં પગાર ખૂબ ઓછો હતો પરંતુ સંતોષ

ખૂબ વધારે હતો.તારા સ્વભાવ અને કાર્યને કારણે તું બહુ જલ્દી વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગઈ. અમારા બંનેનો અભ્યાસ પણ તે ખૂબ જ સારી રીતે કરાવ્યો. કયારેય બહારનું ટ્યુશન લેવાની જરૂર જ ના પડી. આજે હું શિક્ષક છું અને ભાઈ ટૂંક સમયમાં છેલ્લી પરીક્ષા પાસ કરી કોમ્પ્યુટર એન્જિનિયર બની જશે. આ બધું કોના કારણે?તારા શિક્ષક હોવાના કારણે મમ્મી. તને સમાજમાં મળતું માન મે નાનપણથી આજ સુધી જોયું છે અને મારું એ જ સ્વપ્ન હતું કે હું પણ બહુ જલ્દીથી તારા જેવી શિક્ષક બની જાવ.

મમ્મી હું રોહનને ગુમાવવા નથી માંગતી અને સાથે સાથે મારું સપનું પણ જીવવા માંગુ છું. બસ હવે શું કરવું એ જ નિર્ણય નથી લઈ શકતી

આ સાંભળી સુજાતા બહેનને ખરેખર પોતાના પર અને શ્રદ્ધા પર ગર્વ થયો અને બોલ્યા,"જો બેટા તારી બધી વાત સાચી છે. સ્ત્રી હોય કે પુરુષ દરેકને સપના જોવાનો અને એ પૂરા કરવાનો અધિકાર છે. રોહન તને સમજે છે એ બહુ સારી વાત છે પરંતુ એના મમ્મી પપ્પા સામે વાત કરવામાં એને પણ અમુક મર્યાદાઓ નડતી હશે. તું જરા પણ ચિંતા ના કરતી. રોહનના મમ્મી પપ્પાને હું સમજાવીશ. મને વિશ્વાસ છે કે એ લોકો ચોક્કસ સમજશે.

આ સાંભળી શ્રધ્ધા સુજાતા બહેનને ભેટી પડી.

નક્કી કર્યો પ્રમાણે રવિવારે સવારે રોહન એના મમ્મી પપ્પા સાથે શ્રદ્ધાના ઘરે આવ્યો. આજે આછા ગુલાબી રંગની સાડીમાં શ્રધ્ધા ખુબ જ સુંદર લાગતી હતી.

ઔપચારિકતા પતાવ્યા પછી શ્રધ્ધાના મમ્મીએ જ વાતનો દોર હાથમાં લીધો.

રેખાબહેન,હરીશભાઈ તમારા મનમાં કંઈ પણ વાત હોય તો રજુ કરી શકો છો જેથી આપણા બાળકો માટે આપણે કંઈક નિર્ણય લઈ શકીએ.

હરીશભાઈ બોલ્યા," જુઓ બહેન, રોહનની પસંદ એ અમારી પસંદ અમને શ્રધ્ધા દિકરી ખૂબ ગમે છે. બસ માત્ર એની શાળાની નોકરી અમને મગજમાં નથી બેસતી. જો છોડી શકે તો ખૂબ સારું રહેશે.

હવે સુજાતાબહેનને લાગ્યું કે સમય આવી ગયો છે પોતે જે કહેવા માંગે છે એ વાત રજૂ કરવાનો. તેઓ આત્મવિશ્વાસ સાથે બોલ્યા "જુઓ ભાઈ તમારા વિચારો પ્રમાણે કદાચ તમને શ્રધ્ધાની નોકરી નહીં ગમતી હોય પરંતુ સાચી રીતે તો શ્રધ્ધાની નોકરી એ માત્ર ટાઇમપાસનું સાધન નહીં પરંતુ પોતાનું ભણતર, જ્ઞાન અને ખુશી બીજા સાથે શેર કરવાનું એક માધ્યમ છે. શિક્ષક જેવું મહાન કાર્ય બીજા કોઈનું નથી. બાળકોને અક્ષર જ્ઞાન થી લઈને મોટા અધિકારી કે વૈજ્ઞાનિક બનાવવાનું કાર્ય શિક્ષક જ કરી શકે છે. આજે મારી કે તમારી કે કોઈના પણ જીવનની સફળતામાં સારા શિક્ષકોનું અમૂલ્ય યોગદાન રહેલું હોય છે. નાનપણથી મને જોઈને શ્રધ્ધાનું સપનું હતું કે એ પણ મારી જેમ શિક્ષક બને.શિક્ષકના પગાર કરતા પણ બાળકોને ભણાવવાનો આનંદ અને સમાજમાં મળતું માન ક્યાંય વધારે છે. શ્રધ્ધા પર મને પૂરી શ્રધ્ધા છે કે એ નોકરી કરતા કરતા પણ ઘરની જવાબદારીઓ નિભાવવામાં ક્યારેય પાછી નહીં પડે. હા જો એ નોકરી છોડી દેશે તો કદાચ મનથી ખુશ નહીં રહી શકે. એ બાળકો એની

નાની દુનિયાનો બહુ મોટો હિસ્સો છે. માફ કરશો હું એટલું જ કહીશ કે અહીં સવાલ માત્ર નોકરીનો નહીં પરંતુ શ્રધ્ધાની ખુશી અને સપનાનો પણ છે તો તમે એ બાબત પર ચોક્કસ વિચાર કરજો."

આ સાંભળી રેખાબહેન અને હરીશભાઈ સમજી ગયા કે પોતે ઉતાવળમાં શું ગુમાવવા જઈ રહ્યા હતા? તેમણે એકબીજા સાથે થોડી ચર્ચા પણ કરી.

હરીશભાઈ બોલ્યા," તમે બહુ સાચી વાત કરી બહેન. આજ તમારી વાત સાંભળી મને મારા શિક્ષકો યાદ આવી ગયા જેમણે મારા ભણતર સમયે ખૂબ સાથ આપ્યો હતો. આજે મારી સફળતામાં મને એમના યોગદાનની પણ ઝલક દેખાય છે. તમે તો અમારો દ્રષ્ટિકોણ જ બદલી નાખ્યો બહેન. શ્રધ્ધાને વહુ બનાવી અમે ગર્વથી કહી શકશુ કે અમારી આ દીકરી તો કેટકેટલા બાળકોના ભવિષ્યનાં ઘડતરનું કામ કરે છે. રોહન હવે જલ્દીથી જાન લઈને આવવાની તૈયારી કર"

આ સાંભળી બધાના ચહેરા પર ખુશી છવાઈ ગઈ અને સુજાતાબહેને બધાને મીઠું મોઢું કરાવ્યું.

રોહન અને શ્રધ્ધા એકબીજા સામે જોઇ સ્મિત આપી રહ્યા હતા અને દૂરથી ગીત સંભળાતું હતું,

અપને પ્યાર કે સપને સચ હુએ......